# મુક્તરાજ પરમ પૂજ્ય
# શ્રી નારાયણમામા


લેખન-સંકલન

રેખાબેન દવે અને પુનિતાબેન દવે



પ્રકાશક: narayanleela.org

# મુક્તરાજ પરમ પૂજ્ય શ્રી નારાયણમામા

લેખન-સંકલન

રેખાબેન દવે અને પુનિતાબેન દવે

પ્રકાશક: narayanleela.org

સર્વોપરી આદર્શ તત્ત્વજ્ઞાનરૂપ વિશિષ્ટાદ્વૈત મતને

શ્રીમુખવાણી વચનામૃત દ્વારા વિશિષ્ટરૂપે સરળ

ભાષામાં સચોટ રીતે પ્રતિપાદિત કરનાર,

શિક્ષાપત્રી રચી સર્વજીવહિતાવહ આદર્શો આપી

ધર્મશુદ્ધિ, ચારિત્રશુદ્ધિ તથા વ્યવહારશુદ્ધિ દ્વારા

જીવોને સર્વોત્કૃષ્ટ આત્યંતિક કલ્યાણરૂપ અભ્યુદય

સાધનાર પરાત્પર પૂર્ણ પુરુષોત્તમ શ્રી

સ્વામિનારાયણ ભગવાનના શ્રીચરણોમાં શતકોટિ

પ્રણિપાત!

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.



પરમ ધ્યેયસ્વરૂપ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

શ્રી સ્વામિનારાયણીય તત્ત્વજ્ઞાન તેમજ શ્રીહરિની

સર્વોપરી ઉપાસનાના અદ્વિતીય - અજોડ પ્રણેતા,

શ્રીમુખવાણી વચનામૃતના રહસ્યજ્ઞાન પ્રદાતા

એવા શ્રીજી સંકલ્પસ્વરૂપ પરમ કૃપાળુ અનાદિ

મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રીના શ્રીચરણોમાં

કોટી કોટી વંદન સહ શ્રદ્ધાસુમન સમર્પિત!

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.



કારણ સત્સંગના અદ્વિતીય પ્રણેતા
અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રી

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

શ્રી સ્વામિનારાયણીય સર્વોપરી તત્ત્વજ્ઞાનના

અમૃતસ્રોતને શ્રીજીસંકલ્પ અનાદિ મહામુક્તરાજ

શ્રી અબજીબાપાશ્રીએ કરુણા કરી માનવકુળ ઉપર

વહેવડાવ્યો તેને સ્વાતિબિંદુને ઝીલનાર છીપની

જેમ અધ્ધરથી ઝીલી લઇ વચનામૃત રહસ્યાર્થ

તેમજ વાતોરૂપ વચનમૌક્તિકો પ્રગટ કરી

મુમુક્ષુઓને આંતરિક રીતે સમૃદ્ધ બનાવનાર,

દાસત્વ અંગના પ્રતીક અ. મુ. સ. ગુ. શ્રી

ઇશ્વરચરણદાસજી સ્વામીને સ્નેહસભર વંદન!

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.



અ. મુ. સ. ગુ. શ્રી ઇશ્વરચરણદાસજી સ્વામી

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રીનો

કૃપાપ્રસાદ પામી સર્વોપરી શ્રી સ્વામિનારાયણ

ભગવાનના વ્યતિરેક દિવ્ય સ્વરૂપનો પોતાના

આત્માને વિષે સાક્ષાત્કાર કરી અનાદિ મુક્તની

સર્વોચ્ચ સ્થિતિએ આરૂઢ થઇ અન્ય પાત્ર મુમુક્ષુ

આત્માઓને એવી દિવ્ય સ્થિતિનો અનુભવ

કરાવનાર મૂર્તિમાન જ્ઞાનસ્વરૂપ એવા અ. મુ. સ.

ગુ. શ્રી વૃંદાવનદાસજી સ્વામીને હૃદયની ભાવોર્મિ

સહ વંદન!

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.



અ. મુ. સ. ગુ. શ્રી વૃંદાવનદાસજી સ્વામી

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

‘શિક્ષાપત્રી રહસ્યાર્થ’ નામના ઉત્કૃષ્ટ ગ્રંથ દ્વારા

શ્રીહરિ રચિત શિક્ષાપત્રીના પરોક્ષાર્થ તેમજ

પ્રત્યક્ષાર્થને સુસ્પષ્ટ રીતે પ્રગટ કરી સત્સંગસમાજ

તેમજ સમગ્ર માનવકુળને ઉપકૃત કરનાર અને

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રી થકી

અનાદિ મુક્તની દિવ્ય સ્થિતિ પ્રાપ્ત કરનાર,

અખંડ શ્રીહરિની મૂર્તિનું જ મનન કરનાર એવા અ.

મુ. સ. ગુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી

સ્વામીના પદારવિન્દમાં પુનઃ પુનઃ વંદન!

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.




અ. મુ. સ. ગુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાન તથા કારણ સત્સંગના અદ્વિતીય પ્રણેતા, શ્રીજીસંકલ્પ સ્વરૂપ અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રીનું વિધાન "આ અમારા ઠાવકા પંડયા છે. આ પંડયાને અમે પ્રમાણ કર્યા છે." તથા જેમને 'હરતો-ફરતો બ્રહ્મયજ્ઞ' તરીકે સંબોધવામાં આવતા એવા કારણ સત્સંગના સમર્થ સૂત્રધાર અ. મુ. પ. પૂ. શ્રી સોમચંદબાપાના ચરણોમાં ભક્તિભાવ સહ વંદન!

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.



અનાદિ મુક્તરાજ પરમ પૂજ્ય શ્રી સોમચંદભાઈ મહેતા

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# અર્પણ

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા

કારણ સત્સંગના અદ્વિતીય પ્રણેતા શ્રીજી

સંકલ્પસ્વરૂપ અનાદિ મહામુક્તરાજ શ્રી

અબજીબાપાશ્રીએ પ્રબોધેલા રહસ્યજ્ઞાનને જેમણે

સ્વાનુભવમાં આત્મસાત્ કરીને વૈજ્ઞાનિક

પરિપ્રેક્ષ્યમાં પ્રગટાવી અનેકને આધ્યાત્મિક

પથદર્શન કરાવ્યું છે એવા કરુણામૂર્તિ, પરમ

વાત્સલ્યસ્વરૂપ સદ્‌ગુરુવર્ય અનાદિ મુક્ત પરમ

પૂજ્ય શ્રી નારાયણભાઈ ઠક્કરના અજ્ઞાનવિદારક

શ્રીચરણોમાં સાદર સમર્પિત!

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.



અનાદિ મુક્તરાજ પરમ પૂજ્ય શ્રી નારાયણભાઈ ઠક્કર

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# નિવેદન

નારાયણલીલા.org ના સ્વયંસેવકો આપણા લાડીલા ગુરુ, “મામા” તેવા હુલામણા પ્રેમપૂર્ણ સંબોધનથી જાણીતા, સંતવર્ય અનાદિ મુક્તરાજ પરમ પૂજ્ય શ્રી નારાયણભાઈ ગીગાભાઇ ઠક્કરની જીવન ઝરમર, સંગીત-રચના રૂપે, તેમના શતાબ્દી વર્ષે સત્સંગ સમક્ષ દાસભાવે રજુ કરી હતી. આ રજૂઆતમાં તેવી ભાવના હતી કે વધુ અને વધુ લોકો અનાદિ મુક્તરાજ પરમ પૂજ્ય શ્રી નારાયણમામાને ઓળખે અને તેમના જીવનમાંથી પ્રેરણા મેળવી શકે. છેલ્લા ૩ વર્ષો દરમ્યાન તે રચનાને પુસ્તકરૂપે રજુ કરવાના અનેક સૂચનો આવ્યા હોવાથી, આજે તે રચના સત્સંગ સમક્ષ પુસ્તકરૂપે મુકીયે છીએ.

આજનો યુગ સરળ પણ છે અને વિષમ પણ છે. ઘણી રીતે માનવ જીવનમાં વ્યવસ્થા અને સગવડો વધી છે તો બીજી બાજુ જીવનમાં સંઘર્ષ, હરીફાઈ, અને અનેક અન્ય દોષો ઘર કરી ગયા છે. દરેક પરિસ્થિતિમાં કઈ રીતે પ્રભુને મુખ્ય રાખી, સરસ રીતે જીવન પસાર કરવું તે આપણે અનાદિ મુક્તરાજ પરમ પૂજ્ય શ્રી નારાયણમામાના જીવનમાંથી જરૂર શીખીએ.

તો આપણે શ્રીજી મહારાજ, શ્રી અબજી બાપાશ્રી તથા અનંત અનાદિ મુક્તોને પ્રાર્થના કરીયે કે આપણા આ કાર્યમાં તેઓ આપણી ભેળા રહી તેને ઉત્તમમાં ઉત્તમ રીતે સંપન્ન કરાવે. તે પ્રાર્થના સાથેજ આ પુસ્તક જેમના જીવનની ઝાંખી કરાવે છે તેવા બત્રીશ-લક્ષણા પરમ સંત, પરમ પૂજનીય, પ્રાતઃ સ્મરણીય, અનાદિ મુક્તરાજ પરમ પૂજ્ય શ્રી નારાયણમામાને શત-શત સાષ્ટાંગ દંડવત સહીત શિષ નમાવિએ.

વાણીનો પ્રવાહ એકધારો રહે તે માટે દરેક જગ્યાએ “અનાદિ મુક્તરાજ પરમ પૂજ્ય શ્રી નારાયણમામા” કે “અનાદિ મુક્તરાજ પરમ પૂજ્ય શ્રી લીલામાસી” કે “અનાદિ મુક્તરાજ પરમ પૂજ્ય શ્રી શાકુબા” ન લખતા માત્ર “પૂજ્ય શ્રી

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

નારાયણમામા" કે "પૂજ્ય શ્રી લીલામાસી" કે "પૂજ્ય શ્રી શાકુબા" તેવું સંબોધન કર્યું હોય તેમાં વાચકવર્ગે સદાય પૂરું સંબોધન સમજવા વિનંતી.

પુસ્તકમાં કુલ ૧૨ પ્રકરણ છે. દરેક પ્રકરણમાં ગદ્ય અને પદ્ય બંને છે. મોટા ભાગના કીર્તનો નંદ સંતોના રચેલા છે. દરેક પ્રકરણ અનાદિ મુક્તરાજ પરમ પૂજ્ય શ્રી નારાયણમામાના જીવનના એક પાંસાને આવરી લે છે. તેમના વિષે તો કહીયે તેટલું ઓછું છે અને તેમના જીવનના પ્રસંગો લખે પાર આવે તેમ નથી. પરંતુ શ્રીજીમહારાજ, શ્રી અબજી બાપાશ્રી, તથા અનંત મુક્તોને રાજી કરવા તેમના પણ લાડીલા મુક્તરાજના જીવનને ઉત્સવરૂપ બનાવવાનો આ અમારો નમ્ર પ્રયાસ છે. આ પુસ્તક https://www.narayanleela.org/publications/ Website પર ઉપલબ્ધ છે.

આ પુસ્તકમાં ફાળો આપનાર તથા સહભાગી થનાર સ્વયંસેવકોનો નારાયણલીલા.org હૃદયપૂર્વક આભાર માને છે. શ્રીજી મહારાજ, શ્રી અબજી બાપાશ્રી તથા પોતાના ગુરુને નતમસ્તક થઈ આ પુસ્તક અર્પણ કરતા તેવી વિનમ્ર પ્રાર્થના કરે છે કે આ પુસ્તકમાં ફાળો આપનાર તથા ભાવથી વાંચનાર વાચક પર તેઓ કૃપા કરી તેમને શ્રીજીમહારાજની મૂર્તિના સુખના અધિકારી બનાવે.

શ્રી નારાયણમામા પ્રાગટ્ય દિન
તા. ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૫, રવિવાર
narayanleela.org પ્રકાશન સમિતિના
જય શ્રી સ્વામિનારાયણ!

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

**દિવ્ય પ્રેરણા**

સદ્દગુરુવર્ય અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ઠક્કર

**લેખન-સંકલન**

અ.મુ. શ્રી પુનિતાબેન દવે

કીર્તન સિલેકશન - રેખાબેન દવે અને પુનિતાબેન દવે

**પ્રથમ આવૃત્તિ**

મૂલ્ય: અમૂલ્ય

**પ્રકાશન તારીખ**

તા. ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૫, રવિવાર

**પ્રકાશક**

© narayanleela.org

(રજી. નંબર 803671974, Registered in State of Texas)

Contact: info@narayanleela.org

**મુદ્રક**

અ.મુ. શ્રી પુનિતાબેન દવે

# મુક્તરાજ પરમ પૂજ્ય
# શ્રી નારાયણમામા

# અનુક્રમણિકા


૧. શ્રી અબજી બાપાશ્રીનો મેળાપ................................૨૪

૨. બાલ્યકાળ..........................................................૨૮

૩. બાળ-ભક્ત..........................................................૩૨

૪. અભ્યાસ..............................................................૩૬

૫.પૂજ્ય શ્રી શાકુબા..................................................૪૨

૬. પૂજ્ય શ્રી લીલામાસી............................................૪૬

૭. દિવ્ય ગૃહસ્થજીવન..............................................૫૦

૮. સત્સંગ................................................................૫૭

૯. વ્યવસાય.............................................................૬૩

૧૦. સર્વજીવહિત......................................................૭૩

૧૧. સ્વાસ્થ્ય તથા દેહ-વિલય.....................................૮૦

૧૨. પૂજ્ય શ્રી નારાયણમામાશ્રી..................................૮૭

# પ્રકરણ ૧ - શ્રી અબજી બાપાશ્રીનો મેળાપ

## પ્રસંગ

આજે વિક્રમ સંવત ૨૦૫૧ પ્રબોધિની એકાદશીનો પવિત્ર દિવસ છે. ગુજરાતના ભુજ નજીક આવેલ બળદિયા (વૃષપુર) ગામ બહાર સ્થિત શ્રી અબજી બાપાશ્રીની છતેડીએ માનવ સાગર ઉમટી પડયો છે. આજે સૌના લાડીલા સ્વતઃસિદ્ધ અનાદિ મહામુક્તરાજ શ્રી અબજી બાપાશ્રીના સાર્ધ શતાબ્દી મહોત્સવમાં શ્રી અબજી બાપાશ્રીના પ્રાગટ્યનો દિવસ છે. સમગ્ર મહોત્સવમાં ઠેર-ઠેર સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સ્વરૂપમાં રસબસ થઇ તેમના અનવધ્યાતીક દિવ્ય સુખ પામવાની વાતો અને તેની અનુભૂતિ થઈ છે. દરેકના હૈયા આજે પ્રભુનાં દિવ્યાનંદમાં હિલોળા લઇ રહ્યાં છે. તેનો દિવ્ય શાંતિમય હર્ષોલ્લાસ સમાયો સમાતો નથી. સવારનો પહોર છે. મંદિરમાં મૂર્તિના અભિષેકની તૈયારીઓ થઇ રહી છે. “સ્વામિનારાયણ ભગવાનની જય”, “બાપાશ્રીની જય” એવા જયઘોષ આજે આકાશ ગજાવી રહ્યા છે. પવન દેવ પણ જાણે તે નામ-ધ્વનીને દૂર સુધી પ્રસારવા માંગતા હોય તેમ મંદ-મંદ વહી રહ્યા છે. સ્વામિનારાયણ નામની ધૂન વાતાવરણમાં ગુંજી રહી છે.

હરિભક્તો અને સંતો સર્વે મંદિરમાં એકત્ર થઇ ગયા છે. સામે બાઈઓના મંદિરમાં બહેનો સર્વે એકત્ર થઇ મંગળ કીર્તનો ગાઈ રહ્યા છે. બધા આજે સહજાનંદના રંગે રંગાયેલા છે. દિવ્યાનંદમાં તરબોળ સૌ અભિષેકના દર્શન ક્યાંથી સારા થશે તેમ વિચારી રહ્યા છે. ત્યાં તો મંત્રોચ્ચાર અને જનમંગળ સ્તોત્ર સાથે અભિષેક શરુ થઇ ગયો છે.

મુખ્ય મંદિરમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિને અભિષેક થઇ રહ્યો છે અને

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

અહીં બહેનોના મંદિરમાં બહેનો પ્રભુજીના દર્શન કરી રહ્યા છે. અરે! પણ આ શું? બહેનોના મંદિરમાં આપ મેળે જ અભિષેક થઈ રહ્યો છે! શ્રી અબજી બાપાશ્રીની મૂર્તિનું ધોતિયું પણ ભીનું થઈ ગયું. અભિષેકનું પાણી બહાર વહેતા બહેનો થોડી દૂર ખસી ગઈ. સર્વે બહેનોને આવા અનુપમ દર્શન થઈ રહ્યા છે. તે વાત તરત જ સઘળાં સમુદાયમાં પ્રસરી ગઈ અને જેવો મોટા મંદિરમાં અભિષેક પત્યો કે સર્વે બહેનોના મંદિરમાં દર્શન કરવા આવ્યા. પ્રભુજીનો આવો પ્રતાપ અને ચમત્કાર સર્વે નજરે નિહાળી રહ્યા છે. અભિષેકના પાણીમાં જેને જે હાથ આવ્યું તે - ચોખ્ખું વસ્ત્ર, પૈસાની નોટો કે સિક્કાઓ, રૂમાલો વગેરે બોળી પ્રસાદીનું કરી લીધું છે. કેવું અનેરું સંભારણું!

## <u>વૃત્તવર્ણન</u>

એમ કહેવાય છે કે જયારે પૂજા-સેવા કરવાવાળા ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિના હોય ત્યારે પ્રભુ પોતે પ્રતિમાભાવ ત્યાગ કરી તે ભક્ત સાથે વાતો કરે છે, હસે છે, બોલે છે, બધી ક્રિયા કરે છે અને પ્રત્યક્ષપણાનો અનુભવ કરાવે છે. ઈ. ૧૯૯૪ ૧૩ નવેમ્બરનો આ ચમત્કારિક અદ્વિતીય અભિષેક આવો જ એક પ્રસંગ હતો અને તે અભિષેકના કરનાર અન્ય કોઈ નહિ પણ આપણા સૌના લાડીલા ગુરુવર્ય પૂજ્ય શ્રી નારાયણભાઈ ગીગાભાઇ ઠક્કર હતા. મુખ્ય મંદિરમાં તેમણે અભિષેક કર્યો ત્યારે બહેનોના મંદિરમાં બેઠેલા ૮૦ વર્ષના વયોવૃદ્ધ, પ્રેમલક્ષણા ભક્તિએ યુક્ત એક ત્યાગી બાઈને તેવો ઓરતો થયો કે “હું ગૃહસ્થ હોત અથવા પુરુષ હોત તો મને પણ પૂજ્ય શ્રી નારાયણમામા અભિષેક કરે છે તેના દર્શન થાત.” તેમની ખરા હૃદયથી થયેલી આ પ્રાર્થનાને શ્રીજીમહારાજ, શ્રી અબજી બાપાશ્રી તથા પૂજ્ય શ્રી નારાયણમામાએ તુરત સાંભળી અને બહેનોના મંદિરમાં પણ ચમત્કારિક રીતે અભિષેક થયો. ન માત્ર તે જ, પણ પૂજ્ય શ્રી નારાયણમામા તથા પૂજ્ય શ્રી લીલામાસીના નિવાસસ્થાન

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

- ૧ સર્વમંગળ સોસાયટી, નારણપુરા, અમદાવાદમાં પણ અભિષેક થયો, જેનું પાણી પણ બહાર નીકળી દરવાજા સુધી પહોંચ્યું. આ પરચાને અનેક લોકોએ નિહાળ્યો અને પૂજ્ય શ્રી નારાયણમામાએ પોતે પ્રમાણ કર્યો.

શ્રી અબજી બાપાશ્રીના આ મહોત્સવે પૂજ્ય શ્રી નારાયણમામાએ આવેલા બાઈ-ભાઈ તેમજ આવવાની ઈચ્છા ધરાવતા પણ ન આવી શકેલા બાઈ-ભાઈ સર્વેને છેલ્લા જન્મના આશીર્વાદ આપ્યા હતા. તેવા આશીર્વાદ કોણ આપી શકે? કોઈ સામાન્ય મનુષ્ય કે જીવ તેવા આશીર્વાદ આપવાનો સંકલ્પ પણ કરી શકે ખરો? જેમને શ્રીજીમહારાજનો અને શ્રી અબજી બાપાશ્રીનો સાક્ષાત સંબંધ હોય તે જ આવા આશીર્વાદ આપી શકે!

પૂજ્ય શ્રી નારાયણમામાનો શ્રી અબજી બાપાશ્રી સાથેનો પરલોકનો સંબંધ તો ચિરકાલીન હતો, છે, અને રહેશે પણ આ લોકની દૃષ્ટિએ પણ ઘણા વર્ષોનો. પૂજ્ય શ્રી નારાયણમામા જ્યારે માત્ર 11 માસના હતાં ત્યારે શ્રી અબજી બાપાશ્રી તેમના માતા-પિતા પૂજ્ય શ્રી શાકુબા તથા પૂજ્ય શ્રી ગીગાબાપાને ઘેર લઘુ કરવાને બહાને પધારી પૂજ્ય શ્રી નારાયણમામાને પોતાના ભાલમાંના ચાંદલાના કંકુથી ચાંદલો કરી કહ્યું હતું કે, "તમારા પુત્ર તો મહામુક્ત છે અને શ્રીજીમહારાજે તેમને અનેક જીવોના કલ્યાણ કરવા અને સર્વજીવહિતાવહ કાર્યો કરવા મોકલેલ છે." તે સમયે જાણે શ્રી અબજી બાપાશ્રીએ પૂજ્ય શ્રી નારાયણમામાના જીવનનો સાર કહી દીધો! આ રીતે પૂજ્ય શ્રી નારાયણમામાએ પોતે એક વર્ષના પણ નહોતા થયા ત્યાં હરિવરનું સગપણ સાચું કરી લીધું હતું. શ્રી અબજી બાપાશ્રીએ તેમને ચાંદલો કર્યો ત્યારે તેમના હૃદયના ભાવો પ્રેમાનંદ સ્વામીના આ કીર્તન જેવાજ હશે ને!

**મુને મળ્યા સહજાનંદ સ્વામી, સચ્ચિદાનંદ અંતરજામી. ૧**

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

હું તો થઈ છું હવે સત્સંગી, મારે પ્રભુ સાથે પ્રીત અભંગી. ૨
મારા સર્વે તે કારજ સીધાં. વર્તમાન સ્વામીજીનાં લીધા. ૩
મારે માથે છે સ્વામીની છાપ, સર્વે પુરૂષ કીધા માઈબાપ. ૪
દુરિજનિયાંને વેણે ન દાઝું, સ્વામિનારાયણ કહેતાં ન લાજુ. ૫
હું તો બેઠી છું હરિવર ધારી, પ્રેમસખી ના સ્વામી પર વારી. ૬

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# પ્રકરણ ૨ - બાલ્યકાળ

## વૃત્તવર્ણન

પૂજ્ય શ્રી નારાયણમામાનો જન્મ ધ્રાંગધ્રા ગામે ઈ. ૧૯૨૨ની ૧૬ ફેબ્રુઆરીના રોજ સવારના ૧૦:૪૬એ થયો. માતુશ્રી-પિતાશ્રી પૂજ્ય શ્રી શાકુબા તથા પૂજ્ય શ્રી ગીગાબાપા કુશળ શ્રમિક હતા અને રસ્તા બનાવવાનું કાર્ય કરતાં. આગળ જતા સત્સંગી હરિભક્ત પૂજ્ય શ્રી શિવલાલભાઈની પ્રેરણા તથા સહાયથી તેઓ રસ્તા બનાવવા તેમજ મંદિરોના ચણતરના ઠેકેદાર બન્યા. મોટાભાઈ પૂજ્ય શ્રી હરજીવનભાઇ નાની ઉમ્મરમાં જ પિતાશ્રી સાથે કામમાં જોડાઈ ગયા હતા. ત્યાર પછીના પૂજ્ય શ્રી ગોદાવરીબેન ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય ભક્ત હતા. એક વખત તેઓ પંચતીર્થી કરતા પંચાળા પહોંચ્યા અને ત્યાં સ્વામિનારાયણ ભગવાનની રાસલીલાના દિવ્ય દર્શન થયા. તે સાથે જ શ્રીજીમહારાજે તેમને કહ્યું કે આવતી કાલે તમને ધામમાં તેડી જઈશું. પ્રભુના ભક્તને તો પ્રભુ લેવા આવે તેથી મોટી હરખની વાત બીજી શું હોઈ શકે! ત્યાર પછીના ભાઈ પૂજ્ય શ્રી અમૃતલાલભાઈ વ્યવસાયે ડૉક્ટર અને ખૂબ જ સેવાપરાયણ. ત્યારબાદ બહેન પૂજ્ય શ્રી માણેકબા અને ત્યારબાદ પાંચમાં આપણા પૂજ્ય શ્રી નારાયણમામા.

મુક્તરાજ કુટુંબમાં સૌથી નાના, એટલે સૌના લાડકા. મોટા ભાઈ-બહેન, માતા-પિતા બધા તેમને લાડ લડાવે. ઉજળો વાન, લોભાવતુ ભોળપણ, શાંત સ્વભાવ, સ્મિત વેરતું મુખકમળ, સહેજે જ સહુના મનને હરી  લેતું. બાળ સહજ વર્તન પર આધ્યાત્મિક આભાનો પ્રભાવ સહુને તેમની પ્રત્યે આકર્ષી લેતો. સહુ કોઈનો પ્રેમ અને કેળવણી પામતા આપણા પૂજ્ય શ્રી નારાયણમામા તે સર્વેના સદગુણોનો સમન્વય બની રહ્યા. સરળતા, સાલસતા, ભોળપણ, ભક્તિભાવ, સેવા પરાયણતા, ધર્મ પાલન, વગેરે

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

ગુણો બાળપણથીજ તેમનામાં વિદ્યમાન હતા.

આનંદ-કિલ્લોલમાં વર્ષો પસાર થતા હતા. પણ ભગવાન પોતાના લાડીલા અનાદિ મુકતો દ્વારા અન્ય જીવોને શીખવે છે. ગમે તે મુશ્કેલી કે પરિસ્થિતિમાં સ્થિતપ્રજ્ઞ રહી પરિસ્થિતિમાંથી પ્રભુ-પરાયણતા સાથે પસાર થવું તેવો બોધ આપે છે. તે સત્ય જાણે તાદૃશ થતું હોય તેમ, પૂજ્ય શ્રી નારાયણમામા હજુ માંડ પાંચ વર્ષના થયા હશે કે તેમના પિતાશ્રી, પૂજ્ય શ્રી ગીગાભાઇ ઠક્કર, શ્રીજીમહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા.

## પ્રસંગ

અણધારી આપત્તિ આવી પડી છે. પાંચ બાળકો અને દુર્બળ વ્યવહાર. શું કરવું? કેમ થશે? બાળકોના ભણતર, ઉછેર, લગ્ન, વગેરે બધું કઈ રીતે પાર પડશે? એકલે હાથે બધું કેમ કરીશ? ક્યાં જઈશ? આવા અનેકાનેક પ્રશ્નો પૂજ્ય શ્રી શાકુબાને ઘેરી વળ્યા છે. તેમાં પાછો પૂજ્ય શ્રી ગીગાબાપાની ગેરહાજરીનો વિરહ પણ અનુભવાય રહ્યો છે. પોતાના માઁ ને આવા વ્યાકુળ જોઈ પૂજ્ય શ્રી નારાયણમામા તેમની બાળવાણીમાં તેમને કહે છે, “માઁ! તમે ફિકર ન કરો. ભગવાન સ્વામિનારાયણ બધું સારું કરશે. ચાલો આપણે તેમને સંભારીએ એટલે તેઓ માર્ગ સુજાડશે.” શ્રી અબજી બાપાશ્રીના મુક્તરાજ વિશેના વચન પૂજ્ય શ્રી શાકુબાને બરાબર યાદ છે. એટલે કુટુંબના સર્વે શ્રીજીમહારાજની પ્રાર્થના કરવા બેઠા છે:

**રાગઃ લલિતવૃતમ્**

**નમન હું કરૂં વિશ્વપાળને, કરગરી કહું ભક્તિ બાળને,**
**અરજ માહરી ઊરમાં ધરો, વિપત્તિ માહ્યરી શ્રીહરિ હરો. ૧**
**અવર આશરો માહરે નથી, સર્વ જાણને શું કહું કથી,**
**કઠણ કાળમાં આપછો ધણી, સુખદ શામળા મુક્તના મણી.૨**

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

**અમરના પતિ આશ તાહરી, રસિક રાખજો લાજ માહરી,**
**પ્રણતપાળ છો સર્વેના પ્રભુ, દિન દયાળ છો વિશ્વના વિભુ. ૩**
**વિમળ મુરતિ ઊરમાં વસો, નજરથી પ્રભુ દૂર ના થશો,**
**અધિક ત્રાસને તોડી નાખશો, બ્રહ્માનંદને પાસ રાખશો. ૪**

આ રીતે શ્રીજીમહારાજને પ્રાર્થના કરી પૂજ્ય શ્રી શાકુબા પ્રભુને અતિ દાસભાવે કહી રહ્યા છે, "હે મહારાજ! તમે જે ધાર્યું તે યોગ્ય જ હશે. તેમાં તો કોઈ શંકા નથી. તમે તમારા લાડીલા મુક્તની આ લોકની ઉછેર કરવારૂપી સેવા આપી છે. પણ અત્યારે પરિસ્થિતિ તેવી છે કે હું તે સેવા કઈ રીતે કરીશ તે સમજ પડતી નથી. મને તેમ થાય છે કે તેમને લાડ લડાવું, સારા વસ્ત્રો, ભોજન, ભણતર વગેરે બધું કરું, પણ હું કેમ કરું?" પૂજ્ય શ્રી નારાયણમામા તેમને હિમ્મત આપી રહ્યા છે, "માઁ! તમે મારી ફિકર ન કરો. શ્રીજીમહારાજના મુક્તોને આ પૃથ્વીનું કોઈ પણ પદાર્થ અલભ્ય નથી. તમારો પ્રેમ અને ભાવ, તે જ પૂરતા છે." તેમની પ્રાર્થના સાંભળી શ્રીજીમહારાજ પણ તુરત માર્ગ સુજાડે છે અને પૂજ્ય શ્રી શાકુબા સહકુટુંબ ધ્રાંગધ્રાથી વઢવાણ જવાનું નક્કી કરી છે.

## વૃત્તવર્ણન

દિવ્ય પ્રેરણાથી પૂજ્ય શ્રી શાકુબા પોતાના બાળકો સાથે ધ્રાંગધ્રાથી વઢવાણ માળિયાપામાં પૂજ્ય શ્રી ભગીરથીબાની બાજુના મકાનમાં રહેવા આવ્યા. મકાનમાં ભૂત-પ્રેતનો ઉપદ્રવ હતો પરંતુ પૂજ્ય શ્રી નારાયણમામાના દિવ્ય પ્રભાવથી તેઓ કઈ કરી શકતા નહિ. થોડા સમય પછી પૂજ્ય શ્રી નારાયણમામાએ તેમનો મોક્ષ કર્યો. મકાન માલિક પણ પૂજ્ય શ્રી નારાયણમામાનો આવો પ્રતાપ જોઈ ખૂબ પ્રભાવિત થયા. મકાન માલિકે તો તેવું માની લીધું હતું કે તેમના ઘરમાં હવે કોઈ રહી નહિ શકે અને કોઈ પડતર કિંમતે ઘર પડાવી લેશે. જ્યારે પૂજ્ય શ્રી શાકુબા

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

સહપરિવાર ચમત્કારિક રીતે ત્યાં રહેવા લાગ્યા ત્યારે મકાન માલિકે રાજી થઇ ભાડું લેવાનું બંધ કરી દીધું. પૂજ્ય શ્રી ભગીરથીબાના સાથ-સહકારથી કુટુંબ વઢવાણમાં બરાબર ગોઠવાઈ ગયું. પૂજ્ય શ્રી નારાયણમામાની ઉંમર ત્યારે આઠેક વર્ષની હતી.

ઉપરોક્ત પ્રસંગમાં આપણને તે જણાયા વગર નહિ રહે કે કોઈ પણ વિપદા આવી પડે તો તેમાં ધૈર્ય અને ધૃતિ રાખવી જ પડે. વિહવળતા, વ્યગ્રતા અને વ્યાકુળતા કોઈ પણ પ્રશ્નનો ઉકેલ નથી. શાંત ચિત્તે પ્રભુને સંભારી તેમાંથી માર્ગ શોધવો. વિપત્તિ આવે તો ભગવાન શ્રી સ્વામિનારાયણ સિવાય અન્ય કોઈની પાસેથી કોઈ જ અપેક્ષા રાખવી નહિ. પ્રભુને પ્રાર્થના કરવી કે “હે મહારાજ! આમાંથી કોઈ સરસ માર્ગ કાઢો.” શ્રીજીમહારાજ દરેકના જીવનના પરમ યોજક છે અને જેવો માર્ગ તેઓ કાઢે છે તેવો અન્ય કોઈ કાઢી ન શકે. આ વાત પૂજ્ય શ્રી નારાયણમામાએ પોતાના જીવનના આ પ્રસંગમાંથી આપણને શીખવી.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# પ્રકરણ 3 - બાળ-ભક્ત

## પ્રસંગ

વઢવાણ સ્વામિનારાયણ મંદિરમાં આજે ઉત્સવનું વાતાવરણ છે. સવારનો સમય છે. ભગવાનની શણગાર આરતી થઈ રહી છે. ધર્મ ધૂરંધર પરમ પૂજ્ય આચાર્યજી મહારાજ અને ગાદીવાળા આજે મંદિરમાં પધાર્યા છે. આચાર્યજી મહારાજ પધાર્યા છે તેવા સમાચાર અનેકને મળ્યા છે, અને હરિભક્તો મંદિરમાં ઉમટી આવ્યા છે. સૌ આચાર્યજી મહારાજના આશીર્વાદ લઇ બેસી ગયા છે. બહેનો પણ પૂજ્ય શ્રી ગાદીવાળાના આશીર્વાદ લઇ બેઠા છે. પૂજ્ય શ્રી ગાદીવાળા પણ પડદે બેઠા છે. સાંભળ્યું છે કે અહીં એક બાળક ખૂબજ સરસ કીર્તન ગાય છે અને ભગવાન પોતે તેમની સાથે વાતો કરે છે. મંદિરના સ્વામી ભક્તિપ્રિયદાસજીએ આ બાળ-ભક્તનો શ્રીજીમહારાજ સાથેનો વાર્તાલાપ સાંભળ્યો છે. સહુ આતુરતાથી આ બાળ-ભક્તના કીર્તનો સાંભળવા વાટ જોઈ રહ્યા છે. 100થી પણ વધુ ચોસર કીર્તનો કંઠસ્થ કરેલ સોહામણા અને સુમધુર કંઠથી અત્યંત ભાવ સહિત ગાતા આ બાળ-ભક્ત કીર્તન ગાવાનું શરૂ કરે છે. કીર્તનમાં એવો તો ભાવ છે કે શ્રોતાઓ સર્વે ગદ્દ-ગદ્દ થઇ રોમાંચિત ગાત્રે, એક-ચિત્તે, તલ્લીન થઈ સાંભળી રહે છે.

**ગોપીનાથ આવો મારે ઓરડેનું 3જું પદ**

**પ્યારા મુજને લાગી તારી મોહની, રસિયાવર રે તારું જોઈને રૂપ...મુજ૦૧**
**તારાં નેણ ચપળ ચિત્તને હરે, મીઠી મુખની રે સુણી વાણી અનુપ...મુજ૦૨**
**વાંકી પાઘમાં તોરા ઝૂકી રહ્યા, જોતાં હૈડે રે ફૂલડાં કેરા હાર...મુજ૦૩**
**અંગોઅંગમાં આભ્રણ ફૂલનાં, તેને નીરખી રે વાધ્યો વિરહ અપાર...મુજ૦૪**
**તારા મુખ પંકજને માવજી, જોતાં નેણાં રે મારાં તૃપ્ત ન થાય...મુજ૦૫**

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

**તમને અણદીઠે થાઉં આંધળી, જોતા રસિયા રે હૈડે હરખ ન માય...મુજ૦૬**
**હું તો પ્રેમદીવાની થઈ રહી, તેણે ભૂલી રે જૂઠો જગ વહેવાર ..મુજ૦૭**
**મુક્તાનંદના પ્રીતમ નહિ તજુ, કરી રાખીશ રે મારા હૈડાના હાર...મુજ૦૮**

કીર્તન પત્યા સુધીમાં તો સર્વે ભાવવિભોર થઇ ગયા છે. પ્રભુમાં ઓત-પ્રોત થઈ ગયા છે. કીર્તન-ભક્તિમાં આટલું બધું જોર તો પહેલા ક્યારેય અનુભવ્યું નથી. જો આવી રીતે દરરોજ કીર્તન ગાઈએ તો પ્રભુ-મિલન થયા વગર રહે નહિ, તેમ સર્વેને મનમાં થઈ રહ્યું છે. કીર્તન પત્યા પછી તો થોડીક ક્ષણો સર્વે પ્રભુ-પ્રેમમાં રાચતા રહ્યા. પછી આચાર્યજી મહારાજ ઉભા થયા અને તાળીઓથી આ બાળ-ભક્તને વધાવી લીધા છે.

હરિભક્તો ગયા પછી તેઓ મંદિરના સાધુ શ્રી ભક્તિજીવનદાસજીને પૂછે છે, “આ બાળ-ભકત કોણ છે?”

સાધુ ભક્તિજીવનદાસજી કહે છે, “તેઓ અહીં દરરોજ આવે છે. નાનપણમાં મેં તેમને કંઠી બાંધી છે. તેઓ જયારે અહીં આવી કીર્તન ગાય છે ત્યારે પ્રભુ પ્રતિમાભાવ છોડી તેમની સાથે વાતો કરે છે. અને તે વાતો કરતા મેં પોતે મારા કાને સાંભળ્યા છે. મેં મારી નજરે નિહાળ્યું છે કે ભગવાન પોતે પ્રગટ થાય છે, તેમને ભેટે છે, અને હાથના લટકા કરતા વાતો કરે છે.”

“અહો! એમ?”

“હા, તેઓ પ્રભુના મોટા મુક્ત છે.”

આચાર્યજી મહારાજ બાળ-ભક્તને નામ પૂછે છે, “તમારું નામ શું છે?”

બાળ-ભક્ત  જવાબ આપે છે, “નારાયણભાઈ ગીગાભાઇ ઠક્કર”

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

અહીં બહેનોના વિભાગમાં પૂજ્ય શ્રી ગાદીવાળા પૂછે છે, “આ કોના પુત્ર છે? કેટલાં સરસ કીર્તન ગાય છે.” અન્ય બહેનો પૂજ્ય શ્રી શાકુબાની ઓળખાણ કરાવે છે. પૂજ્ય શ્રી શાકુબા વિનમ્રતાપૂર્વક પોતાના પુત્ર, આપણા પૂજ્ય શ્રી નારાયણમામાના કીર્તનના વખાણ સાંભળી રહે છે. ત્યાં તો કોઈ પૂછે છે, “આટલી નાની ઉંમરમાં આટલી બધી ભક્તિ અને ભાવનું સિંચન તમે શી રીતે કર્યું?” પૂજ્ય શ્રી શાકુબા કહે છે, “તે તો પ્રથમથી જ ખૂબ જ પ્રભુ-પરાયણ છે. અમે ધ્રાંગધ્રા હતા ત્યારે પણ સાવ નાની ઉંમરમાં જયારે બાળકોનું ચિત્ત રમવામાં હોય ત્યારે તે રમવાનું મૂકી મારી સાથે મંદિર આવવા તત્પર રહેતા. અમે બંને દરરોજ મંદિર જતા. અહીં વઢવાણ આવ્યા પછી પણ તે નિયમ ચાલુ રાખ્યો છે. અહીં હરિસ્વરૂપ સ્વામી વગેરે સંતોને તેઓ પોતાના સુંદર અક્ષરોમાં ગુટકા લખી આપે છે. તે સંતોએ તેમને કીર્તનો શીખવ્યા છે અને તેમણે પોતે કંઠસ્થ કરેલા છે.”

## વૃત્તવર્ણન

પૂજ્ય શ્રી નારાયણમામા ધ્રાંગધ્રાથી જ પૂજ્ય માતાશ્રી શાકુબા સાથે દરરોજ મંદિરે જતાં અને વઢવાણ આવ્યા પછી પણ તે ક્રમ ચાલુ જ હતો. અનાદિ મુક્ત ભક્તિજીવનદાસજીએ તેમને કંઠી બાંધી હતી અને પૂજા આપી હતી. પૂજ્ય શ્રી નારાયણમામા જેવા મુક્તને પ્રભુ સાથે અવિરત સંબંધ હોય અને સામાન્ય મનુષ્યની જેમ તેમના સાધન, ભક્તિ આદિક ન હોય પરંતુ મનુષ્યોને શીખવવા તેમણે સમગ્ર જીવનપર્યંત દરરોજ સવારે ઉઠી ભગવાનની પૂજા-ધ્યાન કરવાનું નિયમ રાખ્યું હતું અને પોતાના કંઠી -ગુરુની આ રીતે આમન્યા જાળવી હતી. અનાદિ મુક્ત ભકતિજીવનદાસજી ખૂબજ પવિત્ર, શુદ્ધ અને યથાર્થ સાધુ હતાં તેમજ પૂજ્ય શ્રી નારાયણમામા જેવા પૂર્ણ મુક્તના  કંઠી-ગુરુ થયા. તેથી શ્રીજીમહારાજનો તેમના ઉપર ખૂબ રાજીપો ઉતર્યો હતો અને તેમને શ્રીજીમહારાજ પૂજ્ય શ્રી

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

નારાયણમામા સાથે વાત કરતાં તે દર્શન થતાં.

એક સાચા ગુરુ માટે મોટામાં મોટી ગુરુદક્ષિણા તે છે કે તેમના શિષ્ય તેમનાથી ચડિયાતા બને, તેમના કરતા આગળ વધે, અને તેમના સૂચવેલા સત્ય માર્ગનું અનુસરણ કરી તેમનું નામ ઉજાગર કરે. અનાદિ મુક્ત ભક્તિજીવનદાસજી માટે આવુંજ બન્યું. થોડા વર્ષોના વિયોગ બાદ અનાદિ મુક્ત ભક્તિજીવનદાસજીને પૂજ્ય શ્રી નારાયણમામા ફરી મળ્યા ત્યારે પૂજ્ય શ્રી નારાયણમામાને શ્રી અબજી બાપાશ્રીના મંડળમાં ઘણા સંતો અને હરિભક્તો અનાદિ મુક્ત, એટલે કે શ્રી સ્વામિનારાયણ ભગવાનના ઉચ્ચમાં ઉચ્ચ કોટિના મુક્ત, તરીકે ઓળખતા થયા હતા. પૂજ્ય શ્રી નારાયણમામાએ તેમને છેલ્લી સ્થિતિ અને છેલ્લા વર્તમાનની વાતો કરી, શ્રી અબજી બાપાશ્રીની ઓળખ કરાવી. આથી અનાદિ મુક્ત ભક્તિજીવનદાસજીના બધા સંશય મટી ગયા, સંકલ્પ વિરામ થઇ ગયા અને પ્રભુ-ભજનમાં અનેરો ઉમંગ અને ઉત્સાહ આવી ગયા!

આચાર્યજી મહારાજશ્રી પણ પૂજ્ય શ્રી નારાયણમામાને મુક્ત તરીકે ઓળખતા થયા અને અનેક વખત તેમના કીર્તન સાંભળવા નિમિત્તે પૂજ્ય શ્રી ગાદીવાળા સાથે મંદિરે આવતા. પૂજ્ય શ્રી ગાદીવાળા પણ પડદે રહીને મુક્તરાજના કીર્તનો સાંભળતા. આચાર્યજી મહારાજશ્રી પૂજ્ય શ્રી નારાયણમામાના અભ્યાસમાં પણ રસ દાખવતા અને અવાર-નવાર તેમની પ્રગતિ વિશે પૂછતાં.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# પ્રકરણ ૪ - અભ્યાસ

## પ્રસંગ

પૂજ્ય શ્રી નારાયણમામાના બાળપણનો આજે એક મહત્ત્વનો દિવસ છે. આજે તેઓ શાળાએ જવા તૈયાર થયા છે. પૂજ્ય શ્રી શાકુબાએ ભગીરથીબાની મદદથી આવકનું એક સાધન ઉભું કરી લીધું છે. વઢવાણમાં સ્થિર થઇ ગયા છે. બાળ-મુક્તને શાળાએ મોકલવાની તેમની હોંશ આજે પુરી થઇ રહી છે. ઉમંગભેર સાત-આઠ વર્ષના નાના બાળ પૂજ્ય શ્રી નારાયણમામાને તૈયાર થવાનું કહી, પોતે પણ શાળાને અનુકૂળ વસ્ત્રો પરિધાન કર્યા છે. શાળાએ નીકળતા પહેલાં તેઓ પૂજ્ય શ્રી નારાયણમામાને શ્રીજીમહારાજને પગે લાગી પ્રાર્થના કરવાનું કહે છે. માઁની આજ્ઞાનું અનુસરણ પૂજ્ય શ્રી નારાયણમામા તુરત કરે છે. બંને હાથ જોડી શ્રીજીમહારાજની મૂર્તિને શીશ નમાવી આ લોકની દ્રષ્ટિએ પ્રાર્થના કરે છે, "હે મહારાજ! મને શાળામાં બધું આવડે, ભણવામાં અને તમારી મૂર્તિમાંજ ધ્યાન રહે. તમે સદાય મારી ભેળાજ રહો." પૂજ્ય માતાશ્રી શાકુબાની આંગળી પકડી મુક્તરાજ નાના પગલાં ભરતાં માં સાથે શાળાએ જઈ રહ્યા છે. પૂજ્ય શ્રી શાકુબા તેમને શિખામણ આપી રહ્યાં છે, "શિક્ષક ભણાવે તેમાં ધ્યાન આપવાનું. વર્ગમાં શિક્ષક ભણાવતા હોય ત્યારે બીજા વિદ્યાર્થીઓ સાથે વાત નહિ કરવાની. લેસન બરાબર કરવાનું. તોફાન નહિ કરવાના. શાળાએથી ઘરે આવતા આજુ-બાજુ બહુ જોવાનું નહિ. શ્રીજીમહારાજને સંભારતા-સંભારતા ઘરે આવવાનું." શાળાનો દિવસ પત્યે મુક્તરાજ ઘર ભણી ચાલે છે ત્યારે માં ની શિખામણ યાદ આવે છે. તરત નીચું જોઈ, ભગવાનની મૂર્તિનું સ્મરણ કરતા ઝટપટ ચાલીને ઘરે આવી જાય છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

## <u>વૃત્તવર્ણન</u>

પૂજ્ય માતાશ્રી શાકુબાની આ આજ્ઞાનું પાલન પૂજ્ય શ્રી નારાયણમામાએ આખું જીવન કર્યું. તેમની ચાલ સહજે જ ઝડપી. પગલાં કાયમ એક પંક્તીમાંજ પડે. કોઈ દિવસ ચર્મના પગરખાં ન પહેરતા. સદાય સાદા સ્લીપર પહેરે. અને ચાલે ત્યારે દૃષ્ટિ અને વૃત્તિ શ્રીજીમહારાજની મૂર્તિમાં જ હોય. આજુ-બાજુ બહુ જોવે નહિ.

શાળામાં અભ્યાસમાં માઁએ કહ્યું હતું તેમ ખૂબ ધ્યાન આપતા. આ લોકમાં તેવું કંઈ નહોતું કે જે તેમને ન આવડતું હોય. એક વખત એક સુશિક્ષિત હરિભક્ત બહેને પૂજ્ય શ્રી નારાયણમામાને પૂછયું, “અનાદિ મુક્તને તો બધું આવડતું હોય. તેમને આ લોકમાં કંઈ શીખવાનું ન હોય. તો તમને French ભાષા આવડવી જોઈએ. તો તમે મારી સાથે અત્યારે French ભાષામાં વાત કરી શકો?” પૂજ્ય શ્રી નારાયણમામાએ તેમની સાથે French ભાષામાં તે જ ક્ષણે વાત કરી. આમ આ લોકમાં શીખવા જેવું તેમને કંઈ બાકી હતું નહિ. તે છતાં આ લોકની રીત પ્રમાણે આપણને શીખવવા તેઓ ખૂબજ એકાગ્રતાથી ભણતા. તેમની વિષયની ગ્રહણશક્તિ એવી તો જબરી હતી કે એક વારમાંજ બધું આવડી જાય અને યાદ રહી જાય. અને તે યાદ રાખેલી વાત કે જ્ઞાન કદી પણ વિસરાય નહિ. સામાન્ય મનુષ્યને તો શાળામાં કે વિશ્વવિદ્યાલયમાં કયા વિષય હતા તે યાદ પણ હોતું નથી, તો તેમાં શું ભણ્યા તે તો ક્યાંથી યાદ હોય? પરંતુ પૂજ્ય શ્રી નારાયણમામાને તો જે પૂછો તે એકદમ સરસ અને સરળ રીતે સમગ્ર જીવન દરમ્યાન કહી આપતા.

પૂજ્ય શ્રી નારાયણમામા ભણવામાં હોંશિયાર હોઈ શિક્ષકોના ચહેતા વિદ્યાર્થી હતા. અક્ષરો મોતીના દાણા જેવા સુંદર! લેખન પણ તેવુંજ હૃદયસ્પર્શી! વાંચવામાં ઉચ્ચારણો એકદમ સચોટ અને સ્પષ્ટ! દરેક

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

જગાએ લાગણી અને વિચારને અનુરૂપ શબ્દોનો જ ઉપયોગ! તેમજ પૂજ્ય શ્રી નારાયણમામાનો કંઠ ખૂબજ મધુરો હતો અને તેઓ અગાઉથી મુકતપુરુષ તરીકે જાણીતા હતા. તેથી શિક્ષકોએ શાળાની સવારની પ્રાર્થના ગાવા માટે તેમને પસંદ કર્યા હતા. તેઓ જયારે પ્રાર્થના ગવડાવતા ત્યારે બધાને શાંતિ-શાંતિ થઇ જતી.

**નમો મહામુનિશ્વરં ! અધિશ્વરાધિઇશ્વરં !**
**અનેકઅંડકારણં ! સુધર્મધુર્વિધારણમ્ ॥૧॥**
**સદા સુબોધદાયકં ! નમો મુનીન્દ્રનાયકં !**
**કુપાત્રતાનિકંદનં ! ભજામિભક્તિનંદનમ્ ॥૨॥**
**અધર્મતાઉચ્છેદનં ! ભવાબ્ધિભીતિભેદનં !**
**સુશાસ્ત્રરીતિશોધનં ! યથાર્થબોધબોધનમ્ ॥૩॥**
**સુમોક્ષમાર્ગમંડનં ! ખલત્વપંથખંડનં !**
**વ્રતાલયે વિરાજીતં ! ભજામિપૂર્ણભ્રાજીતમ્ ॥૪॥**
**સુભક્તસંઘપૂજીતં ! ખગેશકીર્તિકૂજીતં !**
**સદાસ્વદાસપાલકં ! ભજામિધર્મબાલકમ્ ॥૫॥**
**અનંતસંતઅર્ચિતં ! સુચંદનાદિચર્ચિતં !**
**સુપુષ્પહારશોભીતં ! સુગંધભૃંગલોભીતમ્ ॥૬॥**
**શિરઃ કીરીટધારિણં ! નમામિ કષ્ટહારિણં !**
**મનોગિરાક્રિયા મુદા ! નમામિ સ્વામિનં સદા ॥૭॥**
**અહો પ્રભુ સ્તુતિ કરું ! સુ એટલી ઇચ્છા ધરું !**
**તવાંઘ્રિની સ્મૃતિ રહે ! વિહારીલાલજી કહે ॥૮॥**

આમ દિવસો પસાર થતા ગયા. પૂજ્ય શ્રી નારાયણમામાની દરેક વિષયમાં પારંગતતા જોઈ શાળાના આચાર્યશ્રી, શિક્ષકો તેમજ અન્ય વિદ્યાર્થીઓ તેમનાથી ખૂબજ પ્રભાવિત હતા. અન્ય વિદ્યાર્થીઓને કંઈક ન

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

સમજાય તો પૂજ્ય શ્રી નારાયણમામા પાસે આવી તેમની પાસેથી શીખે. પહેલેથીજ તેમની ભણાવવાની શૈલી એવી કે બધાને અઘરામાં અઘરો વિષય પણ સરળ લાગે. તેમની નોંધપોથી તો અન્ય વિદ્યાર્થીઓ અચૂક લઇ જાય કારણકે શિક્ષકનો કહેલો એકે એક શબ્દ અને આપેલું જ્ઞાન એટલી સરસ રીતે તેમાં ઉતારેલું હોય કે મોંઘા પુસ્તકો લેવાની જરૂર જ ન પડે! અમુક વખત તો શિક્ષકની ભણાવવામાં કંઈ ચૂક થઇ હોય તો પણ પૂજ્ય શ્રી નારાયણમામાએ તો નોંધપોથીમાં બરોબર જ લખ્યું હોય.

બાળમિત્રો સાથે રમત-ગમતમાં ક્યારેક ભાગ લે પણ રુચિ તો એક શ્રીજીમહારાજમાં જ. જડેશ્વર મહાદેવના મંદિર પાસે જયારે બાળમિત્રો સાથે રમવા જાય ત્યારે તેમને બેસારી, પ્રભુના મહિમાની, તેમના લીલા-ચરિત્રોની અથવા તો બાળકોને સમજાય તે રીતે શ્રીજીમહારાજના દિવ્ય સુખની વાતો કરે. તેમની વાતો કેવી સરળ, મોહક, અને તલ્લીન કરી મૂકે તેવી હતી, તે તેમને મળેલા દરેક વ્યક્તિને યાદ હશે. તેઓ વાતો કરતા હોય ત્યારે તેમ થાય કે બસ સાંભળ્યા જ કરીયે. તેમની વાણી માત્રથી અંતરમાં ટાઢો શેરડો પડી જતો, મનના ઘાટ સંકલ્પ ટળી જતા, પ્રશ્નોના ઉકેલ મળી જતા, જીવન કેમ જીવવું તેની સમજ પડતી, અને પ્રભુના સુખમાં રહેલ શાંતિ અને દિવ્યાનંદની ઝાંખી થતી. બાળમિત્રો તો તેમની વાતોમાં ઓત-પ્રોત થઈ રમવાનું ભૂલી જઈ કલાકો તન્મય બેસી રહેતા. આમ પૂજ્ય શ્રી નારાયણમામા શાળાના મિત્રોને ન માત્ર આ લોકના ભણતરમાં માર્ગદર્શન આપતા પણ આધ્યાત્મિક રીતે પણ માર્ગદર્શન આપતા. તે બાળકોનું તો બાળપણ ધન્ય થઇ ગયું!

આમ કરતા પૂજ્ય શ્રી નારાયણમામા લાગઠ દશમાં ધોરણ સુધી પ્રથમ સ્થાને ઉત્તીર્ણ થયા. ધર્મ ધુરંધર આચાર્યજી મહારાજ પૂજ્ય શ્રી નારાયણમામાની ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિથી વાકેફ હતા તેમજ સદાય

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

પહેલા સ્થાને પાસ થતા જોઈ અતિશય પ્રભાવિત થયા હતા. મુક્તરાજના દશમાં ધોરણ બાદ પૂજ્ય શ્રી શાકુબા કુટુંબ સહિત ફરી ધ્રાંગધ્રા આવ્યા. તે જ વર્ષે પૂજ્ય શ્રી શાકુબા ટૂંકા મંદવાડ બાદ મૂર્તિના સુખે સુખિયા થયા. એથી પૂજ્ય શ્રી નારાયણમામાએ તેમની સેવા-સુશ્રુષા માટે મેટ્રીકમાં પ્રવેશ ન લીધો. પછીના વર્ષે ધ્રાંગધ્રામાં મેટ્રીક પાસ કરી ભાવનગરની શામળદાસ કોલેજમાંથી ઇન્ટર-સાયન્સ પાસ કર્યું. આ બન્નેમાં પણ હમેંશની માફક પ્રથમ શ્રેણીથી ઉત્તીર્ણ થયા.

ત્યારબાદ બી.એસ.સી માટે સુરતમાં એમ.ટી.બી મહાવિદ્યાલયમાં દાખલ થયા. ત્યાં હોસ્ટેલમાં રહી ભણવાનું. નબળી આર્થિક સ્થિતિને લીધે નાસ્તામાં ફોતરાંવાળી શીંગ અને ગોડ રાખતા. ધર્મ ધુરંધર આચાર્ય મહારાજશ્રીના ભલામણ પત્રથી સુરત સ્વામિનારાયણ મંદિરના સ્વામી હરિજીવનદાસજી પૂજ્ય શ્રી નારાયણમામાને જમાડતાં. મંદિર હોસ્ટેલથી 4 -5 કિલોમીટર દૂર હતું. તે પૂજ્ય શ્રી નારાયણમામા દરરોજ સાયકલ ચલાવીને જતા. બન્ને ટાઈમ તો જવાનું શક્ય બનતું નહિ. બીજું કંઈ ખાતા નહિ. આમ થોડા સમયમાં તેમની તબિયત ઉપર અસર પડી. મંદવાડ ગ્રહણ કર્યો. નિમોનિયા થઇ ગયો. રુગ્ણાલય જવું પડે તેમ હતું પરંતુ ત્યાં અન્ય સ્ત્રીનો સ્પર્શ થાય તેથી ન ગયા. એક સત્સંગી હરિભક્ત - ઘનશ્યામભાઈ પૂજ્ય શ્રી નારાયણમામાને પોતાને ઘરે લઇ ગયા. ત્યારબાદ મુંબઈ સારવાર બાદ તબિયત થોડી સારી થતા પૂજ્ય શ્રી નારાયણમામા પાટણ આવ્યા અને થોડો વખત ત્યાં શિક્ષકની નોકરી કરી. તબિયત સંપૂર્ણપણે સુધરતાં ભાવનગરમાં બી.એસ.સીનું છેલ્લું વર્ષ બાકી હતું તે પૂરું કર્યું અને 1946માં બી.એસ.સીની ડિગ્રી મેળવી. ત્યાર બાદ પૂજ્ય શ્રી નારાયણમામાએ અમદાવાદ આવી ડિપ્લોમા ઈન ટેક્સટાઇલ કેમિસ્ટ્રી (DTC)નો અભ્યાસ કર્યો. થોડા વર્ષો પછી પૂજ્ય શ્રી નારાયણમામાએ બેચલર ઈન ટીચિંગ પણ કર્યું.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

આપણે પૂજ્ય શ્રી નારાયણમામાના જીવનના આ ક્ષેત્રમાંથી કેટલું બધું શીખવાનું છે! ભણતરની મહત્તા પૂજ્ય શ્રી નારાયણમામાએ આપણને પોતાના જીવન દ્વારા કેટલી સરસ રીતે શીખવી. ભણતર દરમ્યાન સ્થળાંતર, માતુશ્રીનું આરોગ્ય તથા મૂર્તિનિવાસ, લગ્ન, પોતાનું આરોગ્ય, આર્થિક વીટમ્બણાઓ, સાદા ભોજન માટે પણ 8-10 કિલોમીટર સાયકલ ચલાવવી, વગેરે કેટલી બધી અડચણો અને સંઘર્ષ! તે છતાંય તેમણે ભણતર સંપૂર્ણ કર્યું અને બી.એસ.સી. થયાં. આજ કાલ બાળકોને અભ્યાસ દરમ્યાન કેટલી બધી જરૂરતો હોય છે! બધી સુવિધા છતાં ફરિયાદ હોય છે કે “આ નથી” અને “પેલું નથી.” સારામાં સારું ભોજન મળતું હોવા છતાં તેમ સાંભળવા મળે છે કે “મને દરરોજ એકનું એક ખાવાનું નથી ભાવતું. ભણવાનું મન નથી થતું.” ઘરનું બનેલું શુદ્ધ ભોજન પડી રહે છે અને બાળકો બહારથી પૈસા ખરચી ખાવાનું મંગાવે છે. અને તે પછી પણ ઘણા બાળકો સરખું જ્ઞાન મેળવતા નથી એટલે માતા-પિતા પૈસા આપી તેમને પાસ કરાવે છે અથવા તો મોંઘા ઉપશિક્ષક (ટ્યૂશન) રખાવે છે. તો આપણે વડીલ અને બાળકો બંને પૂજ્ય શ્રી નારાયણમામાના અભ્યાસ-કાળમાંથી તે જરૂર શીખીએ કે જેને ખરેખર ભણવું છે તેને કોઈ પણ અગવડતા, અડચણ કે વીટમ્બણા રોકી શકતી નથી.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# પ્રકરણ ૫ - પૂજ્ય શ્રી શાકુબા

## પ્રસંગ

ધ્રાંગધ્રા ગામમાં પૂજ્ય શ્રી શાકુબા પોતાના ઘરમાં પથારીમાં સૂતા છે. આજે તબિયત સારી નથી. થોડા દિવસથી તબિયત નરમ તો રહેતી હતી પણ આજે ઉઠવાની ઈચ્છા થતી નથી. શરીરમાં શક્તિ નથી. પૂજ્ય શ્રી નારાયણમામા તેમની બાજુમાં બેઠા છે. પૂજ્ય શ્રી નારાયણમામાને તેમણે ભણાવ્યા. દશમું ધોરણ પ્રથમ શ્રેણીમાં ઉત્તીર્ણ કરી, પછી ધ્રાંગધ્રા આવ્યા છે. હજુ મેટ્રિકમાં પ્રવેશ લીધો નથી. ફોર્મ ભરવાનો સમય થઇ ગયો છે પણ પૂજ્ય શ્રી નારાયણમામાએ ફોર્મ ભર્યું નથી. પૂજ્ય શ્રી શાકુબા પૂજ્ય શ્રી નારાયણમામાને કહે છે, “તમે મેટ્રિકમાં પ્રવેશ મેળવ્યો? તમારે શાળાએ નથી જવાનું?” પૂજ્ય શ્રી નારાયણમામા કહે છે, “માઁ! પ્રવેશ તો આવતે વર્ષે પણ લેવાશે. અત્યારે તમારી તબિયત સારી નથી, તો હું તમારી પાસે રહું. તમે આખું આયખું ખૂબ મહેનત કરીને અમને સૌ બાળકોને એકલે હાથે ભણાવ્યા, ગણાવ્યા, સદ્‍ગુણોનું સિંચન કર્યું, અને પરણાવ્યા. અત્યારે હવે જયારે તમે બીમાર છો તો અમારા સૌ બાળકોની ફરજ છે કે તમારી સેવા કરીએ.” આવાં વચન સાંભળી પૂજ્ય શ્રી શાકુબાની આંખોમાંથી અશ્રુઓની ધાર ચાલી છે. ગદ્‍ગદ્‍ કંઠે તેઓ કહે છે, “મારા માટે થઈને તમે ભણવાનું મૂકી દો તો મારી મહેનત લેખે ન લાગે. મારે તો તમ જેવા અનાદિ મુક્તની સેવાનો આવો જ અવસર પ્રાપ્ત થયો. તમે ભણવાનું ચાલું રાખો. મારું તો શ્રીજીમહારાજ ધ્યાન રાખશે.” પૂજ્ય શ્રી નારાયણમામા કહે છે, “માઁ! હું ભણવાનું પૂરું કરીશ. તમારી મહેનત એળે નહિ જવા દઉં. પણ અત્યારે જો હું તમારી સેવા ન કરું તો શ્રીજીમહારાજને પણ ન ગમે. શ્રીજીમહારાજે તો શિક્ષાપત્રી શ્લોક ૧૩૯માં માતા, પિતા, ગુરુ અને રોગાતુરની સેવા જીવન-પર્યન્ત કરવાનું કહ્યું છે. તમે મારા માતા છો અને પિતાની પણ જવાબદારી નિભાવી છે. તેમ જ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

અમને સૌ બાળકોને સંસ્કાર સિંચન કર્યું છે અને આજ્ઞા-ઉપાસના દ્રઢ કરાવી છે, એટલે અમારા ગુરુ પણ છો. અત્યારે તબિયત સારી નથી. હું આગળ ભણીશ પણ અત્યારે મને તમારી સેવામાં રહેવા દો. હું શાળાએ જઈશ તો પણ તમારી ચિંતા રહેશે." પૂજ્ય શ્રી શાકુબા અશ્રુભીના સ્નેહસભર નેત્રોથી પૂજ્ય શ્રી નારાયણમામાને મેટ્રિકમાં પ્રવેશ ન લેવા માટે સંમતિ આપે છે. મન તો માનતું નથી પણ પોતાની તબિયત સારી ન હોવાથી પૂજ્ય શ્રી નારાયણમામાની વાતમાં સંમત થાય છે.

પૂજ્ય શ્રી નારાયણમામા પૂજ્ય શ્રી શાકુબાની રાત્રિ-દિવસ ગણ્યા વગર સેવા કરે છે. પૂજ્ય શ્રી શાકુબાની તબિયત દિવસે-દિવસે નરમ પડતી જાય છે. તેમને શ્રી અબજી બાપાશ્રીના વચન બરાબર યાદ છે કે પૂજ્ય શ્રી નારાયણમામા તો શ્રીજીમહારાજના મુક્ત છે અને અનેક જીવોના કલ્યાણ કરવા આવ્યા છે. થોડા સમય બાદ એક દિવસ તેઓ પૂજ્ય શ્રી નારાયણમામાને કહે છે, "મારા પૂર્વના કોઈ પુણ્ય હશે કે હું તમારી માઁ થઈ. તમે શ્રીજીમહારાજના સંકલ્પથી અહીં પધારેલા મોટા મુક્ત છો. તમારા ઉછેરમાં કે સેવામાં કંઈ ઉણપ રહી ગઈ હોય અથવા ક્યારેક તમારા ચરિત્રોમાં મનુષ્યભાવ આવ્યો હોય તો મને ક્ષમા કરજો અને મને ઠેઠ શ્રીજીમહારાજની મૂર્તિમાં મૂકી દેજો." પૂજ્ય શ્રી નારાયણમામાની માઁ હોવાનો દિવ્ય નિશ્ચલ સંતોષ તેમની મુખાકૃતિ પર સ્પષ્ટ જણાય રહ્યો છે. પૂજ્ય શ્રી નારાયણમામા પોતાના માતુશ્રીના આવા વિનય વચનો સાંભળી કહે છે, "માઁ! તમે આખું જીવન પ્રભુ પરાયણ વિતાવ્યું છે. કોઈનું કોઈ દિવસ ખરાબ કર્યું નથી કે ઇચ્છયું નથી. શ્રીજીમહારાજની એક પણ આજ્ઞા લોપી નથી. તો તમને શ્રીજીમહારાજ શું કામ લેવા નહિ આવે? જરૂર આવશે." પૂજ્ય શ્રી નારાયણમામા આગળ કહે છે, "આપણને સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ મળ્યા અને ઓળખાયા તે આપણા અહોભાગ્ય છે. તેમના અનાદિ મુકતો છે તે તેમની દિવ્ય મૂર્તિમાં રહી

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

મૂર્તિનું સુખ ભોગવે છે. તે અંતિમ સ્થિતિ છે. આપણે તે અનાદિ મુક્તની પંક્તિમાં ભળવું છે. શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ એવું અનુપમ છે! અને નવીન નવીન સુખ છે. અનાદિ મુકતો કલ્પે-કલ્પ સુધી તે સુખ ભોગવે છે તો પણ ધરાતાં નથી. શ્રીજીમહારાજ સ્વામી છે, સુખના દાતા છે અને મુકતો સેવક છે અને સુખના ભોક્તા છે. આપણે શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કરવું." તેમ કહી પૂજ્ય શ્રી નારાયણમામા પૂજ્ય શ્રી શાકુબાને મૂર્તિનું ધ્યાન કરવાની રીત શીખવે છે. મૂર્તિમાં ગરકાવ પૂજ્ય શ્રી શાકુબા કહે છે:

**કીર્તન - સ્વામિનારાયણ દેવ રે ભજમન નરનારાયણ દેવ રે (આનું બીજૂં પદ છે "સ્વામિનારાયણ નામ વહાલું લાગે, સ્વામિનારાયણ નામ". આ ચોથું પદ છે):**

**સ્વામિનારાયણ દેવ રે, વસ્યા હૃદે સ્વામિનારાયણ વીર રે. ટેક.**
**અસ્થિર મન સ્થિર થયું છે, ગયું અંતરનું અધીર રે. વસ્યા૦ ૧**
**સમ્યો સંશય ને શોક સર્વે, થઈ શાંતિ સુખ શરીર રે. વસ્યા૦ ૨**
**નિરભે થયાં ગયાં દુઃખ દિલનાં, થઈ ચિત્તની વૃત્તિ સ્થિર રે. વસ્યા૦ ૩**
**નિષ્કુળાનંદ કહે આનંદ આવ્યો, હવે દિલે નહિ દિલગીર રે. વસ્યા૦ ૪**

આમ મૂર્તિ સંભારતા પૂજ્ય શ્રી શાકુબા દેહ-ત્યાગ કરી મૂર્તિના સુખે સુખિયા થાય છે. આમ નાની વયમાંજ પૂજ્ય શ્રી નારાયણમામાના માતા-પિતા મૂર્તિના સુખે સુખિયા થઇ ગયા હતા.

## વૃત્તવર્ણન

આજે સમાજમાં ઘરડા ઘરોની સંખ્યા વધતી જાય છે અને સંખ્યા વધવા છતાંય તેમાં સ્થાન મળતું નથી. માતા-પિતાની સેવાનો ભાવ દિન-પ્રતિદિન ક્ષીણ થતો જાય છે. "અમારું જીવન બહુ વ્યસ્ત છે." "અમારી

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

પાસે તેમને રાખવાની સગવડ નથી." "તમે તેમનો સ્વભાવ અનુભવ્યો છે?" "અમારે અમારા બાળકોની પણ જવાબદારી છે." "અમારાથી પહોંચી વળાતું નથી." "અમારી ક્ષમતા નથી." આવા અનેકાનેક કારણો હોય છે માતા-પિતાની સેવા ન કરવા માટે. અમૂક વખત આ કારણોમાં સત્યતા પણ હોય છે અને તેવે સમયે માતા-પિતા અને સેવાત્સુક બાળકોએ સાથે બેસી કઈંક માર્ગ કાઢવો જોઈએ. પૂજ્ય શ્રી નારાયણમામાએ શીખવ્યું કે માતા-પિતા માટે કોઈ પણ ભોગ કે બલિદાન મોટું નથી. આપણી ફરજ છે અને શ્રીજીમહારાજની પણ આજ્ઞા છે. તેમજ પૂજ્ય શ્રી શાકુબાએ પણ આપણને શીખવ્યું કે બાળકો જયારે પોતાની જવાબદારી સમજી કોઈ પણ ભોગ આપવા તૈયાર થાય તો તેમનું હિત થાય તેવી જ સલાહ આપવી. અરસ-પરસ પ્રેમ અને સેવા તે માનવ જીવનનું મૂળ છે.

આ સાથે પૂજ્ય શ્રી નારાયણમામાએ જીવનના આ પ્રસંગ દ્વારા તે પણ શીખવ્યું કે મોટામાં મોટી સેવા એ શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડવા તે છે. માટે સેવા કરવી તે આસક્તિએ રહિત થઈને તેમના જીવનું રૂડું થાય તેમ કરવી.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# પ્રકરણ ૬ - પૂજ્ય શ્રી લીલામાસી

## વૃત્તવર્ણન

પૂજ્ય શ્રી શાકુબાના દેહત્યાગ પછી પૂજ્ય શ્રી નારાયણમામાએ મેટ્રિક તેમજ ઇન્ટર-સાયન્સ કર્યું. તે દરમ્યાન સત્સંગમાં ઘણા તેમને મોટા મુક્ત તરીકે ઓળખતા થયા. મૂળીના પૂજ્ય શ્રી શ્વેતવૈકુંઠદાસજી સ્વામીની તેવી ઈચ્છા કે પૂજ્ય શ્રી નારાયણમામાને સાધુ કરવા. પરંતુ હરિભક્તોમાં અગ્રગણ્ય પૂજ્ય શ્રી મનસુખબાપાએ કહ્યું કે શ્રીજીમહારાજે તેમને દર્શન આપી કહ્યું છે કે પૂજ્ય શ્રી નારાયણમામાને ગૃહસ્થાશ્રમમાં રાખવા જેથી ભાઈઓ-બહેનો બન્નેને મોક્ષના દ્વારરૂપ આ મુક્તના દર્શન-સેવા-સમાગમનો લાભ મળે. પૂજ્ય શ્રી નારાયણમામાએ તે વાતની સંમતિ આપી. ત્યારે પૂજ્ય શ્રી નારાયણમામાની ઉંમર લગભગ ૨૦-૨૧ વર્ષની હતી. પૂજ્ય શ્રી મનસુખબાપાએ ખૂબ ઊંડો વિચાર કરી પૂજ્ય શ્રી લીલામાસીનું સૂચન કર્યું.

પૂજ્ય શ્રી નારાયણમામા વિચારમાં પડી ગયા. પોતાની આર્થિક સ્થિતિ નબળી. માતા-પિતા બંને પ્રભુના સુખે સુખિયા હતા. પોતાને હજુ ભણવાનું બાકી હતું. જ્યારે કે પૂજ્ય શ્રી લીલામાસી સુખી, પૈસા-પાત્ર, સાધન-સંપન્ન ભર્યા કુટુંબના ચાર ભાઈઓ વચ્ચે એક બહેન તેવા લાડકા દીકરી, અંગ્રેજી માધ્યમમાં ભણે, બહાર જવું હોય તો મોટર-ગાડી હાજર જ હોય. “તેમને મારી સાથે ફાવશે?” આવો વિચાર પૂજ્ય શ્રી નારાયણમામાને થયો. તેમણે  પૂજ્ય શ્રી મનસુખબાપાને કહ્યું, “મારે તેમની સાથે વાત કરવી છે. થોડા પ્રશ્નો પૂછવા છે.” પૂજ્ય શ્રી મનસુખબાપાએ તેવી ગોઠવણ કરી આપી. આ બાજુ પૂજ્ય શ્રી મનસુખબાપાએ પૂજ્ય શ્રી લીલામાસીને પણ વાત કરી જ હતી, “દીકરી! આવો વર નહિ મળે. તારું જીવન ધન્ય થઇ જશે. “ના” ન પાડતી.” પૂજ્ય શ્રી લીલામાસીની ઉંમર ત્યારે ૧૩-૧૪

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

વર્ષની હશે. અહીં નોંધવાની વાત તે છે કે પૂજ્ય શ્રી નારાયણમામા એકવિશેક વર્ષના અને પૂજ્ય શ્રી લીલામાસી તેરેક વર્ષના. આ ઉંમરે અત્યારના યુગમાં છોકરા-છોકરીઓ એક-બીજામાં શું જોઈએ તેનું લિસ્ટ રાખતા હોય છે. પોતે તેને શું આપશે તેવો વિચાર પણ ઘણાને આવતો નથી. તેમજ ઘણા બાળકોમાં એક જાતની વડીલોની સૂક્ષ્મ અવહેલના છુપાયેલી હોય છે. જ્યારે  કે પૂજ્ય શ્રી નારાયણમામા-લીલામાસીમાં આવું કઈંજ ભાસતું નથી. બંનેએ પોતાના વડીલસમા પૂજ્ય શ્રી મનસુખબાપાની વાત સાંભળી એક-બીજાને મળવાની હા પાડી.

## <u>પ્રસંગ</u>

પૂજ્ય શ્રી લીલામાસીનું મુંબઈનું નિવાસ-સ્થાન છે. પૂજ્ય શ્રી નારાયણમામા આવ્યા છે. પૂજ્ય શ્રી લીલામાસીના પિતાશ્રી તો પૂજ્ય શ્રી નારાયણમામાને જોઈ ખૂબ રાજી થયા છે. સ્હેજે જ આકર્ષણ થાય તેવા, સુશીલ, સુશિક્ષિત, સુદક્ષ, અને ધાર્મિક આ નવયુવક પોતાની પુત્રી માટે એકદમ યોગ્ય છે તેમ તેઓ વિચારી રહ્યાં છે. તેમને પૂજ્ય શ્રી નારાયણમામાને પૂજ્ય શ્રી લીલામાસીને કઈંક પ્રશ્નો પૂછવા છે, તે વાત ખબર છે. તેઓ પૂજ્ય શ્રી લીલામાસીને બોલાવે છે. પૂજ્ય શ્રી નારાયણમામા અને પૂજ્ય શ્રી લીલામાસીનો વાર્તાલાપ કઈંક આવો હતો:

“What is your name?”

“My name is Leelavati.”

“Do you like to worship God? તમને ભગવાન ભજવા ગમે?”

“Yes. મને તો ભગવાન ભજવા ખૂબ ગમે.”

“મારી આર્થિક પરિસ્થિતિ તમારા પિતાશ્રી જેટલી સારી નથી. મારે હજુ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

ભણવાનું બાકી છે. મારી પાસે મોટર-ગાડી નથી. હું જેમ રહીશ તેમ તમને રાખીશ પણ તમે નબળી આર્થિક સ્થિતિમાં મારી સાથે રહી શકશો?"

"તમારી પાસે એક રોટલો હશે તો હું અડધો ખાઈને રહીશ અને અડધો હશે તો હું પા ખાઈને રહીશ અને આપણે સુખે ભગવાનનું ભજન કરશું અને ભગવાન સંભારશું."

## વૃત્તવર્ણન

પૂજ્ય શ્રી નારાયણમામા આ જવાબોથી ખૂબ રાજી થયા અને તેમનું સગપણ થયું. ઈ. ૧૯૪૪માં પૂજ્ય શ્રી નારાયણમામા ૨૨ વર્ષના અને પૂજ્ય શ્રી લીલામાસી ૧૪ વર્ષના હતાં ત્યારે તેઓ આ અનોખી લગ્ન-ગ્રંથિથી જોડાયા. ત્યારે પૂજ્ય શ્રી લીલામાસીના મનના ભાવો કઈંક આવાજ હશેને!

**મારી અવિચળ ચૂંકને રાખજો, મારી ચૂડીનો ભંગ ન થાય, માગું વર નાથજી...ટેક૦**
**રહે કેસર પીર લલાટમાં, રહે સેંથો ચાંદલો સદાય...માગું૦ ૧**
**મારે ઘરે રહે સંત સામટા, નિત્ય ગુણ તમારા ગાય...માગું૦ ૨**
**સત્સંગી મળી દેશદેશનાં, આવે ઉત્સવ કરવાને આંય...માગું૦ ૩**
**મારે ઘેર રહો ઘનશ્યામજી, મારી સંપત્તિ તમ અર્થે થાય...માગું૦ ૪**
**રાજપાટ ને ગામ ગરાસ છે, ભૂવન સહિત તમારાં કહેવાય...માગું૦ ૫**
**જયા લલિતા રમા ને પંચાળી, તેને સમજુ છું મુક્ત સમાન...માગું૦ ૬**
**અમો સૌ મળી તમને સેવીએ, ધરીએ અખંડ તમારું ધ્યાન...માગું૦ ૭**
**કરો મંદિર મોટું મારે આંગણે, રહો પ્રેમથી પ્રાણ આધાર...માગું૦ ૮**
**તેમાં મૂર્તિ પધારાવો વાસુદેવની, તમો પડોશી થાઓ કરી પ્યાર..માગું૦ ૯**
**વળી આ લોકની સુખ સંપત્તિ, શ્રીજી આપી પૂરા કરો કોડ...માગું૦ ૧૦**
**અભય સુતને સુખી રાખજો, રહે અખંડ અભય પરિવાર...માગું૦ ૧૨**

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

**અભય વંશ સદા તવ ઉપાસી, એ માગું છું હું ધર્મકુમાર...માગું૦ ૧૩**
**વળી અભય સુત પહેલાં મુજને, શ્રીજી આપજો અક્ષરધામ...માગું૦ ૧૪**
**એવી વાણી સુણી જસુબાઈની, વર આપો કહે યુગલદાસ...માગું૦ ૧૫**

પહેલે દિવસે પૂજ્ય શ્રી નારાયણમામાએ પૂજ્ય શ્રી લીલામાસીને પૂછયું, “Can you observe celibacy all your life? તમે મારી સાથે આજીવન બ્રહ્મચર્યનું પાલન કરશો?”
પૂજ્ય શ્રી લીલામાસીએ જવાબ આપ્યો, “Yes.”

તે જમાનામાં લગ્ન થયા બાદ દીકરીને તુરતજ સાસરે વળાવતા નહિ. એટલે લગ્ન પછી ચારેક વર્ષ જેવું પૂજ્ય શ્રી લીલામાસી મુંબઈ પિયરમાં જ રહ્યા. ત્યારબાદ લગભગ ૧૮એક વર્ષની ઉંમરે તેઓ પૂજ્ય શ્રી નારાયણમામા સાથે રહેવા આવ્યા. તે ૪ વર્ષ દરમ્યાન પૂજ્ય શ્રી નારાયણમામાએ B. Sc. નો અભ્યાસ કર્યો, થોડો સમય પાટણમાં નોકરી કરી અને પછી અમદાવાદ નોકરી શરુ કરી.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# પ્રકરણ ૭ - દિવ્ય ગૃહસ્થજીવન

## પ્રસંગ

પૂજ્ય શ્રી લીલામાસી નાની વયના છે. થોડા દિવસ પહેલાંજ પૂજ્ય શ્રી નારાયણમામા સાથે રહેવા આવ્યા છે. પૂજ્ય શ્રી નારાયણમામાને નોકરી લાગ્યે એકાદ વર્ષ થયા છે. તેમણે પૂજ્ય શ્રી લીલામાસીને કાયમ માટે પોતાની સાથે રહેવા બોલાવ્યા છે. ઘરમાં જેઠ-જેઠાણી, માણેકબા, પૂજ્ય શ્રી નારાયણમામા અને પોતે એટલા જણા તો કાયમ હોય જ. તે બધાંયનું ગૃહકાર્ય કરવાની જવાબદારી પૂજ્ય શ્રી લીલામાસીને માથે આવી છે. પૂજ્ય શ્રી લીલામાસીએ કોઈ દિવસ પિયરમાં તો આવું કામ કરેલું નહિ તેથી મુંજાઈ રહ્યાં  છે. જેઠાણી તો કહીને જતા રહ્યા છે, “ટૂંકી આવકમાં ઘર આમજ ચાલે. બધું કામ જાતે કરવું પડે. આટલા વાસણ કરીને કપડાં ધોઈ નાખજો.” તેમની વાણીમાં પૂજ્ય શ્રી મામા-માસી પ્રત્યે મનુષ્યભાવ સ્પષ્ટ જણાય છે. વાસણ તો ધીમે-ધીમે કર્યાં પણ કપડાં તો કદીએ ધોયા નથી. કેમ ધોવાય તે પણ ખબર નથી. આંખ્યુંમાંથી અશ્રુઓ ડોકાઈ રહ્યાં છે. “આ મારી જવાબદારી છે. હું આ રીતે તેમને (પૂજ્ય શ્રી નારાયણમામાને) મદદરૂપ થઈશ. પણ મને આવડતું નથી. હું શી રીતે કરું? કોઈ શીખવવાવાળુ પણ નથી. આવી અસહાય પરિસ્થિતિમાં હે મહારાજ! મને માર્ગ સુઝાડો.”

**“મેં તો તેરે બિરુદ ભરોંસે બહુનામી” કીર્તનનું ચોથું પદ**

**અબ તો નાથ નિભાઈ લીજે... ▯ટેક**

**જેહી ભુજ તારે પતિત બહુ તાકો, નેક સહારો દીજે... અબ▯ ૧**

**ક્રિપાસિંધુ કૃપા કરી અબ તો, નેક સુદ્રષ્ટિ કીજે... અબ▯ ૨**

**તુમ બિના ઔર સબહી હમ જૈસે, કા’કો શરન ગહીજે... અબ▯ 3**

**પ્રેમાનંદ કે નાથ તિહારો, બદન વિલોકી જીજે... અબ▯ ૪**

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

આમ પૂજ્ય શ્રી લીલામાસી શ્રીજીમહારાજને પ્રાર્થના કરે છે, ત્યાં તો શ્રીજીમહારાજ પોતાના અનાદિ મુક્તરાજ નારાયણમામાને ત્યાં મોકલે છે.

પૂજ્ય શ્રી નારાયણમામા પૂછે છે, “શું થયું તમને? કેમ રડો છો?”

“મને કપડાં ધોતા નથી આવડતા. મને તેમ થાય કે હું ગૃહકાર્ય કરી તમને મદદરૂપ થાઉં. પણ મને આવડતું નથી અને કોઈ શીખવનાર પણ નથી.”

“તેમાં શું? લાવો હું તમને શીખવું.” તેમ કહી પૂજ્ય શ્રી નારાયણમામાએ પોતે કરી બતાવતા સમજાવ્યું, “પહેલા તો બધા કપડાંને બાલ્દીમાં પલાળી દેવાના. થોડો સાબુનો ભૂકો હોય તો નાખવાનો. પછી થોડી વાર પલળે એટલે એક-એક કપડું ધોવાનું. બાલ્દીમાંથી કાઢીને થોડો સાબુ લગાવાનો, પછી તેને ચોળવાનું, જરૂર પડે તો જ બ્રશ મારવાનું. તેમ બધાં કપડાં ચોળીને પછી મોટા પાત્રમાં પાણી ભરી સાબુ કાઢવાનો. તેમ 2-3 વખત સાબુ કાઢી નાખવાનો. પછી એકદમ નીચોવી, ખૂબ સરસ ઝાપટી સુકવી દેવાનું. સુકાવવાનું પણ તેવી રીતે કે ઈસ્ત્રી કરવાની જરૂર ન પડે.”

## <u>વૃત્તવર્ણન</u>

આ રીતે પૂજ્ય શ્રી નારાયણમામાએ પૂજ્ય શ્રી લીલામાસીને કપડાં ધોતા શીખવ્યું. પૂજ્ય શ્રી લીલામાસીએ તે બરાબર શીખી લીધું અને પછી તે જ રીતે કાયમ કપડાં ધોતા. એટલું જ નહિ પણ તેમાં પોતે પોતાની આવડત ઉમેરી એકદમ પૂજ્ય શ્રી નારાયણમામાને ગમે તેવા સ્વચ્છ કપડાં ઘડીબધ્ધ રાખતા. પોતે તો રાખતા પણ આગળ જતા જયારે હરિભક્ત ભાઈ-બહેન કે બાળકો સેવા કરવા આવે ત્યારે તેમને પણ શીખવતા.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

પૂજ્ય શ્રી લીલામાસીની હેઠળ કેળવણી મેળવેલ દરેકને કપડાં ધોવા, સૂકવવા કે ઘડી વાળવાની સેવા યાદ હશે તો આજે પણ તેમના કપડાં એકદમ વ્યવસ્થિત રહેતા હશે.

પૂજ્ય શ્રી નારાયણમામા તથા પૂજ્ય શ્રી લીલામાસીનું જીવન શ્રી રામકૃષ્ણ પરમહંસ અને શારદામણિ દેવી જેવા વિશુદ્ધ બ્રહ્મચર્યયુક્ત હતું. તેમણે એક-મેકને આપેલ તે કોલ જીવનપર્યંત પાળ્યો હતો. કોઈ પણ જાતની આસક્તિ વગરનું આ દંપતિ એક-મેકનું માર્ગદર્શક અને મિત્ર બનીને રહેતું. ક્યારેક પૂજ્ય શ્રી નારાયણમામા પૂજ્ય શ્રી લીલામાસીને કઈંક શીખવે તો ક્યારેક પૂજ્ય શ્રી લીલામાસી પૂજ્ય શ્રી નારાયણમામાને કઈંક સૂચન કરે. બંને એકબીજાની વાત સાંભળે. એક-બીજાને આધારરૂપ થઇ રહે. કોઈ દિવસ એક-બીજાને ઉતારી ન પાડે. બંને એક-બીજાનું સન્માન કરે અને મર્યાદા જાળવે. પૂજ્ય શ્રી નારાયણમામા તેમ કહેતાં કે, "તમારા માસીમાં મોટી કોર્પોરેશનના CEOને પણ શરમાવે તેવી કાબેલિયત છે." તો આ તરફ જો કોઈએ પૂજ્ય શ્રી લીલામાસીને પૂજ્ય શ્રી નારાયણમામાની સાથે યાત્રાએ જવાની તૈયારી કરતા જોયું હોય તો યાદ હશે, "આ પેલી પેટીમાં મૂકી દે. તારા મામાને બળદિયા પહોંચીને જોશે." "આ મોહનથાળ પેલી થેલીમાં રાખ. તારા મામાને બળદિયા સવારે નાસ્તામાં આપીશ." "પેલી કપડાંની થપ્પી અહીં લાવ. તારા મામાને જોઈએ તે કાઢીને પેટીમાં મૂકી દઉં." "આ પ્લાસ્ટિકની કોથળી ઘડી વાડી દે. સાથે લઇ જવી છે. તારા મામા માગશે." "અંદર કબાટમાંથી brown paperની નાની થેલીઓ લઇ લે. અને સાકરનો ડબ્બો. તારા મામાને ત્યાં બધાને પ્રસાદી આપવા જોઈશે." "તારા મામા" "તારા મામા" મયજ  તેમનું જીવન હતું. બંને એક-મેકના પૂરક, મિત્ર, સહભાગી, સહચારી બનીને રહ્યા અને દરેકને શીખવ્યું કે આસક્તિરહિત ગૃહસ્થજીવન કેમ જીવાય.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

તેમના ઘરે કોઈ જાય તો ભૂખ્યો નીકળે નહિ. બધાને જમાડીને મોકલવાનો આગ્રહ. તેમના ઘરના બારણા સદાય ખુલ્લા જ રહેતા. વર્ષો સુધી તો તેમના ઘરમાં અંદરથી કડી વસાતી જ નહિ. જે કોઈ પણ તેમના દ્વારે જે આશા, અપેક્ષા, પ્રાર્થના લઈને ગયું હોય તે બધાની પ્રાર્થના ધ્યાનથી સાંભળે અને આશીર્વાદ આપે. બંનેનો સ્વભાવ સામાન્ય જીવ પ્રત્યે દયાભાવવાળો એટલે કોઈનું દુઃખ ખમી ન શકે. તરત શ્રીજીમહારાજને પ્રાર્થના કે કરે કે અન્યનું દુઃખ દૂર કરો. કોઈ જીવને કોઈ પણ રીતે દુભવે નહિ. વાણી પણ સદાય સંયમી જ. કોઈનું ખરાબ કદીયે ઈચ્છે નહિ. એકદમ સાધુ સ્વભાવ. નિર્મળ મન. પાવન જીવન. પવિત્ર ઘર. ઘરની એક-એક વસ્તુ ચોખ્ખી-ચણાક. ધૂળ તો દૃષ્ટિએ ચળેજ નહિ. દરેક ગોખલા, ખાના, કબાટો, વ્યવસ્થિત ગોઠવેલ. તેમનું નિવાસસ્થાન સદાય એક મંદિર સમું પવિત્ર રહેતું.

એક વખત એક કુટુંબ પૂજ્ય શ્રી નારાયણમામાના દર્શને ગયેલું. તે સમયે પૂજ્ય શ્રી નારાયણમામા વ્યવસાયમાંથી નિવૃત્ત થઇ ગયા હતા. તે હરિભક્તે પૂજ્ય શ્રી નારાયણમામાને કઈંક પૂછયું તેના જવાબમાં પૂજ્ય શ્રી નારાયણમામાએ પોતાનું ઉદાહરણ આપતા કહયું, “મારે તમારા માસી માટે પણ આર્થિક બધી વ્યવસ્થા કરીને જવાની છે.” આમ આ લોકની દૃષ્ટિએ પૂજ્ય શ્રી નારાયણમામાએ પતિ તરીકેની પૂજ્ય શ્રી લીલામાસી પ્રત્યેની બધી ફરજો પૂર્ણ કરી હતી. આ પ્રસંગથી તે કુટુંબના 2-3 સભ્યોએ અંદર-અંદર તે પણ વાત પછીથી કરી હતી કે ભવિષ્યમાં પૂજ્ય શ્રી નારાયણમામા આ લોકમાંથી કદાચ પૂજ્ય શ્રી લીલામાસી પહેલા જતા રહેશે.

એક અન્ય દૃષ્ટિકોણથી તેમના સંબંધને જોઈએ તો એક ખરા ગુરુ-શિષ્યનો સંબંધ તેમની વચ્ચે હતો. “ગુરુ ગોવિંદ દોનો ખડે, કાકે લાગુ પાય?

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

બલિહારી ગુરુદેવ કી જીને ગોવિંદ દિયો મિલાય." એક ખરા શિષ્યને શોભે તેવી અનન્ય નિષ્ઠા, શ્રદ્ધા અને પરાયણતા પૂજ્ય શ્રી લીલામાસીમાં પૂજ્ય શ્રી નારાયણમામા પ્રત્યે હતી. પૂજ્ય શ્રી લીલામાસીના પૂજ્ય શ્રી નારાયણમામા પ્રત્યેના ભાવો કઈંક આવા જ હશેને!

**સહજાનંદ સ્વામી રે ના પ્રગટત આ સમે રે કીર્તનનું ત્રીજું પદ**

**સદ્‌ગુરુ સાચા રે, સેવો શુદ્ધ ભાવશું રે,**
**જેથી ટળે મનના વિવિધ વિકાર રે;**
**જેને સંગ વાધે રે, પ્રભુજી સંગે પ્રીતડી રે,**
**ટળી જાય જાત વર્ણ અહંકાર રે...સદ્‌ગુરુ૦ ૧**
**વર્તમાન પાંચ રે, પળાવે દૃઢ કરી રે,**
**સંભળાવે હરિના ચરિત્ર પરમ ઉદાર રે;**
**એવા ગુરુ દેવ રે, ગોવિંદ સમ જાણીએ રે,**
**જેને સંગે પામીએ ભવજળ પાર રે...સદ્‌ગુરુ૦ ૨**
**ગુરુ વિના જ્ઞાન રે, ન પામે મનમુખી રે,**
**કહે છે એમ મહામુની વેદ પુરાણ રે;**
**એવું તે વિચારી રે, સદ્‌ગુરુ સેવજોરે,**
**જેથી હરિ પામીએ પ્રગટ પ્રમાણ રે...સદ્‌ગુરુ૦ ૩**
**ગુરુજીનાં વચન રે, વિચારી ઉર ધારજો રે,**
**ટાળો તમે મોહ મમતા અભિમાન રે;**
**મુક્તાનંદ કહે છે રે, એવી રીતે વર્તતાં રે,**
**તેને ઉર વાસ કરે ભગવાન રે...સદ્‌ગુરુ૦ ૪**

અને પૂજ્ય શ્રી નારાયણમામા પણ એક ખરા ગુરુ તરીકે પૂજ્ય શ્રી લીલામાસીને જાળવતા. પૂજ્ય શ્રી લીલામાસીને પૂજ્ય શ્રી નારાયણમામાએ લગ્ન બાદ ઇંગલિશ ભણાવી પરીક્ષા અપાવવાની કહી

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

હતી. થોડો સમય પૂજ્ય શ્રી લીલામાસી શીખ્યા બાદ તેમણે પૂજ્ય શ્રી નારાયણમામાને કહ્યું, “તેના કરતા મને પ્રભુ ભજન, કથા-વાર્તા અને ધ્યાન કરતાં શીખાવોને! મને તે વધુ ગમે છે.” પૂજ્ય શ્રી લીલામાસીને કંઈ પણ વાત મુંજવતી હોય, તો પૂજ્ય શ્રી નારાયણમામા તત્કાળ તેનો ઉકેલ કાઢતા. પછી તે કપડાં ધોવાની વાત હોય કે જીવનના અન્ય જટિલ પ્રશ્નો હોય, કે ધ્યાન કરવાની કળા હોય.

સખાભાવ અને ગુરુ-શિષ્ય ભાવ તે બંને જુદા-જુદા ભાવો છે. સામાન્ય મનુષ્યના સંબંધમાં આ બંને ભાવ એક સાથે વિદ્યમાન નથી હોતા. તેથી જેઓ પૂજ્ય શ્રી મામા-માસીને મળ્યા નથી તેમને તો આવા અનેરા સંબંધની કલ્પના કરવી પણ કઠણ છે. પણ જેમણે તેમનો સંબંધ નજીકથી નિહાળ્યો છે તેમને આ વાત તરત ખ્યાલમાં આવી જશે. પૂજ્ય શ્રી નારાયણમામાએ પૂજ્ય શ્રી લીલામાસીને બધી રીતે જાળવ્યા અને પૂજ્ય શ્રી લીલામાસીએ પણ પતિવ્રતાની ટેક આજીવન નિભાવી. પૂજ્ય શ્રી નારાયણમામાએ એક સેવકને એક વખત કહ્યું હતું, “તમારા માસી લાડુબા -જીવુબા જેવા સતી છે તેથી તેઓ દેહ-ત્યાગ કરશે ત્યારે અગ્નિસંસ્કાર સમયે અગ્નિ તેમને સ્પર્શી નહિ શકે. તમે શ્રીજીમહારાજને પ્રાર્થના કરશો પછી જ અગ્નિ સ્પર્શ કરશે.” અને તેવું જ બન્યું. તે અનેક લોકોએ નજરે નિહાળ્યું.

આમ પૂજ્ય શ્રી નારાયણમામા અને પૂજ્ય શ્રી લીલામાસીનું જીવન અનેરું અને સ્ફટિક જેવું શુદ્ધ અને શ્રીજી મહારાજના દિવ્યાનંદમય હતું. તેમના જીવનમાંથી ઘણું-ઘણું શીખવાનું છે. એક-બીજા સાથે કેમ રહેવું, કઈ રીતે એકબીજાની મર્યાદા જાળવવી, સમાજમાં કઈ રીતે રહેવું, અન્યની સાથે કઈ રીતે વર્તન કરવું, વાણી-વર્તન-વ્યવહાર શુદ્ધિ, આચરણ શુદ્ધિ.... લખે કે કહ્યે પર આવે તેમ નથી. તો ચાલો આપણે તે બંને અનાદિ મુક્ત

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

સંતાત્માના જીવનમાંથી આ કીર્તનમાં કહ્યું છે તેમ શીખ લઈએ:

**સહજાનંદ સ્વામી રે ના પ્રગટત આ સમે  રે કીર્તનનું ચોથું પદ**

**સંત સમાગમ રે, શુદ્ધ થઈ કીજીએ રે,**
**સંત થકી લીજીએ વિવિધ વિચાર રે;**
**કપટ કુબુદ્ધિ રે, ઉરથકી ટાળીએ રે,**
**ટાળીએ જૂઠો તન અહંકાર રે...સંત૦ ૧**
**સંતજન સંગે રે, હરિગુણ ગ્રહીએ રે,**
**અવગુણ ઉરથકી કરીએ ત્યાગ રે;**
**ઈર્ષા અભાવ રે, ન લેવો સંતનો રે,**
**તન સુખ તજવાં ગ્રહી વૈરાગ્ય રે...સંત૦ ૨**
**ક્રોધ ન કરવો રે, હરિજન ઉપરે રે,**
**વચન સુણી ન બાંધવું વેર રે;**
**સમજી વિચારી રે, વચન મુખે બોલીએ રે,**
**વણસમજે ન વાવીએ ઝેર રે...સંત૦ ૩**
**શ્રીનારાયણ રે, સ્વામિના દાસ જે રે,**
**તેને સંગે રહેવું થઈને ગુલામ રે;**
**મુક્તાનંદ કહે છે રે, એવી રીતે વર્તતા રે,**
**સંત સંગે પામશો અક્ષરધામ રે...સંત૦ ૪**

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# પ્રકરણ ૮ - સત્સંગ

## પ્રસંગ

સવારનો પહોર છે. સૂર્યોદય હજુ થયો નથી. બહાર પરોઢિયાનો અણસાર આપતો આછો પ્રકાશ છવાઈ રહ્યો છે. મંદ-મંદ શીતળ વાયુ વાય રહ્યો છે. પક્ષીઓ દિવસની શરૂઆત કરતા મીઠો કલરવ કરી રહ્યા છે. પોતાના બચ્ચાઓને માળામાં મૂકી ચારો ચણવા જવાનું છે. અનાદિ મુક્ત સદ્‌ગુરુ પુરાણી સ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી જેમને આપણે સર્વે અનાદિ મુક્ત સદ્‌ગુરુ મુનીસ્વામી તરીકે જાણીયે છીએ તે નાહીને શ્રીજીમહારાજની પૂજા કરવા આવ્યા છે. પોતાના આસને આવે છે ત્યાંતો તેમના મુખ પર સ્મિત ફરી વળે  છે. તેમની પૂજા તેઓ દરરોજ જે રીતે ગોઠવે છે તે જ રીતે ગોઠવેલી તૈયાર છે. કોઈએ તેઓ નાહવા ગયા ત્યારે પાછળથી તેમની પૂજા ખોલી, પાથરીને તૈયાર કરી રાખી છે. તેઓ ઊંચે સાદે કહે છે, “નારાયણભાઈ! આટલી બધી સેવા ન હોય.” પૂજ્ય શ્રી નારાયણમામા કહે છે, “સ્વામી! શ્રીજીમહારાજના સાચા સંત કરતાં અધિક મારે બીજું કંઈ નથી.”

**સંત જન સદા મોઇ ભાવે કીર્તનનું ત્રીજું પદ**

**નારદ મેરે સંતસે અધિક ન કોઈ,**
**મમ ઉર સંતન અરુ મેં સંતન ઉર, વાસ કરું સ્થિર હોઈ...નારદ૦**
**કમલા મેરો કરત ઉપાસન, માન ચપળતા ધોઈ;**
**યદ્યપિ વાસ દિયો મેં ઉર પર, સંતન સમ નહિ સોઈ...નારદ૦**
**ભૂકો ભાર હરું સંતન હિત, કરું છાયા કર દોઈ;**
**જો મેરે સંતકુ રતિ એક દૂવે, તેહી જડ ડારું ખોઈ...નારદ૦**
**જીન નરતન ધરી સંત ન સેવે, તીન નિજ જનની બિગોઈ;**
**મુક્તાનંદ કહત યું મોહન, પ્રિય મોયે જન નિર્મોહી...નારદ૦**

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

અનાદિ મુક્ત સદ્‌ગુરુ મુનીસ્વામી કહે છે, "નારાયણભાઈ! ખરા સંતનો મહિમા તથા સેવાભાવ દરેક મુમુક્ષુએ કેળવવો જોઈએ તે તમારા જેવા અનાદિ મુક્તે પોતાના વર્તન દ્વારા શીખવ્યું."

## વૃત્તવર્ણન

પૂજ્ય શ્રી નારાયણમામા નાના હતા ત્યારે સવારે વહેલા ઊઠી મંદિરે પહોંચી જતા અને દરેક સાધુ પોતાની પૂજા કઈ રીતે ગોઠવે છે તે જોઈ લેતા. કઈ મૂર્તિ ક્યાં પધરાવે છે, માળા અને શિક્ષાપત્રી ક્યાં પધરાવે છે તે બધું ધ્યાન રાખી લેતા. પછી સાધુ નહાવા પધારે ત્યારે પોતે બધા સાધુની પૂજા ગોઠવી દેતા. પૂજ્ય શ્રી નારાયણમામાએ આપણને શીખવ્યું કે જેને સેવા કરવી છે તે તો ગમે તે રીતે સેવા કરી જ લે છે. તે સાથે તે પણ શીખવ્યું કે સેવા કરવામાં ખૂબજ ચીવટ અને ચોકસાઈ રાખવી.

વઢવાણ મંદિરમાં તેમના કંઠી-ગુરુ સાધુ ભક્તિજીવનદાસજીની પણ પૂજ્ય શ્રી નારાયણમામાએ આવીજ સેવા કરેલી. સાધુ ભક્તિજીવનદાસજી બહુજ પવિત્ર હતા એટલે તેમને પૂજ્ય શ્રી નારાયણમામા સાથે શ્રીજીમહારાજની પ્રત્યક્ષપણાની લીલાના દર્શન થતાં. તેમણે આ વાત ધર્મ ધુરંધર આચાર્યજી મહારાજને તથા અન્યને પણ કરી હતી. એક વખત વઢવાણના જ રહેવાસી અને શ્રી અબજી બાપાશ્રીના કૃપાપાત્ર તેવા ડો. મણિલાલભાઈ આદેશરાએ ખૂબ આજીજી અને વિનંતી કરી કે, "શ્રીજીમહારાજને કહો કે મને પણ દિવ્ય અલૌકીક મૂર્તિના દર્શન આપે." પછી પૂજ્ય શ્રી નારાયણમામાની પ્રાર્થનાથી શ્રીજીમહારાજે તેમને પોતાના હાથના લટકાના દર્શન કરાવ્યા હતા. તેથી દિન-પ્રતિદિન સત્સંગમાં લોકો પૂજ્ય શ્રી નારાયણમામાને શ્રીજીમહારાજના લાડીલા અનાદિ મુક્ત તરીકે જાણતા થયા.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

શ્રી અબજી બાપાશ્રીના મુક્તમંડળમાં માતા-પિતા પૂજ્ય શ્રી શાકુબા તથા પૂજ્ય શ્રી ગીગાબાપાના વખતથી પૂજ્ય શ્રી નારાયણમામા વણાયેલા હતા. તેમજ તે મંડળના સંતોમાંના એક અનાદિ મુક્ત સદ્‌ગુરૂ શ્રી ભગવતસ્વરૂપદાસજી સ્વામી પૂજ્ય શ્રી નારાયણમામાના ગુરુ હતા. તેમને શ્રી અબજી બાપાશ્રીએ છપૈયામાં શ્રીજીમહારાજનો સાક્ષાત્કાર કરાવ્યો હતો. તેઓ જયારે શ્રીજીમહારાજને ફળ ફૂલ અર્પણ કરે ત્યારે શ્રીજીમહારાજ પ્રત્યક્ષ આવી તે ગ્રહણ કરતા. આવા સમર્થ અનાદિ મુક્ત સદ્‌ગુરૂ સ્વામી શ્રી ભગવતસ્વરૂપદાસજી સ્વામીને પૂજ્ય શ્રી નારાયણમામાએ પોતાના ગુરુ કર્યા હતા અને તેમના અંતિમ મંદવાડમાં તેમની ખૂબજ સેવા કરી હતી.

પૂજ્ય શ્રી નારાયણમામાએ આ પ્રસંગ એક હરિભક્તને પોતે એક વખત અત્યંત રાજીપામાં હતાં ત્યારે કહ્યો હતો કે સ્વામી શ્રી ભગવતસ્વરૂપદાસજી સ્વામી માંદા હતા ત્યારે સર્વે સંતો-હરિભક્તોએ એકત્ર થઇ શ્રીજીમહારાજનું ધ્યાન-ભજન કરી સ્વામી શ્રી ભગવતસ્વરૂપદાસજી સ્વામીને ક્યારે મૂર્તિના સુખમાં લઇ જશે તે પૂછવાનું ઠેરવ્યું. ત્યારે સ્વામી શ્રી ભગવતસ્વરૂપદાસજી સ્વામીએ કહ્યું, “નારાયણ ક્યાં છે? તેને પણ બોલાવો.” પછી પૂજ્ય શ્રી નારાયણમામાને પણ બોલાવ્યા. અને સૌ એક ખંડમાં ધ્યાન-સમાધિ કરવા બેઠા કે જેને શ્રીજીમહારાજ દર્શન દે તે પૂછે કે સ્વામીને ક્યારે તેડી જશે? પૂજ્ય શ્રી નારાયણમામાને તો કંઈ ધ્યાન-સમાધિ કરવાની જરૂર ન હતી. તેમને શ્રીજીમહારાજ સદાય પ્રત્યક્ષ જ હતા. પરંતુ અન્યના સમાસને અર્થે તેમણે બધાં સાથે બેસી સમાધિ કરી. શ્રીજીમહારાજે તેમને દર્શન આપ્યા ત્યારે પૂજ્ય શ્રી નારાયણમામાએ શ્રીજીમહારાજને પૂછયું અને કહ્યું કે, “શ્રીજીમહારાજ તેમ કહે છે કે ચાર વાગ્યે તેડી જશે.” પછી તે વાત બધાંને

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

ખબર પડી એટલે આખું મંદિર હરિભકતોથી ભરાઈ ગયું. બપોરના ચાર વાગ્યા પણ શ્રીજીમહારાજ ત્યારે તેડવા ન આવ્યા. તેથી સર્વે ઘરે ગયાં. પછી વહેલી સવારે ચાર વાગ્યે શ્રીજીમહારાજ અનાદિ મુક્ત સદ્‌ગુરુ શ્રી ભગવતસ્વરૂપદાસજી સ્વામીને પૂજ્ય શ્રી નારાયણમામાને જણાવ્યા પ્રમાણે ધામમાં તેડી ગયા હતા.

પૂજ્ય શ્રી નારાયણમામાએ અનાદિ મુક્ત સદ્‌ગુરુ સ્વામીશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી તેમજ અનાદિ મુક્ત સદ્‌ગુરુ સ્વામી શ્રી વૃંદાવનદાસજી સ્વામીનો પણ સમાગમ કર્યો હતો. એક વખત સ્વામી શ્રી ઈશ્વરચરણદાસજી પથારીવશ હતા ત્યારે પૂજ્ય શ્રી નારાયણમામા તેમના દર્શને વાડજમાં ચાંપાનેર સોસાયટીમાં ગયેલા. ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું, “મારાથી હવે બોલાતું નથી પણ તમે સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામી પાસે જાઓ. તે તમને છેલ્લા વર્તમાન સમજાવશે.” પૂજ્ય શ્રી નારાયણમામા જયારે સદ્‌ગુરુ શ્રી વૃંદાવનદાસજી સ્વામી પાસે ગયા ત્યારે તેમણે પૂછયું, “તમને છેલ્લા વર્તમાન વિષે ખબર છે?” પૂજ્ય શ્રી નારાયણમામાએ કહ્યું, “હા મને ખબર છે. મને શ્રીજીમહારાજની મૂર્તિ અખંડ દેખાય છે અને તેનું સુખ પણ આવે છે.” ત્યારે સદ્‌ગુરુ શ્રી વૃંદાવનદાસજી સ્વામીએ કહયું, “હજુ તો સમુદ્રના જળમાં પગની પેની ડૂબી છે અને છબછબિયાં કરો છો, તેમાં આટલો આનંદ! સુખના મહાસાગરમાં ડૂબકી લગાવશો ત્યારે ખરી ખબર પડશે.” પછી સદ્‌ગુરુ શ્રી વૃંદાવનદાસજી સ્વામીએ છેલ્લા વર્તમાન જે અનાદિ મુક્તની સ્થિતિ અને પ્રતિલોમ ધ્યાન તે સમજાવ્યા અને શ્રીજીમહારાજના સાક્ષાત્કાર દિવ્ય દર્શન કરાવ્યા. પૂજ્ય શ્રી નારાયણમામાને તો તે સ્થિતિની ન માત્ર જાણ હતી પણ તેઓ ઊચ્ચ કોટિના અનાદિ મુક્ત હતા અને સુખના મહાસાગરમાં અનેકાનેક ડૂબકીઓ લગાવી ચૂકેલા હતા. તેથી જયારે અનાદિ મુક્ત સદ્‌ગુરુ શ્રી વૃંદાવનદાસજી સ્વામીએ છેલ્લા વર્તમાનની

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

વાત કરી ત્યારે ખૂબ રાજીપો જણાવ્યો.

આ પ્રસંગ બાદ, બધાને પૂજ્ય શ્રી નારાયણમામાની સ્થિતિની ખબર પડતી ગઈ અને શ્રી અબજી બાપાશ્રીના મુક્તમંડળમાં સર્વે પૂજ્ય શ્રી નારાયણમામાને અનાદિ મુક્ત તરીકે ઓળખવા લાગ્યા. અનાદિ મુક્ત પૂજ્ય શ્રી સોમચંદબાપા, અનાદિ મુક્ત પૂજ્ય શ્રી ચતુરબાપા, અનાદિ મુક્ત પૂજ્ય શ્રી આશાબાપા, અનાદિ મુક્ત પૂજ્ય શ્રી મનસુખબાપા, અનાદિ મુક્ત પૂજ્ય શ્રી દિવાળીબા, કાયમ પૂજ્ય શ્રી નારાયણમામાની સલાહ લઈને કાર્યો કરતા અને તેમનો મહિમા જાણતા.

સંતોમાં અનાદિ મુક્ત સદ્‍ગુરુ શ્રી વૃંદાવનદાસજી સ્વામી, અનાદિ મુક્ત સ્વામી શ્રી શ્વેતવૈકુંઠદાસજી સ્વામી, અનાદિ મુક્ત સ્વામી શ્રી ભગવતસ્વરૂપદાસજી સ્વામી, અનાદિ મુક્ત સ્વામી શ્રી ધર્મકિશોરદાસજી સ્વામી, અનાદિ મુક્ત સ્વામી શ્રી દેવજીવનદાસજી સ્વામી, અનાદિ મુક્ત સ્વામી શ્રી ભક્તિજીવનદાસજી સ્વામી, અનાદિ મુક્ત સ્વામી શ્રી મુનિસ્વામી વગેરે સર્વે સંતો પૂજ્ય શ્રી નારાયણમામાનો મહિમા જાણતા અને તેમની પાસે આવનાર અન્યને પણ તેમના મહિમાની વાતો કરતા.

ઈ. ૧૯૭૪માં અનાદિ મુક્ત સ્વામી શ્રી મુનિસ્વામીએ જયારે મંદવાડ ગ્રહણ કર્યો ત્યારે સર્વેને ભલામણ કરી હતી કે, “હવે તમે પૂજ્ય શ્રી નારાયણભાઈનો જોગ-સેવા-સમાગમ કરજો. તેઓ દેખાય છે સાદા પણ અતિ સમર્થ અનાદિ મુક્ત છે. તેઓ આખા સત્સંગને સાચવશે.” અને ખરેખર પૂજ્ય શ્રી નારાયણમામાએ આખા સત્સંગને જાળવી લીધો. કોઈને કઈ પણ તકલીફ હોય તો શ્રીજીમહારાજ તથા શ્રી અબજી બાપાશ્રીને પ્રાર્થના કરે, જેને જ્ઞાન પિપાસા હોય તેને જ્ઞાન પીરસે, અને જે મૂર્તિના સુખના પાત્ર હોય તેને તેવી અનુભૂતિ પણ કરાવે. વર્ષો જતા બધા તેમને

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

પૂજ્ય શ્રી નારાયણભાઈને બદલે પૂજ્ય શ્રી નારાયણમામા તેવા હુલામણા પ્રેમ-પૂર્ણ નામથી સંબોધતા થયા. બધાને તેમજ લાગતું કે પૂજ્ય શ્રી નારાયણમામા કોઈ પારકા નથી આપણા પોતાના જ છે. આપણા આ લોકના અને પરલોકના સંબંધીજ છે. સારાય સત્સંગમાં આ ભાવ આજે પણ “મામા” તેવા હુલામણા નામમાં વણાયેલો છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# પ્રકરણ ૯ - વ્યવસાય

## પ્રસંગ

આશરે ઈ. ૧૯૪૫નું વર્ષ છે. પાટણ શહેરમાં શાળા નિરીક્ષકો આજે ન્યુ હાય સ્કૂલ બહાર એક પછી એક એકત્ર થઇ રહ્યા છે. આવતી પેઢીને બરોબર શિક્ષણ મળી રહ્યું છે ને! બાળકોના જીવન ઘડતર માટે ઉભું કરાયેલું તંત્ર બરોબર કામ કરી રહ્યું છે ને! શાળા નિરીક્ષકો માટે તો આ જ તેમનું રોજનું કાર્ય. એક મોટી જવાબદારી - દરેક શાળાનું શિક્ષણનું ધોરણ કેવું છે તે ચકાસવાની જવાબદારી તેમની. આજે તેઓએ પાટણની ન્યુ હાય  સ્કૂલનું નિરીક્ષણ કરવાનું છે. બધાં નિરીક્ષકો આવી ગયા પછી તેઓ અઘોષિત શાળામાં પ્રવેશ કરી એક પછી એક બધા વર્ગોનું નિરીક્ષણ કરી રહ્યા છે. એક શિક્ષકની શિક્ષણ પદ્ધતિ, જ્ઞાન, બાળકો પ્રત્યેની કરુણા અને પ્રેમભાવ, સ્વભાવની મૃદુતા, વર્તનની શુદ્ધિ તે બધું દરેક નિરીક્ષકને સ્પર્શી જાય છે. બધાં વર્ગોનું નિરીક્ષણ કરી તેઓ અંદરોઅંદર ચર્ચા વિચારણા કરી આ શિક્ષક વિષે શાળાના આચાર્યને વાત કરવા તત્પર થાય છે.

આચાર્યશ્રીના કાર્યાલયમાં પ્રવેશ કરતાં જ તેમના પગ થંભી જાય છે. આ શું? જે શિક્ષકને તેઓ હમણાં વર્ગમાં ભણાવતા જોઈને આવ્યા તેઓ તો અહીં આચાર્યશ્રીના કાર્યાલયમાં બેઠા છે! એક નિરીક્ષક તો તરત જ પાછા વળી વર્ગમાં તપાસે છે તો શિક્ષક તો એમ ને એમ ભણાવી રહ્યા છે! ફરી વળતા પગલે આચાર્યશ્રીના કાર્યાલયમાં આવે છે તો શિક્ષક તેમના તેમજ ત્યાં બેઠાં છે. અવાક રહી ગયેલા નિરીક્ષકો ગડમથલમાં પડી જાય છે ત્યાં તો આચાર્યશ્રી કહે છે, “આપ કોણ છો? હું આપની શી સેવા કરી શકું?”

નિરીક્ષકો કહે છે, “અમે શાળાના નિરીક્ષકો છીએ. આ તમારા શિક્ષકને અમે

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

હમણા જ વર્ગમાં ભણાવતા જોયા. ખૂબજ ઉચ્ચ કોટિના શિક્ષક છે તેવી તમને વાત કરવા આવ્યા તો તેઓ તો અહીં તમારી સાથે બેઠા છે."

આચાર્યશ્રી કહે છે, "હા. આ છે નારાયણભાઈ ગીગાભાઇ ઠક્કર. હમણાજ અહીં શાળામાં નોકરી શરુ કરી છે. ખૂબજ સારા શિક્ષક છે અને હોંશિયાર પણ તેવાજ છે. હું અગત્યના કાર્યોમાં તેમની સલાહ લઉં છું. અમે બંને તો અહીં કલાકેકથી સાથે બેસી કામ કરીયે છીએ."

સાનંદાશ્ચર્ય યુક્ત નિરીક્ષકો થોડી વારે ત્યાંથી પ્રયાણ કરે છે.

## વૃત્તવર્ણન

પાટણ શહેરનો આ પ્રસંગ ત્યારનો છે કે જયારે પૂજ્ય શ્રી નારાયણમામા બી.એસ.સી.ના અભ્યાસ દરમ્યાન સુરતમાં માંદા પડયા બાદ પૂજ્ય શ્રી લીલામાસી તેમને પહેલા મુંબઈ લઇ ગયાં અને થોડું સારું થયા બાદ પાટણ લઇ આવ્યા. બી.એસ.સી.ના છેલ્લા વર્ષમાં પ્રવેશ સમયસર ન મેળવાયો તેથી પૂજ્ય શ્રી નારાયણમામાએ પાટણ ન્યુ હાય સ્કૂલ (ઉચ્ચ વિદ્યાલય)માં શિક્ષકની નોકરી લીધી હતી. સીમિત આવક હોવાથી રૂગનાથ પોળમાં ભાડે ઘર લીધું. ત્યાં ભૂત-પ્રેતાદિકનો ઉપદ્રવ ઘણો. એક વખત પૂજ્ય શ્રી લીલામાસી પ્રત્યે દોરડું ઉલાળ્યું. દોરડું દેખાય પણ બીજું કઈં ન દેખાય. તે સર્વેનો પૂજ્ય શ્રી નારાયણમામાએ મોક્ષ કર્યો. ત્યારબાદ પૂજ્ય શ્રી મામા-માસીએ ગિરિધારી પાડામાં 6 રૂપિયા માસિક ભાડાનું બીજું ઘર ભાડે લીધું. ત્યાં પણ તેવી જ પરિસ્થિતિ હતી. ત્યાંના અસદ્ગતિએ ગયેલા જીવોનો પણ પૂજ્ય શ્રી નારાયણમામાએ મોક્ષ કર્યો.

અમૂક બુદ્ધિજીવી વર્ગને એક જ સમયે બે જગ્યાએ દેખાવું કે ભૂત-પ્રેત-જનનું અસ્તિત્વ કપોળ-કલ્પિત લાગતું હોય છે. પરંતુ વિજ્ઞાને એટલી

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

બધી પ્રગતિ કરી લીધી છે કે આ બધાની શક્યતા સાબિત થતી આવે છે. એક તેવી વૈજ્ઞાનિક શોધ થઇ છે કે પ્રકાશનો કણ, જેને ફોટોન કહે છે, તે એકજ સમયે બે જગ્યાએ દૃશ્યમાન હોઈ શકે છે. વૈજ્ઞાનિક રીતે ગુરુત્તવાકર્ષણના આધારે તેવી પણ શોધ થઇ છે કે માત્ર 4-6% સૃષ્ટિ આપણને દ્રષ્ટિગોચર છે. બાકીની સૃષ્ટિ આપણને દ્રષ્ટિગોચર નથી. એટલે તેવા જીવાત્માઓ કે જેમના સ્થૂળ કે સૂક્ષ્મ દેહ આપણને દ્રષ્ટિગોચર ન હોય, તેમના અસ્તિત્ત્વની શક્યતા નકારી શકાય તેમ નથી.

પૂજ્ય શ્રી નારાયણમામાએ તો જાણે અસદ્ગતિએ ગયેલાનો આવી રીતે મોક્ષ  કરવો તે નાનપણથીજ નક્કી કર્યું હોય તેમ પૂજ્ય શ્રી શાકુબા સાથેના વઢવાણના ઘરથી જ મોક્ષ કરવાનું શરુ કરી દીધું હતું. એક વખત પૂજ્ય શ્રી મામા-માસી તથા પૂજ્ય શ્રી સોમચંદબાપાના બહેન પૂજ્ય શ્રી દિવાળીબા, ત્રણેય જણ એક ઓળખીતાને ત્યાંથી રાત્રે ઘરે જતા હતા અને માર્ગમાં આવતા કાશી કુવા પર રહેલા અસંખ્ય અસદ્ગતિએ ગયેલા જીવોનો પૂજ્ય શ્રી નારાયણમામાએ મોક્ષ કર્યો હતો. તેવીજ રીતે બળદિયામાં છતેડીએ પૂજ્ય શ્રી નારાયણમામાએ અનેક વખત અસદ્ગતિએ ગયેલા ભૂત-પ્રેતાદિકનો મોક્ષ કર્યો છે, તે વાત અનેક લોકોએ નજરે નિહાળી છે.

પાટણમાં થોડો સમય નોકરી કર્યા બાદ, પૂજ્ય શ્રી નારાયણમામાએ પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યો. ત્યારબાદ સૌ પ્રથમ દરિયાપુર અમદાવાદમાં આવેલ પ્રીમિયર હાય સ્કૂલમાં શિક્ષકની નોકરી સ્વીકારી. તથાપિ ત્યાં પ્રામાણિકતામાં બાંધ-છોડ કરવી પડે તેમ હોવાથી ત્યાં રાજીનામુ આપી દીધું.

તે સમયે શ્રી કેશવલાલ કારભારીના પિતાશ્રી અમદાવાદ મંદિરના

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

કારભારી હતા. તેમને પૂજ્ય શ્રી નારાયણમામાની આધ્યાત્મિક સ્થિતિની જાણ હતી. તે પિતાશ્રીની કેલિકો મિલના માલિક સાથે ઓળખાણ. કેલિકો મિલના માલિકના પત્નીને ક્ષયરોગ (ટીબી) થયો હતો અને કોઈ ઉપચાર કામ આવતા ન હતા. તે મિલના માલિકની પૂજ્ય શ્રી નારાયણમામા સાથે કારભારી પિતાશ્રીએ ઓળખાણ કરાવી ત્યારે તે મિલ માલિકે પ્રાર્થના કરી, "મારા ધર્મપત્નીનો રોગ મટાડો." ત્યારે પૂજ્ય શ્રી નારાયણમામાએ તેમને શ્રીજી મહારાજની મૂર્તિ આપી કહયું, "તેઓ જે કંઈ પણ જમે તે પહેલા આ મૂર્તિને અર્પણ કરે અને પછી જમે. શ્રીજીમહારાજ સારું કરશે." તે પ્રમાણે અનુસરણ કરવાથી તેમના પત્નીને ક્ષયરોગ સાવ મટી ગયો. મિલ માલિકને પૂજ્ય શ્રી નારાયણમામાનો બહુ ગુણ આવ્યો અને જયારે જાણ્યું કે પૂજ્ય શ્રી નારાયણમામાએ DTC (ડિપ્લોમા ઈન ટેક્સટાઇલ કેમિસ્ટ્રી) કરેલું છે તો તેમણે  પૂજ્ય શ્રી નારાયણમામાને મિલમાં Dyeing Assistant ના હોદ્દા પર રૂપિયા ૩૫૦/- ના પગારથી રાખી લીધા.

## પ્રસંગ

પૂજ્ય શ્રી નારાયણમામા મિલમાં નોકરીએ લાગી ગયા છે. તેમના ઉપરી Dyeing Master ભટ્ટભાઈ છે. તેવે સમયે કે જયારે ૫૦-૬૦ રૂપિયાના માસિક પગારમાં સામાન્ય માણસનું ઘર ચાલી જાય, ત્યારે તેમને રૂપિયા ૩૫૦/-થી પણ વધુ પગાર છે. ખાધે-પીધે સુખી અને સાધન સંપન્ન છે. તેમાં પણ હવે તો પૂજ્ય શ્રી નારાયણમામા જેવા ખંતીલા યુવાન તેમના સહાયક છે. કાર્યનો બધો ભાર પૂજ્ય શ્રી નારાયણમામાએ ઉપાડી લીધો છે. પરંતુ ભટ્ટભાઈને અસંતોષ છે. વધુ ને વધુ ધન મેળવવાની તૃષ્ણા છે. તે તૃષ્ણાએ તેમને અનૈતિક બનાવ્યા છે. ઉતરતી ગુણવત્તા ધરાવતા કપડાં રંગવાના રંગમાં તેમને દલાલી મળતી હોવાથી તેઓ ભૂતકાળમાં ઉતરતો રંગ ખરીદતા આવ્યા છે. આજે ફરી રંગનો સોદો કરવાનો દિવસ છે. ભટ્ટભાઈ વિચારે છે, "આ નારાયણભાઈને પણ સોદો કરતાં અને

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

દલાલી લેતા શીખવાડી દઉં એટલે મારે તે કામ પણ તેમને સોંપી દેવાય."

તેઓ પૂજ્ય શ્રી નારાયણમામાને બોલાવી કહે છે, "તમે ખૂબ સરસ કામ કરો છો. હોનહાર છો. મહેનતુ છો. આ મિલ તમારી કદર કોઈ દિવસ નહિ જાણે. પણ હું હીરાનો પારખું છું. તમારા મોલ જાણું છું. એટલે તમને એક ખાનગી વાત કહું છું. આ વાત આપણી બંનેની વચ્ચે જ રહે. કોઈ ત્રીજાને ખબર ન પડે."

પૂજ્ય શ્રી નારાયણમામા કહે છે, "ભદ્રભાઈ! તમે મારા ઉપરી છો. તમારે તો મને માત્ર કામ સોંપવાનું હોય. હું તે તુરત જ કરી નાખીશ. કહો શું કામ કરવાનું છે?"

ભદ્રભાઈ કહે છે, "આપણે 2-3 રંગની કંપની પાસેથી ભાવ મંગાવિયે છીએ પણ રંગ લેવાનો તો આ એક જ કંપની પાસેથી."

પૂજ્ય શ્રી નારાયણમામા કહે છે, "ભદ્રભાઈ! એવું કેમ? તેમનો રંગ વધુ સારો હોય છે?"

ભદ્રભાઈ કહે છે, "ના. ના. તેમ નથી. આપણને તેમાંથી દલાલી મળે છે તેમાં આપણા બન્નેનો ભાગ. આપણે સમાજમાં રહીએ એટલે સહેજે પૈસાની જરૂર પડે. મિલના પગારમાંથી કેટલુંક થાય? બીજી આવક તો જોઈએ ને!"

પૂજ્ય શ્રી નારાયણમામા કહે છે, "ભદ્રભાઈ! તે તો અનીતિ કહેવાય. મિલના માલિક સાથે દગો કહેવાય. તેવો પૈસો શું કામનો? તેવે પૈસે તો

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

રાત્રે નિંદ્રા પણ ન આવે."

પૂજ્ય શ્રી નારાયણમામાએ ભટ્ટભાઈને કઈંક આવુંજ સમજાવ્યું હશે ને:

**કપટી ક્યાં જવાનો છું, પ્રભુના હાથમાંથી તું કીર્તનનું 3 પદ**
**પચે નહિ પારકું નાણું, નાહકનું તે નકી નડશે,**
**પશુ કે ઝાડ સરજીને, વ્યાજ ગણી આપવું પડશે. ૧**
**વચન તો શાસ્ત્રોનાં જે જે, પડે નહિ તે કદી ખોટાં,**
**વિચારી ચાલજો વીરા, આવશે દુઃખડાં મોટાં. ૨**
**દગા દીધા સગા સારૂ, કે ધનને કરવા તારૂ,**
**કુબુદ્ધિ કામ તે નાવે, નકી તું નરકમાં જાવે. 3**
**પાપનાં પોટલાં બાંધી, આત્મા એકલો જાશે,**
**નારાયણદાસ કે સાચું, મૂઢ ત્યાં માર બહુ ખાશે. ૪**

પૂજ્ય શ્રી નારાયણમામાના સમજાવ્યા છતાંય ભટ્ટભાઈ સમજતા નથી. તેમને આંખે લાલચનો આંધળો પાટો બાંધ્યો છે અને કાને ધન-લાલસાના તાળા વસાયા છે. પૂજ્ય શ્રી નારાયણમામા વિચારે છે, "અહીં નોકરી કરીશ તો અપ્રમાણિકતા કરવી પડશે. મારે હવે અહીં નોકરી થાય નહિ."

તેમ વિચારી પૂજ્ય શ્રી નારાયણમામા આટલી સરસ નોકરી ત્યાગવાનો નિર્ધાર કરી મિલથી નીકળી ઘર તરફ ચાલી રહ્યા છે. ત્યાં સરસ્વતી વિદ્યામંડળની શાળા બહાર શિક્ષકની પસંદગી કરવા માટેની પંક્તિ પડેલી જોઈ. પૂજ્ય શ્રી નારાયણમામા પણ તે પંક્તિમાં ઊભા રહી ગયા છે. તેમનો વારો આવ્યો અને શાળાના પ્રતિનિધિઓ સાથે પૂજ્ય શ્રી નારાયણમામાનો interview થયો ત્યારે તેઓ પૂજ્ય શ્રી નારાયણમામાથી ખૂબજ પ્રભાવિત થયા છે. તેમને રસાયણશાસ્ત્રની પ્રયોગશાળામાં લઇ જઈ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

પ્રશ્નો પૂછ્યા છે. પૂજ્ય શ્રી નારાયણમામા ત્યાં બધા ઉપકરણો અને સાધનો ગોઠવેલા જોઈ કહે છે, “આ સાધનો બરાબર ગોઠવ્યા નથી. આ રીતે ગોઠવાય.” તેમ કહી તેઓ બધું સાચી રીતે ગોઠવી આપે છે. પ્રતિનિધિઓ વધુ પ્રભાવિત થયા છે. અને તરત પૂજ્ય શ્રી નારાયણમામાની નિમણૂંક કરી દીધી છે. નિમણૂંક પછી પૂજ્ય શ્રી નારાયણમામા તેમને કહે છે, “તમને interview લેતા ન આવડયો. Interviewમાં આવા પ્રશ્નો પુછાય.” તેમ કહી પૂજ્ય શ્રી નારાયણમામા પ્રતિનિધિઓને interview લેતા શીખવે છે. તેમણે પૂજ્ય શ્રી નારાયણમામાને માસિક રૂપિયા 60/-નો પગાર તથા દર વર્ષે 5 રૂપિયા પગાર વધારો તેવું નક્કી કરી નોકરીમાં રાખ્યા છે. પૂજ્ય શ્રી નારાયણમામાને સરસપુર વિસ્તારની સરસ્વતી વિદ્યામંડળની શાળાની આ નોકરી પ્રામાણિક અને નૈતિક લાગી તેથી તેમણે સ્વીકારી લીધી છે.

પછી પૂજ્ય શ્રી નારાયણમામા પૂજ્ય શ્રી લીલામાસી સાથે વાત કરતા કહે છે, “આપણે શ્રીજીમહારાજના આશ્રિત છીએ તે ખોટું કામ આપણાથી થાય નહિ. મિલની નોકરી છોડી શિક્ષકની નોકરી સ્વીકારી છે. પગાર 350/- રૂપિયા માસિકને બદલે 60/- રૂપિયા માસિક થઈ ગયો છે. તમે આટલા પગારમાં બધો વ્યવહાર સાંભળી લેશો ને!” તેમ કહેતા પૂજ્ય શ્રી નારાયણમામા પૂજ્ય શ્રી લીલામાસીને સવિસ્તાર બધી વાત કરે છે. પૂજ્ય શ્રી લીલામાસી કહે છે, “આપણે તો શ્રીજીમહારાજ તે જ સાચું નાણું છે. અનીતિ અને અધર્મનો પૈસો શું કરવો છે.”

ત્યારે પૂજ્ય શ્રી મામા-માસીના મનના ભાવો કઈંક આવા જ હશે ને:

**રે શ્યામ તમે સાચું નાણું,**
**બીજું સર્વે દુઃખદાયક જાણું;.. રે શ્યામ૦**
**રે તમ વિના સુખ સંપત કા’વે,**

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

તે તો સર્વે મહાદુઃખ ઉપજાવે,
અંતે એમાં કામ કોઇ ના'વે..રે શ્યામ૦ ૧
રે મૂરખ લોક મરે ભટકી,
જૂઠા સંગ હારે છે શિર પટકી;
એથી મારી મનવૃતિ હટકી..રે શ્યામ૦ ૨
રે અખંડ અલૌકિક સુખ તારૂં,
જોઇ જોઇ મન મોહ્યું મારૂં;
ધરા ધન તમ ઉપર વારૂં...રે શ્યામ૦ ૩
રે બ્રહ્માથી કીટ લગી જોયું,
જુઠું સુખ જાણીને વગોયું;
મુક્તાનંદ મન તમ સંગ મોહ્યું..રે શ્યામ૦ ૪

## વૃત્તવર્ણન

સરસ્વતી વિદ્યામંડળના તે સમયના સંચાલકોમાં ભારતના ભૂતપૂર્વ નાણામંત્રી શ્રી H. M. Patel, તથા કેળવણીકાર શ્રી હરભાઇ ત્રિવેદી તથા રઘુભાઇ નાયક જેવાનો સમાવેશ થતો. તેઓ પૂજ્ય શ્રી નારાયણમામાના કાર્ય, કાર્યક્ષમતા, કાર્યદક્ષતા, વ્યવહાર શુદ્ધિ, આચરણ શુદ્ધિ, શૈક્ષણિક પદ્ધતિ વગેરેથી ખૂબજ પ્રભાવિત થયા અને ટુંકજ સમયમાં સરસપુરમાં જ J. N. કન્યાશાળાના આચાર્ય પદે તેમની નિમણૂંક કરી. તે શાળાના આચાર્યોની યાદીમાં પૂજ્ય શ્રી નારાયણમામાનું નામ લખાયેલું છે. આજે પણ સરસપુર વિસ્તારની આ કન્યાશાળા સરસપુરની સારામાં સારી શાળા કહેવાય છે. 4.2 Google Rating છે. જેમ માં પોતાના બાળકને જાળવે તે રીતે જ પૂજ્ય શ્રી નારાયણમામાએ તે શાળાને વ્યવસાયિક જીવન પર્યન્ત સાંચવી. શાળાના શિક્ષક હોય કે વિદ્યાર્થી - બધાંજ પૂજ્ય શ્રી નારાયણમામા માટે તો પોતાના બાળક સમાન જ હતા. તેમના અધિકારો જાળવવા, તે અધિકારોની રક્ષા કરવી, શિક્ષકોના પગાર, વિદ્યાર્થીનું

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

ભણતર, શાળાનું સંચાલન, આર્થિક વ્યવસ્થા, વગેરે બધું જ પૂજ્ય શ્રી નારાયણમામા ખૂબ જ પ્રેમભાવ અને નૈતિકતાથી કરતા. તેમના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલા શિક્ષકો પૂજ્ય શ્રી નારાયણમામા નિવૃત્ત થયાના વર્ષો પછી પણ તેમને પોતાના ગુરુની જેમ પૂજનીય ગણતા. વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ પણ જીવનના અનેક ક્ષેત્રે આગળ વધી, પાછું વળી પોતાની સફળતાનો શ્રેય પૂજ્ય શ્રી નારાયણમામાને આપતા. ક્યારેક તેવું થઇ જાય કે આપણને પણ તેમના માર્ગદર્શન હેઠળ ભણવાનો કે ભણાવવાનો લ્હાવો મળ્યો હોત તો!

આ સમય દરમ્યાન ઈ. ૧૯૬૭ સુધી પૂજ્ય શ્રી નારાયણમામા શાળા નજીક સરસપુરમાં તળિયાની પોળમાં રહેતા. 1967માં તેઓ નારણપુરા સર્વમંગલ સોસાયટીમાં રહેવા આવ્યા. કોને ક્યા નંબરનું ઘર આવે તેના draw માં પૂજ્ય શ્રી નારાયણમામાને ૧(પહેલાં) નંબરનું ઘર મળ્યું. ૧૯૬૭થી પછી પૂજ્ય શ્રી નારાયણમામા ૧ સર્વમંગલ સોસાયટી, નારણપુરામાં જ રહ્યાં.

પોતાના વર્ષોના અનુભવનો સાર પૂજ્ય શ્રી નારાયણમામાએ પોતાના Research Paper "Modern Education Theory with respect to Teaching" માં ઢાળ્યો. તે Research Paperને રાષ્ટ્રીય પુરસ્કાર પણ પ્રાપ્ત થયું. ઈ. ૧૯૭૭માં પૂજ્ય શ્રી નારાયણમામાએ સ્વૈચ્છિક નિવૃત્તિ સ્વીકારી. તે સમયે વિદ્યામંડળે તેમને થોડા વર્ષો હજુ શાળાનું સંચાલન કરવા વિનંતી કરી. તે વિનંતીને સવિનય અસ્વીકૃત કરી પૂજ્ય શ્રી નારાયણમામાએ સર્વજીવહિતાવહ કર્યો કરવા વ્યવસાયમાંથી નિવૃત્તિ લીધી.

પૂજ્ય શ્રી નારાયણમામાના જીવનના આ દૃષ્ટિબિંદુ પરથી આપણને તે શીખવા મળે છે કે નૈતિકતા, ધર્મ, આજ્ઞા-પાલન, અણીશુદ્ધ વર્તન,

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

કાર્યક્ષમતા, કાર્યદક્ષતા, સર્વહિત, વગેરે ગુણોની મહત્તા આ લોકની મોટાઈ, સફળતા અને ધન કરતા અનેક ગણી વધારે છે. પરમ ધન તે પ્રભુ પ્રાપ્તિ અને પ્રભુનો રાજીપો તે છે. અને આ વાત ન માત્ર પૂજ્ય શ્રી નારાયણમામાએ પોતાના જીવનમાં ઉતારી આપણને શીખવી પરંતુ પોતાના શિષ્યોને પણ શીખવી. ૧૯૮૨માં એક હરિભક્ત પૂજ્ય શ્રી નારાયણમામા પાસે એક પ્રશ્ન લઇ આવ્યા, "મામા, મેં GNFC (ગુજરાત નર્મદા વેલી ફેર્ટીલાઇઝર) ના અમોનિયા પ્લાન્ટ ને બનાવવાનું કામ કર્યું. તે કામથી પ્રભાવિત થઇ GNFCએ મારી GPF (Gujarat Poultry Farm) ને સિફારિશ કરી છે. ૧.૨૫ કરોડનું કામ છે (ત્યારે સામાન્ય માણસને માસિક ૧૫00/- રૂપિયા જેવો ઘર ખર્ચ થતો). લગભગ ૭૫-૮0% ફાયદો છે. મેં પહેલાં કરેલા કામના પ્રમાણમાં આ કામ બહુ સહેલું છે અને વળતર ઘણું વધારે છે. મારે આખી જિંદગી પૈસાની ચિંતા ન કરવી પડે. તો આ કામ લેવું કે કેમ તેવો પ્રશ્ન થાય છે." પૂજ્ય શ્રી નારાયણમામાએ તેમને કહ્યું, "પૈસાનું તો શ્રીજીમહારાજ પૂરું પાડશે. આ કામ તમે કરો તો તમારે મરઘાં માટેની જેલ બનાવવી પડે. આપણે કદી કોઈની જેલ ન બનાવવી." પછી તે હરિભક્તે તે કામ ન લીધું. આમ પોતાની પાસે આવનારને પૂરતું ધન મળી રહે તેવી તેઓ પ્રાર્થના કરતા પરંતુ ધન માટે જરાક સરખું પણ અધર્મ જેવું લાગે તો કરવાની ના પાડતા. પૂજ્ય શ્રી નારાયણમામાના જીવનના આ પાંસામાંથી શીખવાની આ સૌથી અગત્યની વાત છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# પ્રકરણ ૧૦ - સર્વજીવહિત

**મુક્તાનંદ સ્વામી. ખેલત શ્રી ગિરિધારી દશેરા કીર્તનનું ચોથું પદ**

**પૂજત પરમ દયાળ વિજ્યાદશમી, પૂજત પરમ દયાળ;**
**વિપ્ર વેદધુનિ કરત મનોહર, ગુણીજન ગાત રસાળ. વિજ્યાદશમી. ૧**
**શમીપૂજન કરી અશ્વ દોડાવત, સબવિધિ શોભાધામ;**
**જદુકુળતિલક અખીલ જગઇશ્વર, શ્રીપતિ પૂરણકામ. વિજ્યાદશમી. ૨**
**વિપ્રકું દાન બહુતવિધ દીનો, કરીકે અતિ સનમાન;**
**નિજ મંદિર આયે મનમોહન, શ્રીઘનશ્યામ સુજાન. વિજ્યાદશમી. ૩**
**ચુડવા દુધ જીમાવત સબકું, આપ જીમત સુખકંદ;**
**મુક્તાનંદકો નાથ જગદ્ગુરુ, વાસુદેવ જગવંદ. વિજ્યાદશમી૦ ૪**

## પ્રસંગ

આજે ઈ. ૧૯૮૧, ૮ ઓક્ટોબર, વિજયાદશમીનો દિન છે. ઘણા વર્ષોથી પૂજ્ય શ્રી નારાયણમામાને જે કાર્ય કરવાની મરજી હતી તે આજે આકાર લઇ રહ્યું છે. સત્સંગમાં શ્રીજીમહારાજના અનન્ય હરિભક્તો સાથે મળી તેમણે સર્વજીવહિતાવહ સંસ્થા "શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન" સ્થાપી છે. સર્વસંમતિથી સંસ્થાના પ્રેરક, મૂળ સંસ્થાપક તથા આજીવન પ્રમુખ તરીકે પૂજ્ય શ્રી નારાયણમામાનું ચયન થયું છે. કમિશનરશ્રીની કચેરીમાં સહી-સિક્કા કરી ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન થઇ ગયું છે. તે પછી એકત્ર સત્સંગી સર્વે એક-બીજાને મળી તથા પૂજ્ય શ્રી નારાયણમામાના ચરણસ્પર્શ કરી અભિવાદન કરે છે. સૌના આનંદનો પાર નથી. શ્રીજીમહારાજના ઉદ્દાત સિધ્ધાંતોને અનુરૂપ આ સંસ્થાના હેતુ અને ઉદ્દેશ તૈયાર કરાયા છે. સંસ્થાનું સરનામું છે - ૧ સર્વમંગલ સોસાયટી, નારણપુરા, અમદાવાદ -૧૩ - આપણા લાડીલા પૂજ્ય શ્રી

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

નારાયણમામાનું નિવાસસ્થાન.

## વૃત્તવર્ણન

એક ખૂબ જ નમ્ર શરૂઆત થઈ એક ખૂબ જ મહાન ધ્યેય અને એક ખૂબ જ ઉદ્દાત ભાવનાની. પૂજ્ય શ્રી નારાયણમામા તેમ કહેતાં કે સંખ્યા અગત્યની નથી. Ph.D. કરવાવાળા એકડિયા-બાળપોથી કરવાવાળા કરતા ઘણા ઓછા હોય. તેમ અતિશય મોટી સંસ્થા કરતા ઉચ્ચ કોટિની સંસ્થા હોવી ખૂબ જરૂરી છે. જેમાં વ્યવહારશુદ્ધિ, વહીવટશુદ્ધિ, આચારશુદ્ધિ, વિચારશુદ્ધિના વૃક્ષ ફૂલ્યા-ફાલ્યા હોય. બહુ મોટા ભંડોળની આવશ્યકતા નથી. થોડા ભંડોળમાં પણ અનેક ઉચ્ચ કક્ષાના સત્કાર્યો થઇ શકે છે.

સુજ્ઞ વાચકને તે જણાયા વગર નહિ રહે કે પૂજ્ય શ્રી નારાયણમામાએ લખેલા “શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનના” હેતુ અને ઉદ્દેશો મનુષ્યની જરૂરિયાતો પ્રમાણે લખાયા છે. આવી જરૂરિયાતો પર અનેક સંશોધનકારોએ સંશોધન કર્યું છે, જેમ કે Maslowએ research papers લખ્યાં  છે, તે પર ચર્ચાઓ થઈ છે અને અધિવેશનો યોજાયા છે. જયારે કે પૂજ્ય શ્રી નારાયણમામાએ તો તે જરૂરિયાતોને સંસ્થાના ઉદ્દેશોમાં કોઈ પણ જાતના ઉદ્દઘોષ વગર વણી લીધી છે. તે જરૂરિયાતો અનુક્રમે - આર્થિક, સ્વાસ્થ્ય, માનવતાની ભીનાશ અને આંતરિક શાંતિ, બૌદ્ધિક વિકાસ, ધાર્મિક વિકાસ તેમજ આધ્યાત્મિક વિકાસ. આ ઉદ્દેશો તથા હેતુનો વિસ્તાર “શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન” સંસ્થાના પ્રકાશનોમાંથી વાચકવર્ગને મળી રહેશે.

પૂજ્ય શ્રી નારાયણમામાએ પોતાના ઘરમાંથી શરૂ કરેલી આ સંસ્થા દિન-પ્રતિદિન વૃદ્ધિ પામતી ગઈ છે. સંસ્થાના પુસ્તકાલયના પુસ્તકોનો સંગ્રહ પૂજ્ય શ્રી નારાયણમામાએ પોતાના ખર્ચે, પોતાની આવકમાંથી કરેલો છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

આ પુસ્તકાલયના પુસ્તકો, પૂજ્ય શ્રી નારાયણમામાના ગમતા પુસ્તકો છે. પૂજ્ય શ્રી નારાયણમામા તેમ કહેતા કે જે પુસ્તક જીવનમાં ઉપયોગી ન હોય તે પુસ્તકનું કામ શું? તો પુસ્તકાલયના બધાં પુસ્તકો જીવનમાં ઉપયોગી છે. તો જ પૂજ્ય શ્રી નારાયણમામાએ તેમને પુસ્તકાલયમાં મૂક્યા હોય. આપણે સૌ બાઈ-ભાઈ હરિભક્તોએ તે પુસ્તકોનો અભ્યાસ તથા ઉપયોગ કરવો જોઈએ. સંસ્થાના પ્રકાશનોની શરૂઆત પૂજ્ય શ્રી નારાયણમામાના લખેલ પુસ્તક "સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ અને વિશ્વધર્મ"થી થઇ. આ પુસ્તક પૂજ્ય શ્રી નારાયણમામાએ સૌ પ્રથમ એક આર્ટિકલ રૂપે લખ્યું હતું અને માત્ર એક જ કલાકમાં લખી નાખ્યું હતું!

સંસ્થાના વિકાસ માટે પૂજ્ય શ્રી નારાયણમામાએ કોઈ પાસે કોઈ દિવસ હાથ લાંબો કર્યો નથી કે ફાળો ઉઘરાવ્યો નથી. સંસ્થાના કાર્યો તથા વહીવટશુદ્ધિ જોઈ ભાવિક અને શ્રધ્ધાળુ હરિભક્તો સ્વેચ્છાએ જ પોતાનો આર્થિક, દૈહિક, કે બૌદ્ધિક ફાળો આપતા આવ્યા છે. એક વખત પૂજ્ય શ્રી નારાયણમામાએ 2-3 હરિભક્ત બહેનોને કહ્યું હતું કે, "સ્વામિનારાયણ ભગવાને એક વાદળી મૂકી રાખી છે તેમાંથી પૈસા વરસાવ્યા કરે છે. તમારે સેવાકાર્ય કરવું હોય તો 25 લાખ તો આમ ચપટીમાં ઉભા કરી દઉં." આમ શ્રીજીમહારાજ પોતે પૂજ્ય શ્રી નારાયણમામાએ સ્થાપેલ આ સંસ્થાના વિકાસમાં ભેળા ભળ્યા છે. સંસ્થાની સ્થાપના કરતાં પહેલા પૂજ્ય શ્રી નારાયણમામા કાળુપુર સ્વામિનારાયણ મંદિરે ઘનશ્યામ મહારાજને પ્રાર્થના કરી રહ્યા હતા ત્યારે શ્રીજીમહારાજે પોતે દિવ્યરૂપે સંસ્થાને "શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન" નામ આપીને પોતાની "ઘનશ્યામ પાંડે" તેવી સહી કરી હતી.

ઉત્તરોત્તર વિકાસ થતા સંસ્થામાં અનેક મકાનો ઉમેરાયા તેમજ સભા ખંડ, ધ્યાન ખંડ વગેરે ઉમેરાયા અને શ્રીજી મહારાજ, શ્રી અબજી બાપાશ્રી, તથા

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

અનેક સંતો તથા મુક્તોની મૂર્તિઓ અને છબીઓ પધરાવાઈ. તેમજ પુસ્તકાલય, નિઃશુલ્ક નોટબુકો, નિઃશુલ્ક આરોગ્ય સેવા, વગેરે કાર્યો પણ ઉમેરાયા.

## પ્રસંગ

ઈ. ૧૯૯૭, ૨૭મી ફેબ્રુઆરીનો દિવસ છે. સૌના લાડીલા પૂજ્ય શ્રી નારાયણમામાનો અમૃત મહોત્સવ જેવો પર્વ છે. પૂજ્ય શ્રી નારાયણમામાને તો ઉદ્ઘોષ બહુ ગમતો નહિ પરંતુ ભાવિક હરિભક્તોએ મહોત્સવ યોજ્યો છે. આજે સર્વમંગલ સોસાયટીમાં આનંદનો ઉત્સવ છે. ભાઈઓના સભાખંડમાં શ્રીજીમહારાજ તથા શ્રી અબજી બાપાશ્રીની મૂર્તિઓ પધરાવાઈ રહી છે. થોડા વર્ષોથી મૂળી મંદિરમાં અસ્થાપિત રહેલી શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ, જે સદ્ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામીના શિષ્ય શ્રી હરિનારાયણદાસજી સ્વામીએ કરાવડાવી હતી, તેની શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનમાં પ્રતિષ્ઠા થઇ હતી. આજે તેને બહેનોના નવા સભાખંડમાં પ્રસ્થાપિત કરવાની છે. આ ભવ્ય તેમજ કરુણામય મૂર્તિ સૌએ સાથે મળી યથાસ્થાને પધરાવી દીધી છે. ત્યારબાદ મંત્રોચ્ચાર સાથે તેની પ્રાણપ્રતિષ્ઠા પૂજ્ય શ્રી નારાયણમામાએ સરસપૂર મંદિરના સંત સદ્ગુરુ સ્વામીશ્રી હરીજીવનદાસજીને સાથે રાખી કરી છે. અતિશય આનંદનું વાતાવરણ છે. શ્રીજીમહારાજનો દિવ્યાનંદ અને દિવ્ય શાંતિ ચોમેર પ્રસરેલી છે.

હરિભક્તો પૂજ્ય શ્રી નારાયણમામાને  પ્રાર્થના કરી રહ્યા છે, “મામા! આ અવસરે કઈંક રૂડા આશીર્વાદ આપો.” પૂજ્ય શ્રી નારાયણમામા અત્યંત રાજીપા સાથે કહે છે, “જે કોઈ આ મૂર્તિને પ્રાર્થના કરશે તેની પ્રાર્થના શ્રીજીમહારાજ જરૂર સાંભળશે અને તેનું દુઃખ દૂર કરશે. આ મૂર્તિને પ્રાર્થના કરી કરેલા બધા શુભ મનોરથો પૂર્ણ થશે. શ્રીજીમહારાજ બધાં શુભ સંકલ્પ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

સત્ય કરશે." આ આશીર્વાદ દેવાનંદ સ્વામીના આ કીર્તનમાં કેટલી સરસ રીતે સમાવી લેવાયા છે:

**પ્રેમશું મૂર્તિ પધરાઈ, પ્રેમશું૦ ટેક**
**સહજાનંદ મહારાજ ખડે હે, દ્વાર મંદિર આઈ...પ્રેમ૦ ટેક૦**
**મધુર મુખ બોલત ભયે બાની, નરનારાયણ દેવકે દરશન, હોવત દુઃખહાની...પ્રેમ૦ ૧**
**કામ અર્થ ધર્મ મોક્ષ ચ્યારી, મનવાંછિત ફલ પાવત યાકું, સુમરત નરનારી...પ્રેમ૦ ૨**
**ભૂષન અરૂ બસન થાર કરહી, મહારોગ મીટ જાવત સહજે, ભવસાગર તરહી...પ્રેમ૦ ૩**
**દંડવત પ્રદક્ષિણા દેવે, ડગ ડગ મહી લહે યજ્ઞહું કો, ફલ સુધમતિ સેવે...પ્રેમ૦ ૪**
**હમારો રૂપ યેહી જાનો, દેવાનંદ કહે શ્રી મુખ બોલે, મમ મૂર્તિ માનો...પ્રેમ૦ ૫**

## <u>વૃત્તવર્ણન</u>

આપણા લાડીલા ગુરુ પૂજ્ય શ્રી નારાયણમામાની સ્થાપેલી આ સંસ્થા તેમના જેવીજ પવિત્ર, શુદ્ધ અને સ્ફટિક સમાન ચોખ્ખી સદાય રહો અને તેના સર્વજીવહિતાવહ ઉદ્દેશો અને હેતુઓ સદાય બર આવતા રહો તેવી શ્રીજીમહારાજ, શ્રી અબજી બાપાશ્રી તથા અનંત મુક્તોના ચરણોમાં વિનમ્ર પ્રાર્થના.

બળદિયા છતેડીના વિકાસમાં પણ પૂજ્ય શ્રી નારાયણમામાનો અનન્ય ફાળો છે. દરેક અવસરે છતેડીએ જવું, અન્ય હરિભક્તોને પોતાની હાજરીથી ત્યાં આકર્ષવા, જેને કહેવાય તેને પ્રસંગ-સમૈયે છતેડીએ આવવા

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

કહેવું. શ્રી અબજી બાપાશ્રીનું માહાત્મ્ય વધારવું. શ્રી અબજી બાપાશ્રીએ કરેલ વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા પ્રચલિત કરવી તથા દરેક ઉત્સુક વાચકને ઉપલબ્ધ કરાવવી, તેમજ શ્રી અબજી બાપાશ્રીનું જીવન ચરિત્ર પ્રકાશિત કરવું, વગેરે અનેક સર્વજીવહિતાવહ કાર્યો પૂજ્ય શ્રી નારાયણમામાએ કર્યા છે. "અનાદિ મુક્તરાજ શ્રી અબજી બાપાશ્રીનું જીવન ચરિત્ર" પુસ્તકને તો ૧૯૯૩માં Federation of New Publishers, New Delhi તરફથી Award of Excellence in Publishing પણ એનાયત થયેલો છે.

૧૯૯૩માં પૂજ્ય શ્રી નારાયણમામા તથા પૂજ્ય શ્રી લીલામાસી વિદેશમાં વસતા હરિભકતોને પણ સેવા-સમાગમનો લાભ આપવા England, Canada તેમજ USAની મુલાકાતે આવેલ. તે વખતે કોઈ એક જગ્યાએ ન રહેતા ગામેગામ ફરી અનેક મુમુક્ષુઓને લાભ આપ્યો. એક પ્રસંગે અન્ધ મહાસાગર (Atlantic Ocean)ના એક તટ પર પૂજ્ય શ્રી નારાયણમામા ઉભા હતા અને તે સાગરના જળમાં પગ બોળી ઉભા રહી તેમ બોલ્યા કે, "આ મહાસાગરના દરેક જીવજંતુનું ભગવાન સ્વામિનારાયણ કલ્યાણ કરે. બધાનો આવતો જન્મ મનુષ્ય જન્મ!"

આ સિવાય પણ પૂજ્ય શ્રી નારાયણમામાએ અનેક સર્વજીવહિતાવહ કાર્યો કર્યા છે. ગામેગામ ફરી અનેક હરિભક્તોને સુખિયા કર્યા છે. ક્યાંક એક કલાક , ક્યાંક બે કલાક, ક્યાંક અડધો દિવસ તો ક્યાંક એક દિવસ રહી હરિભક્તોને વાતોએ કરીને, સેવા અંગીકાર કરીને, ભોજન જમીને, તેમ અનેક રીતે સુખિયા કર્યા છે. એક હરિભક્તે એક વખત પૂજ્ય શ્રી નારાયણમામાને પૂછયું, "તમને સ્પર્શેલો વાયરો કોઈને સ્પર્શીને જાય તો તેનું કેવું ફળ થાય?" પૂજ્ય શ્રી નારાયણમામાએ કહ્યું હતું કે, "તેના અનેક જન્મ કપાય જાય." એક અન્ય પ્રસંગે એક હરિભક્તને પૂજ્ય શ્રી

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

નારાયણમામાએ કહ્યું હતું, "શ્રીજી મહારાજના અનાદિ મુક્ત તો એક રૂમાલ વાપરે, તો તે બનાવનાર સંસ્થાના નોકરિયાતો, વણકર, તાંતણો બનાવવાવાળા, રૂ કાંતવાવાળા, કપાસ વાવવાવાળા, દરેકે દરેક જીવના હિત માટે તેઓ પ્રાર્થના કરે અને તે દરેકનું કલ્યાણ થાય." આવા તો અનેકાનેક કાર્યો અને પ્રસંગો છે જેનો લખે પાર આવે તેમ નથી.

આ રીતે પોતાનું સમગ્ર જીવન અન્યને અર્પણ કરી પૂજ્ય શ્રી નારાયણમામાએ આપણને સેવાનું માહાત્મ્ય સમજાવ્યું. તે સાથે તે પણ સમજાવ્યું કે સૌથી મોટી સેવા તો જીવોની ત્રિવિધ તાપથી રક્ષા કરી પ્રભુ તરફ વાળવા તે છે. જ્યારથી સૃષ્ટિની રચના થઈ ત્યાર પહેલાથી જીવો માયાના ગર્ભમાં સુષુપ્ત દશામાં રહ્યા છે. કોઈ દિવસ ખરી સ્વતંત્રતા જીવે માણી નથી. પૂજ્ય શ્રી નારાયણમામાએ અનેક જીવોને શ્રીજીમહારાજની મૂર્તિના સુખના અધિકારી કરી દીધા! કેવડી મોટી કૃપા કરી. પાત્ર-કુપાત્ર ન જોયું. તેઓ કહેતા કે જો શ્રીજીમહારાજ અને મુકતો જીવના દોષો સામું જુવે તો કોઈનો મોક્ષ થાય નહિ. તેથી જોતા નથી અને કૃપાદૃષ્ટિ રાખે છે. તેવા આપણા ગુરુ છે. તો આપણે પણ તેવા બનીયે. અન્યમાં દોષ દેખાય તો તે દેખ્યો-અણદેખ્યો કરીયે. અંતર્દૃષ્ટિ કરી પોતાના દોષ જોઈ તે દોષને કાઢવાની વૃત્તિ રાખીયે. અંતે તો સર્વેએ મૂર્તિના સુખમાં પહોંચવાનું છે જ અને ત્યાં ભેગા રહેવાનું છે જ. તો માનવ દેહના ટૂંક જીવન પૂરતું વેર-ઝેર, ચડસા-ચડસી, પારકું-પોતાનું, મારું-તારું, અણછાજતી સ્પર્ધા, તેવા અનેકાનેક સૂક્ષ્મ અંતરશત્રુઓ પર વિજય મેળવી સુમેળ અને સમન્વય સાધીએ.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# પ્રકરણ ૧૧ - સ્વાસ્થ્ય તથા દેહ-વિલય

## પ્રસંગ

આજે શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનની માસિક સભા છે. અનેક બાઈ-ભાઈ હરિભક્તો પૂજ્ય શ્રી નારાયણમામા તથા પૂજ્ય શ્રી લીલામાસીના દર્શન સમાગમનો લાભ લેવા દર મહિનાની જેમ આવી પહોંચ્યા છે. આજે પૂજ્ય શ્રી નારાયણમામાએ સભામાં ખૂબજ લાભ આપ્યો. દર વખત કરતા થોડું વધુ બોલ્યા છે અને સભા પણ તેના નિશ્ચિત સમય કરતા લાંબી ચાલી છે. પૂજ્ય શ્રી નારાયણમામાની મુખાકૃતિ પર થાક જણાય રહ્યો છે. પણ આજનો થાક કઈંક જુદો જ લાગે છે. થોડી વારે તો પૂજ્ય શ્રી નારાયણમામાના મુખારવિંદ પર પરસેવાના બિંદુઓ આવી ગયા છે. પહેલાં તો સર્વે હરિભક્તોને તેમ થયું કે સભા લાંબી ચાલી તેના લીધે હશે પણ થોડો સમય આવુંજ રહ્યું એટલે બધાંને ચિંતા થઈ. ખ્યાલ આવ્યો કે આ કોઈ સામાન્ય થાક નથી. તરત જ પૂજ્ય શ્રી નારાયણમામાને રુગ્ણાલય લઈ જવાની વ્યવસ્થા કરી. પૂજ્ય શ્રી લીલામાસી પણ ગાડીમાં પૂજ્ય શ્રી નારાયણમામાની સાથે જ બેસી ગયાં છે. સૌના મુખાર્વિંદ પર ચિંતાના ભાવો સ્પષ્ટ જણાય રહ્યાં છે. ઉતાવળે સૌ રુગ્ણાલય પહોંચ્યા અને પૂજ્ય શ્રી નારાયણમામાને ભરતી કરાવી બધાજ પરીક્ષણો (Test) કરાવ્યા. ત્યારે ખબર પડી કે તેમને હૃદયરોગનો હુમલો (Heart Attack; Stroke) આવ્યો છે. તરત જ સારવાર તથા ઉપચાર શરુ થઈ ગયા છે. પરંતુ તબીબો તેવું કહે છે કે કંઈ પણ તારણ કાઢવું અશક્ય છે. ભગવાન કરે તે ખરું.

## વૃત્તવર્ણન

જાન્યુઆરી ૨૭, ૧૯૯૧ની સાંજ તથા રાત્રી દરેક હાજર હરિભક્તોને યાદ હશે. રાતના બારેક વાગ્યા સુધી તો અનેક હરિભક્તો રુગણાલયની બહાર

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

ઉભા હતા. પૂજ્યશ્રી નારાયણમામાની રૂમમાં જવાની કોઈને છૂટ ન હતી. માત્ર પૂજ્ય શ્રી લીલામાસી અને તેમની સાથે રહેલ ૧-૨ બહેનો તથા ૨-૪ ભાઈઓ. રુગ્ણાલયમાં હાજર અન્ય દર્દીઓના કુટુંબીજનો પૂછે છે કે “આ કોઈ મોટી મિલના માલિક છે? આટલી બધી ગાડીઓ અને આટલા બધા લોકો!” તો તેમને જવાબ મળે, “ના. આ તો અમારા નારાયણમામા છે.” પૂજ્ય શ્રી નારાયણમામાએ તો ત્યારે ૬૯ વર્ષની ઉંમરે દેહ-ત્યાગ કરી લીલા સંકેલી લેવાનું નક્કી કરી લીધું હતું. એક વખત તો તેમને પ્રાણવાયુ વગેરેની નળીઓ લગાવી હતી તેને હાથ અડાડી કહે, “આ બધું શું લગાડયું છે? તેનું શું કામ છે? કાઢી નાખો.” પછી પૂજ્ય શ્રી લીલામાસી તથા હાજર અન્ય સેવકોએ પ્રાર્થના કરી એટલે રહેવા દીધું. પૂજ્ય શ્રી લીલામાસીએ એક બહેનને પોતાની પાસે રાખી બીજી બે બહેનોને ઘરે મોકલીને કહ્યું કે, “તમારા મામાને કઈ જોઈતું કરતુ હોય તો તમે તરત બનાવીને મોકલાવજો.” ભાઈયો પણ ખડે પગે સેવામાં હજાર. કંઈ લાવવું હોય, ઈલાજની કંઈ વ્યવસ્થા કરાવવી હોય, તબીબો સાથે વાત કરવી હોય, વગેરે. ૧-૨ દિવસ થયા, પણ પૂજ્ય શ્રી નારાયણમામા તો સ્વાસ્થ્યમાં કંઈ સુધારો જણાવતા ન હતા. સૌના હૈયા ઉચાટ થઇ ગયા હતાં. કોઈને પૂજ્ય શ્રી નારાયણમામાને જવા દેવા ન હતા. સૌ કોઈ તેમને પ્રાર્થના કરી રહ્યા હતા. પૂજ્ય શ્રી લીલામાસી તો બધાં બહુ કહે ત્યારે થોડું ખાય. છેવટે પૂજ્ય શ્રી નારાયણમામાએ પૂજ્ય શ્રી લીલામાસી તથા સર્વેની પ્રાર્થના સાંભળી મંદવાડને રજા આપી. તબીબોને પણ આશ્ચર્ય થયું કે આ કઈ રીતે બને. અચંભામાં પડી ગયા. પછી તો પૂજ્ય શ્રી નારાયણમામાના રુગ્ણાલયના રહેવાસ દરમ્યાન તબીબો હાથ જોડી ઉપચાર કરતા, ખબર પૂછતાં અને આશીર્વાદ પણ લેતાં. પૂજ્ય શ્રી નારાયણમામા લગભગ ૧૪-૧૫ દિવસ રુગ્ણાલયમાં રહ્યા તે દરમ્યાન રુગ્ણાલયમાં દરેકે દરેક દર્દી સાજા થઈને ઘરે ગયાં. સર્વેના રોગ મટી ગયા. એક મુસલમાન દર્દીના કુટુંબીજનને તો પૂજ્ય શ્રી નારાયણમામામાં અસીમ તેજ દેખાયું અને તે

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

કહેવા લાગ્યા, "તમે આમની શું ફિકર કરો છો. આ તો અલ્લાહ છે." પૂજ્ય શ્રી નારાયણમામા જેવા સંપૂર્ણ મુક્તોનો મંદવાડ અન્ય જીવોને સેવાનો અવસર આપી પ્રારબ્ધ કાપવાનો હોય છે. તેઓ સ્વેચ્છાઓ મંદવાડ ગ્રહણ કરે છે અને ત્યાગ કરે છે. ૧૯૯૧ની આ લીલા દરમ્યાન અનેક બાઈ-ભાઈ હરિભક્તોને સેવાનો અવસર મળ્યો, અને તેમના જીવન ધન્ય થઇ ગયા!

પૂજ્ય શ્રી નારાયણમામાનું શરીર અને આરોગ્ય સ્વસ્થ હતું. B. Sc. દરમ્યાન ન્યુમોનિયા ગ્રહણ કર્યો હતો અને ત્યારબાદ એક વખત ટાઈફોઈડ ગ્રહણ કર્યો હતો. ક્યારેક નાની તાવ-શરદી જેવી બીમારીઓ આવી હોય. તે સિવાય કોઈ દિવસ કોઈ મોટી બીમારી નહિ. તેઓ તેમ કહેતાં કે બીમાર પડવું તે એક ગુનો છે. મુમુક્ષુએ પોતાનું શરીર સ્વસ્થ રાખવું, જેથી ધ્યાન-ભજનમાં તેનો ઉપયોગ થઇ શકે અને અન્ય કોઈ પાસે સેવા ન કરાવવી પડે. વ્યવસાય દરમ્યાન બાળકોને ભણાવવામાં તેમજ શાળાના સંચાલનમાં તેમને બોલવું બહુ પડતું. તેમ જ સત્સંગમાં પણ હરિભક્તોને તેવો આગ્રહ રહેતો કે, "પૂજ્ય શ્રી નારાયણમામા આપણને કઈંક વાતો કરે." તેમને પણ પૂજ્ય શ્રી નારાયણમામા વાતો દ્વારા સંતોષ અને આનંદ આપતા. તેને લીધે વખત જતાં તેમને ગળાની તકલીફ થઈ ગઈ હતી. તે સિવાય 1991ના આ મંદવાડ સુધી અન્ય બીજી કોઈ શારીરિક તકલીફ તેમણે જણાવી ન હતી.

## પ્રસંગ

૨૦ સપ્ટેમ્બર ૧૯૯૭, શનિવારનો દિવસ છે. સાંજનો સમય છે. શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન ના નીચેના બહેનોના હૉલમાં પૂજ્ય શ્રી નારાયણમામાનું પાર્થિવ શરીર દર્શનીય છે. અંતિમ દર્શને આવનાર હરિભક્તોની ભીડ વધી રહી છે. સેવકો સર્વેને સાંત્વના આપી રહ્યાં છે અને

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

એક-મેકને પણ હિમ્મત આપી રહ્યાં છે. સામે ૧ સર્વમંગલ સોસાયટીમાં પૂજ્ય શ્રી લીલામાસી પણ બેઠાં છે. બહેનો સૌ તેમની પાસે બેઠાં છે. સૌ ઉદાસ છે. જીવનપ્રાણ સમા પૂજ્ય શ્રી નારાયણમામાએ સવારે ૧૨:૨૫ની આસ-પાસ પાર્થિવ શરીરનો ત્યાગ કર્યો છે. મુક્તોને આવવા-જવાપણું નથી તેવી સમજણ તો છે પણ હવે દર્શન-સેવા-સમાગમનું સુલભ સુખ દુર્લભ થયું છે.

જમવાનો સમય થઈ ગયો છે પણ અત્યારે કોઈને જમવાની ઈચ્છા નથી. વાતાવરણમાં શ્રીજીમહારાજે એક દિવ્ય શાંતિ તથા ધીમી ખૂશ્બો મૂકી છે. તેથી કોઈ કલ્પાંત નથી કરી રહયું પણ હૈયા તો સર્વેના રડી રહ્યા છે. આવા મુક્ત હવે ક્યાં ખોળવા? અનંત જન્મોનાં સુકૃત ઉદય થાય ત્યારે પૂજ્ય શ્રી નારાયણમામા જેવા પૂર્ણ અનાદિ મુક્તનો જોગ-સમાગમ-સેવા પ્રાપ્ત થાય. ગામોગામ પૂજ્ય શ્રી નારાયણમામાના દેહ-ત્યાગના સમાચાર પહોંચતા જાય છે તેમ હરિભક્તો એકત્ર થતાં જાય છે. જેમ રાત વીતે છે તેમ વધુ ને વધુ જન-સમુદાય સાગરની જેમ ઉભરાતો જાય છે. મહા વિષમ રાત્રી પછી પરોઢિયે સૂર્યોદય થયો છે. સૂર્યદેવ પણ આજે જાંખા લાગે છે. પક્ષીઓ પણ કલરવ નથી કરી રહ્યાં. પવન થંભી ગયો છે. વૃક્ષો પણ કોઈ જાતની હરકત વગર ઉભા છે. હજારોની સંખ્યામાં માનવ-મેદની ઉમટી છે પણ નીરવ શાંતિ છે.

સેવકોએ આખી રાત્રી સેવા કરી પૂજ્ય શ્રી નારાયણમામાની અંતિમ-યાત્રાને અનુરૂપ પાલખી બનાવી છે. શ્રીજીમહારાજ, શ્રી અબજી બાપાશ્રી તથા અનંત અનાદિ મુક્તોની જય બોલાવી પૂજ્ય શ્રી નારાયણમામાને સેવકો બહાર લઇ આવ્યા છે (તે સમયે ૧,૭,૮ નંબરના મકાનના ફળિયા મોટા હતાં અને sideના પ્રવેશ દ્વારનો ઉપયોગ થતો). પૂજ્ય શ્રી લીલામાસીએ પૂજ્ય શ્રી નારાયણમામાની આરતી ઉતારી બાદ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

સેવકો, સંતો, હરિભક્ત ભાઈ-બહેનો “સ્વામિનારાયણ-સ્વામિનારાયણ” ધૂન તથા મંત્રોચ્ચાર સાથે અંતિમ-યાત્રામાં જોડાયા છે. ૨૧ સપ્ટેમ્બર ૧૯૯૭, સવારના ૯:30ની આસ-પાસ અંતિમ-યાત્રા ૧ સર્વમંગલ સોસાયટીથી શરુ થઈ આશરે ૧૧:30 વાગ્યે નારાયણઘાટ પહોંચી ગઈ છે. જ્યાં જ્યાં દૃષ્ટિ પડે ત્યાં દૂર સુધી હરિભક્ત બાઈ-ભાઈના સમૂહ જ દેખાય છે. સમગ્ર અંતિમ-યાત્રા દરમ્યાન હરિભક્તોએ અબીલ-ગુલાલ, અક્ષત, પુષ્પ, તથા ધનની વૃષ્ટી તેમ જ શ્રીજીમહારાજ તથા શ્રી અબજી બાપાશ્રીનો જયઘોષ અવિરત ચાલુ રાખ્યો છે. માર્ગમાં બધાં ઘરોમાંથી બહાર નીકળી આવી દર્શન કરી રહ્યા છે કે આ જરૂર કોઈ મોટા પુરુષની અંતિમ યાત્રા છે. ૧૨:0૬ મિનિટે પૂજ્ય શ્રી નારાયણમામાના દેહનો અગ્નિ-સંસ્કાર થયો. તે સાથે જ ખાળી રાખેલ અશ્રુઓની ધારાઓ વહી ચાલી છે, લાગણીના બાંધ તૂટી પડયા છે, કોણ કોને હિમ્મત આપે? બધાંજ  નોધારા અને નાહિંમત થઇ ગયા છે. શિથિલ તન અને મન સાથે સર્વે પૂજ્ય શ્રી લીલામાસી પાસે આવે છે. સર્વેને હૃદયના ઊંડાણમાં તેવી સાંત્વના છે કે, “આપણા માં સમા પૂજ્ય શ્રી લીલામાસી તો હજુ દર્શનીય છે. તેમની પાસે હૈયું ઠાલવશું.” પરંતુ પૂજ્ય શ્રી લીલામાસીને તો તેવી કોઈ સાંત્વના નથી. તેમના આંતર -મનની વિહ્વળતા કઈંક આવીજ છે:

**મારા પ્રાણજીવન, આવડલું અમ સાથે રે કહો કેમ કીધું;**
**પહેલાં પિયુષ પાઇ, વ્હાલમજી વાંસેથી વિખડું દીધું. ટેક.**
**વ્હાલા જેઠ માસે જીવન મારા રે, મેલી મંદિરને ચાલ્યા બા’રા રે;**
**કર્યા ઉપવન જઇ ઉતારા રે. મારા૦ ૧**
**જાણ્યું અખંડ ભેળાં રહેશું અમે રે, લેશું સુખ ઘણું સમે સમે રે;**
**ત્યાં તો તરછોડી ચાલ્યા તમે રે. મારા૦ ૨**
**વ્હાલા નેક નોધારાં નાખી અમનેરે, નોતું ઘટતું નાથ જાવા તમને રે;**
**નાખી અમપર વેળા વિખમને રે; મારા૦ ૩**

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

**વ્હાલા તમ વિના ધીરજ કેમ ધરિયે રે, વણ દીઠે વ્યાકુળ થઈ ફરિયે રે;**
**નાથ નિષ્કુળાનંદના આવું નવ કરિયે રે. મારા૦ ૪**

ત્યાં તો બીજે જ દિવસે પૂજ્ય શ્રી લીલામાસીને પૂજ્ય શ્રી નારાયણમામા દર્શન દે છે અને પાણી માગે છે અને તે પાણી ગ્રહણ પણ કરે છે. આ રીતે પૂજ્ય શ્રી નારાયણમામા જણાવે છે કે "વિચરું સદા સત્સંગમાં ને હું તો નથી ગયો દૂર દેશ રે....."

## વૃત્તવર્ણન

૨૦ સપ્ટેમ્બર ૧૯૯૭ના આશરે ચારેક માસ પહેલાં પૂજ્ય શ્રી નારાયણમામા અજ્ઞાતવાસમાં જતાં રહ્યાં હતાં. અનેક ભાવિક હરિભક્તોને મુલાકાતો આપી, તેમની પ્રાર્થનાઓ કરી, તેમજ અનેકના પ્રારબ્ધ પોતાની ઉપર લઇ લેવાથી પૂજ્ય શ્રી નારાયણમામાનું શરીર થોડું ક્ષીણ થયું હતું. પૂજ્ય શ્રી લીલામાસી તથા સેવકોની વિનંતીથી તેમણે અજ્ઞાતવાસ સ્વીકાર્યો હતો. ત્યાર પહેલાથી જ તેમને અનેક લોકોને તેમ જણાવવાનું શરુ કરી દીધું હતું કે જાણે આ બધી તેમની છેલ્લી લીલાઓ છે. સર્વમંગલ સોસાયટીમાં સર્વેને ઘરે આરતી ઉતારી, દર્શને આવેલ હરિભકતોને ૧૯૯૭ની શરૂઆતથી જ છેલ્લી ભલામણો કરી દીધી હતી. કોઈને ત્યારે તો ખ્યાલ નહતો આવતો. પણ પછી ખબર પડી કે આ તો તેમની છેલ્લી ભલામણો હતી. ૨૦ સપ્ટેમ્બર બે માસ પહેલાં ૧ સર્વમંગલ સોસાયટી અને તેની આજુ-બાજુ ચંદનની વૃષ્ટિ શરુ થઇ ગઈ હતી. તે ચંદન અનેક લોકોએ ભેગું પણ કર્યું હતું. ૧૫ સપ્ટેમ્બરે તેઓ રુગ્ણાલય ગયા. ત્યારે પૂજ્ય શ્રી લીલામાસીની તબિયત સારી ન હોઈ તેમને ઘરે રહેવાનું કહી પોતે સેવકો સાથે રુગ્ણાલય ગયાં. ત્યાં પહોંચ્યા બાદ પણ પૂજ્ય શ્રી લીલામાસીને ફોન પર કહ્યું કે, "હું ૧-૨ દિવસમાં પાછો આવી જઈશ. તમે તમારી તબિયતનું ધ્યાન રાખજો." કોઈને જણાવા ન દીધું કે તેઓ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

મંદવાડને આ વખતે રજા નથી આપવાના અને પોતે ઊંડા ઉતરી ગયા. પૂજ્ય શ્રી લીલામાસી આવ્યા ત્યારે થોડી વાર આંખો ઉઘાડી તેમની સામે જોઈ ફરી પાછા ઊંડા ઉતરી ગયા. પછી ૨૦ સપ્ટેમ્બરે દેહ-વિલયની લીલા કરી, ૧૨:૨૫ પાર્થિવ દેહનો ત્યાગ કર્યો.

પૂજ્ય શ્રી નારાયણમામા ૧૯૯૧માં હરિભક્તોએ પ્રાર્થના કરી લીલા સંકેલતા રોક્યા બાદ એક વખત કહેતા હતા કે, "શ્રીજીમહારાજ અને તેમના અનાદિ મુકતો, જેટલું મનુષ્ય દેહમાં રહી કામ કરે તેના કરતાં અનેક ગણું કામ અનેક ગણી ઝડપથી દિવ્યરૂપે કરી શકે છે અને કરે છે." આમ આજે પણ જેમ શ્રીજીમહારાજ પ્રત્યક્ષ છે તેમ તેમના અનાદિ મુકતો પણ પ્રત્યક્ષ છે. તેમને જવું આવવું નથી. આજે પણ જે ખરા ભાવથી પૂજ્ય શ્રી નારાયણમામાને સંભારે છે તેની પ્રાર્થના તથા વાત પૂજ્ય શ્રી નારાયણમામા જરૂર સાંભળે છે.

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

# પ્રકરણ ૧૨ - પૂજ્ય શ્રી નારાયણમામાશ્રી

## પ્રસંગ

આશરે ૧૯૯૦-૧૯૯૧નું વર્ષ છે. એક હરિભક્ત પોતાના કુટુંબની એક દીકરી વિષે પૂજ્ય શ્રી નારાયણમામાને પ્રાર્થના કરી રહ્યા છે, "મામા, તે દીકરી બહુ હોંશિયાર છે અને મહેનત કરે છે. તમારે વિષે ભાવ પણ ખૂબજ છે. તેને વિશ્વવિદ્યાલયમાં (Universityમાં) સુવર્ણ ચંદ્રક (Gold Medal) મળે તેવા આશીર્વાદ આપજો." પૂજ્ય શ્રી નારાયણમામા કહે છે, "તે દીકરીને કહેજો કે 'સખત પરિશ્રમને બીજો કોઈ વિકલ્પ નથી. There is no substitute for hard work.' મહારાજ બધું સારું કરશે." તે હરિભક્ત તે દીકરીને આ વાત જણાવે છે. દીકરીને પૂજ્ય શ્રી નારાયણમામાને વિષે ખૂબજ ભાવ છે. પૂજ્ય શ્રી નારાયણમામાના તે વાક્યને તે પોતાના દરેક પુસ્તક અને ફાઈલ પર લખી લે છે અને સખત પરિશ્રમ કરે છે અને તેને તે ડિગ્રીમાં સુવર્ણ ચંદ્રક (Gold Medal) મળે છે.

## વૃત્તવર્ણન

આજના યુગમાં એક અંગ્રેજી કહેવત ખૂબ પ્રચલિત છે, "Work smart, not hard." તેનો અનુવાદ થાય "ચાલાકીથી કામ કરો, અતિ મહેનત ન કરો." તે કહેવત થોડી બદલવાની જરૂર છે, "Work smart and hard." જેનો અનુવાદ થાય "ચાલાકી અને મહેનતથી કામ કરો." અથવા "ચાલાકીથી મહેનત કરો." કારણ કે પરિશ્રમને અન્ય કોઈ વિકલ્પ નથી. મહેનત વગર મેળવેલ વસ્તુ, સુખ, સિદ્ધિ કે સફળતા જેટલી ઝડપથી આવે છે તેટલી જ ઝડપથી જાય છે અથવા તો આંતરિક વિકાસમાં મદદરૂપ થતી નથી. એક જ વાક્ય, "સખત પરિશ્રમને બીજો કોઈ વિકલ્પ નથી"માં કેટલું બધું વ્યાવહારિક તેમજ આધ્યાત્મિક જ્ઞાન સમાયેલું છે!

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

તેવી જ રીતે એક વખત એક હરિભક્ત ભાઈએ પોતાની નોકરી છોડવાના વિચાર વિષે પૂજ્ય શ્રી નારાયણમામાના આશીર્વાદ માગ્યા, “મામા! આ નોકરીમાં બહુ સંતોષ નથી. મને થાય છે કે હું આ નોકરી છોડી દઉં અને પછી બીજી નોકરી શોધું. તમે મને આશીર્વાદ આપો કે આ નોકરી છોડયા બાદ મને બીજી નોકરી મળી જાય.” પ્રત્યુત્તરમાં પૂજ્ય શ્રી નારાયણમામા કહે છે, “આપણો એક પગ હવામાં અધ્ધર હોય ત્યારે બીજો પગ ઉપાડી ન લેવાય.” એક જ વાક્યમાં કેટલું બધું કહી દીધું!

એક અન્ય પ્રસંગે એક હરિભક્ત પોતાની વિદેશમાં રહેતી દીકરીને આર્થિક સુખ થાય તે માટે પોતાની ઓળખાણ દ્વારા જમાઈને વિદેશમાં નોકરી અપાવા વિષે પૂછતાં પૂજ્ય શ્રી નારાયણમામા કહે છે, “તમારા ઓળખીતાનું તમારે અને તમારી દીકરીએ obligation લેવું પડે. A Mukta always obliges. A Mukta never gets obliged (મુક્ત ઉપકાર કરે છે. ઉપકાર લેતા નથી).” ફરીવાર એક જ વાક્યમાં જીવનના સાર સમી વાત કહી દીધી!

પૂજ્ય શ્રી નારાયણમામા એક પૂર્ણ અનાદિ મુક્ત, ખરા ૩૨ લક્ષણા સંત હતાં. તેથી તેમની વાતોમાં ન માત્ર આધ્યાત્મિક જ્ઞાન હતું પણ દુન્યવી જીવનમાં ઉપયોગી જ્ઞાન પણ હતું. તેમની આપેલી વ્યાવહારિક સલાહ હાલની પરિસ્થિતિમાં સીમિત ન હોઈ, દૂરંદેશી હતી. કયા જીવનું શ્રેય અને પ્રેય શેમાં સમાયેલું છે તે સર્વે તેમને હસ્તામળ હતું. તેથી જીવનું જેમ હિત થાય તેમ પૂજ્ય શ્રી નારાયણમામા કરતા. અતિ દયાળુ સ્વભાવ અને કોઈનું દુઃખ જોઈ ન શકે. તુરત શ્રીજીમહારાજને પ્રાર્થના કરે, મીઠાં વચને આશ્વાસન આપે, પરિસ્થિતિથી પર થતા શીખવાડે, ક્ષમ્ય તેટલા ભૂતકાળમાં થયેલા અપરાધો ક્ષમા કરાવે અને ઘણી વખત તે જીવના પ્રારબ્ધ પોતા ઉપર પણ લઇ લે. ભવિષ્ય ભાખનાર ઘણા હોય. સચોટપણે

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

ભવિષ્ય ભાખનાર ઓછા હોય અને ભવિષ્ય બદલી નાખનાર તો પૂજ્ય શ્રી નારાયણમામા જેવા કોક જ હોય.

પૂજ્ય શ્રી નારાયણમામાનો શરીરનો બાંધો સુદ્રઢ અને પોતે ખૂબ જ સરળ અને સાદા. હમેંશા શ્વેત વસ્ત્રો જ ધારણ કરે. ધોતિયું અને ઝભ્ભો અને ખાદીની ટોપી. પગમાં સ્લીપર. અન્ય કોઈ વસ્તુ ધારણ કરેલી ન હોય. પરંતુ તે સાદગીનો એવો તો પ્રભાવ પડે કે મોટા ઉદ્યોગકારો તેમની સામે આપ-મેળે જ નતમસ્તક થઈ જાય, હાથ આપોઆપ જોડાય જાય. સરળ સ્વભાવ. સદાય દિવ્યાનંદમાં મગ્ન. મુખાકૃતિ પર દિવ્ય સુખનું સ્મિત રમતું જ હોય. તેમનું વ્યક્તિત્વ એટલું બધું શીતળ અને શાંત કે દર્શન માત્રે શાતા વળી જાય અને શાંતિ થઇ જાય.

મૂર્તિમાન શુદ્ધિ એટલે પૂજ્ય શ્રી નારાયણમામા. બાહ્ય શુદ્ધિ, રહેઠાણ શુદ્ધિ, આંતર-શુદ્ધિ, આચાર શુદ્ધિ, વિચાર શુદ્ધિ, વ્યાવહારિક શુદ્ધિ, વહીવટ શુદ્ધિ, ધન શુદ્ધિ, નૈતિકતા, પ્રમાણિકતા, બ્રહ્મચર્ય પાલન, દયાભાવ, કૃપાળુપણું, વિનમ્રતા, વ્યવસ્થિતતા, આવા અનેકાનેક ગુણ પૂજ્ય શ્રી નારાયણમામામાં હતા.

## પ્રસંગ

એક ઉંમર થયેલ હરિભક્તને ઘરે આજે પૂજ્ય શ્રી નારાયણમામા અન્ય બે હરિભક્તો સાથે પધાર્યા છે. દાદરો ચઢી જ્યાં તેમના ઓરડામાં પ્રવેશ કરવા જાય છે ત્યાં તો તે વડીલ હરિભક્ત પૈસા ગણી રહ્યાં છે. સાથે આવેલા બે હરિભક્તોમાંના એકના મુખમાંથી ઉદ્દગાર સરી પડે છે, “હજુ પૈસાનો વ્યવહાર છૂટતો નથી.” પૂજ્ય શ્રી નારાયણમામા કહે છે, “શ્રીજીમહારાજના હરિભક્તોમાં જાણ્યા વગર સંકલ્પ ન કરવા.” ઓરડામાં પ્રવેશ કરે છે ત્યાં તો તે વડીલ હરિભકત પોતાનો હિસાબ પતાવી લે છે

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

અને પૂજ્ય શ્રી નારાયણમામાને કહે છે, “હવે મારો બધો વ્યવહાર પતી ગયો. હવે કહો મને ક્યારે ધામમાં તેડી જશો?” સદાય સામર્થ્ય ઢાંકીને વર્તવાવાળા પૂજ્ય શ્રી નારાયણમામા કહે છે, “હું શ્રીજીમહારાજને પ્રાર્થના કરીશ.”

“ના. તેમ નહિ. તે જવાબ અન્ય માટે છે. હું તમારું સામર્થ્ય અને પ્રતાપ જાણું છે. મને તો તમે પાકું કહો ક્યારે લઈ જશો.” આમ થોડી વાર આપ-લે પછી પૂજ્ય શ્રી નારાયણમામા કહે છે, “સારું તમને ધામમાં તેડી જઈશું.”

એટલે તે વડીલ હરિભક્ત કહે છે, “સારું આવતી કાલે ગુરુવાર છે ત્યારે તેડી જાઓ.” પૂજ્ય શ્રી નારાયણમામા કહે છે, “કાલે મને નવરાશ નથી.”

“તો રવિવારે લઈ જાઓ.” પૂજ્ય શ્રી નારાયણમામા  કહે છે, “ભલે રવિવારે તેડી જઈશું. બધાંને રજા હોય એટલે નવરાશ હોય.”

તેમ તે વડીલ હરિભક્તને ધામમાં જવાનો દિવસ નક્કી કરી પૂજ્ય શ્રી નારાયણમામા અને સાથે આવેલ બંને હરિભક્તો થોડીવારે ત્યાંથી નીકળી જાય છે. સોમવારે સાથે આવેલ બે હરિભકતોમાંના એક પૂજ્ય શ્રી નારાયણમામાના દર્શને ફરી આવે છે ત્યારે પૂછે છે, “તમે પેલા વડીલ હરિભક્તને ગઈ કાલે ધામમાં મૂકી દીધા?” પૂજ્ય શ્રી નારાયણમામા કહે છે, “હા મૂકી દીધાં.” તે હરિભક્ત ફરી પૂછે છે, “તેમના એવા તો શું સરસ ભાગ્ય હશે કે તેઓ તમારી સાથે મુસાફરીમાં જવાની વાત કરતાં હોય તેમ ધામમાં જવાની વાત કરતાં હતા?” પૂજ્ય શ્રી નારાયણમામા કહે છે, “તેઓ નાના બાળક હતાં ત્યારે શ્રી અબજી બાપાશ્રીએ સરસપુરમાં તેમને પોતાના ખભે ઊંચક્યા હતાં. જેમને શ્રી અબજી બાપાશ્રી જેવા સ્વતઃસિદ્ધ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

અનાદિ મુક્તરાજે પોતાના ખભે ઊંચક્યા હોય તે કંઈ જેવા-તેવા હોય? તેમનું તો આત્યંતિક કલ્યાણ થઈ જ ગયું હોય અને તેમને આ રીતે દિવસ નક્કી કરવાનો હક્ક પણ હોય." તે હરિભક્ત પૂજ્ય શ્રી નારાયણમામાના દિવ્ય સામર્થ્ય, પ્રતાપ અને પ્રભાવને નતમસ્તક થઈ ગયા છે અને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી આશીર્વાદ લે છે.

## વૃત્તવર્ણન

આપણા લાડીલા, આપણી સાથે આપણા થઈને રહેતા, પૂજ્ય શ્રી નારાયણમામામાં આવું અજબનું સામર્થ્ય હતું. આધ્યાત્મિક દૃષ્ટિએ પૂજ્ય શ્રી નારાયણમામા શ્રીજીમહારાજના પૂર્ણ અનાદિ મુક્ત હતા. શ્રીજી મહારાજની મૂર્તિમાં સળંગ રહી રસ-બસ ભાવે સુખ લેતા અનાદિ મુક્ત. શ્રીજીમહારાજની મરજીથી પૃથ્વી પર માત્ર મુમુક્ષુઓના આધ્યાત્મિક અભ્યુદય માટે પધારેલ અનાદિ મુક્ત. શ્રીજીમહારાજની સર્વોપરિતાનું અનુમોદન કરતાં અનાદિ મુક્ત. મુમુક્ષુઓની અલ્પ સેવાથી રાજી થઇ તેમને મૂર્તિના સુખના અધિકારી બનાવતા અનાદિ મુક્ત. મુમુક્ષુઓને ધ્યાન કરવાની કળા શીખવતા અનાદિ મુક્ત. મુમુક્ષુઓના અનંત જન્મના પ્રારબ્ધ કર્મ ઉડાડી મુકતા અનાદિ મુક્ત. હરિભક્તોને જીવન જીવવાની કળા શીખવતા અનાદિ મુક્ત. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણી ગ્રંથના આરંભમાં પ્રકરણ 2માં વર્ણવેલ સંતના ગુણયુક્ત અનાદિ મુક્ત:

**ભક્તચિંતામણી પ્રકરણ 2**

**સર્વે સંત સુજાણને, હું પ્રથમ લાગી પાય;**
**આદરું આ ગ્રંથને, જેમાં વિઘન કોઈ ન થાય. ૧**
**સંત કૃપાએ સુખ ઊપજે, સંત કૃપાથી સરે કામ;**
**સંત કૃપાથી પામીએ, પૂરણ પુરુષોત્તમ ધામ. ૨**
**સંત કૃપાએ સદ્‌મતિ જાગે, સંત કૃપાથી સદ્‌ગુણ;**

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

સંત કૃપા વિના સાધુતા, કહોને પામ્યા કુણ. ૩
સંત સેવ્યા તેણે સર્વ સેવ્યા, સેવ્યા શ્રીહરિ ભગવાન;
ઋષિ મુનિ સેવ્યા દેવતા, જેણે સંત કર્યા રાજી મન. ૪
જપ તપ તીર્થ વ્રત વળી, તેણે કર્યા યોગ યગન;
સર્વે કારજ સારિયું, જેણે સંત કર્યા પ્રસન્ન. ૫
એવા સંત શિરોમણિ, ઘણી ઘણી શું કહું વાત;
તેવું નથી ત્રિલોકમાં, સંત સમ તુલ્ય સાક્ષાત્. ૬
કામદુઘા કલ્પતરુ, પારસ ચિંતામણિ ચાર;
સંત સમાન એ એકે નહિ, મેં મનમાં કર્યો વિચાર. ૭
અલ્પ સુખ એમાં રહ્યું, મળી ટળી જાય છે એહ;
સંત સેવ્યે સુખ ઊપજે, રહે અખંડ અટળ એહ. ૮

ચોપાઇ

એવા સંત સદા શુભમતિ, જક્ત દોષ નહિ જેમાં રતિ;
સૌને આપે હિત ઉપદેશ, એવા સંતને નામું હું શીષ. ૯
સદ્‌ગુણના સિંધુ ગંભીર, સ્થિરમતિ અતિશય ધીર;
માન અભિમાન નહિ લેશ, એવા સંતને નામું હું શીષ. ૧૦
અહંકાર નહિ અભેદ ચિત્ત, કામ ક્રોધ લોભ મોહ જિત;
ઇન્દ્રિય જીતી ભજે જગદીશ, એવા સંતને નામું હું શીષ. ૧૧
નિર્ભય બ્રહ્મવિત પુનિત, ક્ષમાવાન ને સરલ ચિત્ત;
સમર્થ સત્યવાદી સરેશ, એવા સંતને નામું હું શીષ. ૧૨
તેજે તપે યશે સંત પૂરા, જ્ઞાનવાન શુદ્ધબોધે શૂરા;
શુભ શીલ સુખના દાનેશ, એવા સંતને નામું હું શીષ. ૧૩
કરે પવિત્ર અન્ન જોઈ આહાર, સારી ગિરા સમભાવ અપાર;
નહિ અનર્થ ઈર્ષ્યા કલેશ, એવા સંતને નામું હું શીષ. ૧૪
ભક્તિ વિનય દ્રઢ વિચાર, આપે બીજાને માન અપાર;
અતિ પવિત્ર રહે અહોનિશ, એવા સંતને નામું હું શીષ. ૧૫

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

શમ દમાદિ સાધને સંપન, બોલે મળીને મન રંજન;
શ્રુતવાનમાં સૌથી સરેશ, એવા સંતને નામું હું શીષ. ૧૬
આનંદિત આત્મા છે આપ, નિર્લેપ નિર્દોષ નિષ્પાપ;
અશઠ અસંગી ક્ષમાધીશ, એવા સંતને નામું હું શીષ. ૧૭
સંશયહર્તા ને કલ્યાણકર્તા, વળી વેદ પુરાણના વેત્તા;
કોમળ વાણી વાચાળ વિશેષ, એવા સંતને નામું હું શીષ. ૧૮
સારી સુંદર કથા કહે છે, અલુબ્ધાદિ આત્મા રહે છે;
વળી પરદુઃખ હરે હંમેશ, એવા સંતને નામું હું શીષ. ૧૯
કામ દ્રવ્ય ને માન છે જેહ, તેહ સારુ નથી ધાર્યો દેહ;
જ્ઞાન વૈરાગ્ય ઉરે અશેષ, એવા સંતને નામું હું શીષ. ૨૦
સદા સ્મરણ ભજન કરે, વળી ધ્યાન મહારાજનું ધરે;
એવે ગુણે મોટા જે મુનીશ, એવા સંતને નામું હું શીષ. ૨૧
સાવધાન લજ્જાવાન ખરા, લોક આચરણ ન જુવે જરા;
મોટી બુદ્ધિ શુદ્ધિ છે વિશેષ, એવા સંતને નામું હું શીષ. ૨૨
કરે કારજ કળીમળ ધોય, લાભ અલાભે સ્થિરમતિ હોય;
ડાયા જાણે કાળ વળી દેશ, એવા સંતને નામું હું શીષ. ૨૩
સુણી પારકા દોષને દાટે, તે જીવના રૂડા થવા માટે;
ઉરે અધર્મનો નહિ પ્રવેશ, એવા સંતને નામું હું શીષ. ૨૪
અચપળતા અચિરકાલી, ધ્રાય ને ધ્યાને મૂરતિ ભાળી;
સદાગ્રહમાં રહે અહોનિશ, એવા સંતને નામું હું શીષ. ૨૫
કૃપાળુ ને પરઉપકારી, જ્ઞાન દાનથી ન જાય હારી;
કેની નિંદા દ્રોહ નહિ લેશ, એવા સંતને નામું હું શીષ. ૨૬
સગા સૌના શીતળતા અપાર, નિર્વિકારી ને લઘુ આહાર;
શરણાગતના દાતા હંમેશ, એવા સંતને નામું હું શીષ. ૨૭
દગો નહિ સંગ્રહરહિતા, વિવેકી વિચાર ધર્મવંતા;
સદા પવિત્ર ને શુભવેષ, એવા સંતને નામું હું શીષ. ૨૮

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

રાખ્યું બ્રહ્મચર્ય અષ્ટ અંગ, અતિ તજ્યો ત્રિયાનો પ્રસંગ;
પંચ વિષય શું રાખ્યો છે દ્વેષ, એવા સંતને નામું હું શીષ. ૨૯
એવા સદ્‌ગુણના છે ભંડાર, સર્વે જનના સુખદાતાર;
અજ્ઞાન તમના છે દિનેશ, એવા સંતને નામું હું શીષ. ૩૦
એવા સદ્‌ગુણે સંપન્ન સંત, કરો કૃપા મું પર્ય અત્યંત;
ગાઉં મહારાજના ગુણ વળી, કરજ્યો સહાય તમે સહુ મળી. ૩૧
વળી વંદુ હરિજન સહુને, આપજ્યો એવી આશિષ મુને;
હેત વાધે હરિ યશ કહેતાં, એવી સૌ રહેજ્યો આશિષ દેતાં. ૩૨
અલ્પ બુદ્ધિએ આદર્યો ગ્રંથ, નથી પૂરો કરવા સમર્થ;
માટે સ્તુતિ કરું છું તમારી, કરજ્યો સહુ મળી સહાય મારી. ૩૩
કરી વિનંતિ વારમવાર, હવે કરું કથાનો ઉચ્ચાર;
હરિયશ કહેવા હરખ્યું છે હૈયું, કહ્યા વિના જાતું નથી રૈયું. ૩૪
ઇતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદ સ્વામી શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે કવિએ સ્તુતિ કરી એ
નામે બીજું પ્રકરણ. ૨

તેવા સંતને નામું હું શીશ... આપણી પૂજ્ય શ્રી નારાયણમામાના જીવનની યાત્રા અહીં પુરી થાય છે. જેને તેમનો વાયરો સ્પર્ષીને ગયો તેના અહોભાગ્ય! જેણે તેમને ઓળખ્યા તેના અહોભાગ્ય! જેને તેમની વાણી સાંભળવા મળી તેના અહોભાગ્ય! જેને તેમને પ્રાર્થના કરવાની તક મળી તેના અહોભાગ્ય! જેઓને તેમને પ્રશ્નો પૂછવાનો લહાવો મળ્યો તેના અહોભાગ્ય! જેને તેમની સાથે આધ્યાત્મિક ચર્ચા કરવાનો અવસર મળ્યો તેના અહોભાગ્ય! જેણે તેમને જમાડયા તેના અહોભાગ્ય! જેણે તેમને સેવ્યા, તેના અહોભાગ્ય! જેઓને તેમનું સાનિધ્ય-સેવા-સમાગમનું સુખ પ્રાપ્ત થયું તેના અહોભાગ્ય! જેને તેમની સાથે સ્નેહ અને ભાવ થયો, તેના અહોભાગ્ય! જેણે તેમને આ જીવન ઝરમર દ્વારા જાણ્યા તેમના પણ

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

અહોભાગ્ય, કારણકે પૂજ્ય શ્રી નારાયણમામા પૂર્ણ અનાદિ મુક્ત હતાં અને તેમના જેવા અનાદિ મુક્ત મૂર્તિનો માર્ગ મોકળો કરી આપે છે.

ભક્તચિંતામણીના આ પ્રકરણમાં નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યાં પ્રમાણે પૂજ્ય શ્રી નારાયણમામાની જીવન ઝરમરની રજૂઆતમાં કઈંક ત્રુટિ રહી ગઈ હોય તો શ્રોતા વર્ગ પાસે ક્ષમા યાચના છે. શ્રીજી મહારાજ, શ્રી અબજી બાપાશ્રી, પૂજ્ય શ્રી નારાયણમામા, પૂજ્ય શ્રી લીલામાસી તથા અનંત અનાદિ મુક્તોની કૃપા તથા રાજીપો સદૈવ આપણા સર્વે પર વરસતા રહો તેજ અભ્યર્થના!

**શ્રીપતિમ્ શ્રીધરમ્ સર્વદેવેશ્વરં; ભક્તિધર્માત્મજં વાસુદેવં હરીમ્**
**માધવમ કેશવમ કામદમ કારણં; શ્રી સ્વામિનારાયણમ્ નિલકંઠમ્ ભજે**

Copyright © NarayanLeela.org 2020-present. All Rights Reserved.

એવી સુખમય મૂર્તિમાં જ રહે છે,
મુકતો અનાદિ ઘણા;
પય મિસરીવત્ પ્રેમપૂર્ણ રાચે,
એ સુખ મહીં ના મણા

પ્રકાશક: narayanleela.org